દ્વિત્રિયા પતિ દુઃખી.

અથવા

બે સ્ત્રીઓ પરણવાથી નીપજતાં
માઠાં પરિણામ.

[નૌતમ નોવેલ.]

પ્રસિદ્ધ કરનાર
શા. ભીખાભાઇ અમરચંદ બુકસેલર.

સોલ એજંટ.
મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે
ત્રણદરવાજા—અમદાવાદ.

અમદાવાદ
"એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટીંગ પ્રેસ" માં
નથુભાઇ રતનચંદ માસ્તરીયાએ છાપ્યું.

સંવત ૧૯૬૩ સને ૧૯૦૭

શ્રી પરમાત્માય નમઃ

દ્વિત્રિયા પતિ દુખી.

કલ્પિત નૌતમ નૉવેલ.

" અર્ધરાતની લઢાઇ."

આ શિયાળાની મીઠી ઉંઘની મધ્ય રાત્રીએ ગાળો રૂપી ળી ગોળાનો વરસાદ કયાં વરશી રહ્યા છે ?

નગરવાશી ઉદ્યોગના પરીશ્રમથી એસાયસ લેવા સર્વે ાંત ગયા હતા, ધરતી માતાએ અંધાર પછેડો હોડી ર્વે સ્થળ શ્યામ બનાવી દીધું હતું, દીશાઓ શુન્ય થઇ ગ- ી હતી, તારાઓ એક પછી એક આકાશમાં ઉદ્યોત કરવા ાગ્યા હતા, પવનના સુસવાટાથી ઝાડનાં ડાળાં પાંદડાં ખ- ભલાટ કરી કાયર જનોના હૃદય કંપાવી રહ્યાં હતા. રાત્રી મસમાટ કરતી પોતાનો શતરૂ સુર્ય પકડી પાડશે એવી ાસ્તીથી મુઠીઓવાળી નાઠી જતી હતી; રાત રાજા (ધુવડ) ોતાના શતરૂ સુર્યનો નાશ થયો જાણી ઝાડની બખોલમાંથી હાર આવી પોતાનો શિકાર શોધવા મંડી પડયા હતા. સ- ીતા પોતાના પતિ સમૂદ્રને મળવાની ઉત્કંઠાએ અતી વેગ- ી અથડાતી પછડાતી કાનને બેહેર મારતી પુર જોશમાં આ ી જતી હતી. નિશાચરો ગ્રહસ્થોના ઘર ફાડવા હાથમાં હ- થીઆરો લઇ વેશ બદલી આમ તેમ આડા દોડીઅ આંટા લઇ રહ્યા હતા, જારી પુરૂષો એક પછી એક પોતાની મન મોહનીને મળવાને ટાંપી રહેલા ભભકાદાર પોશાક પેહેરી ઉં ઘેલાઓનો લાભ લઇ સરીઆમ રસ્તાપર નિડર થઇ ચાલ્યા જતા હતા, વળી વ્યભીચારણી સ્ત્રીઓ પોતાના યારની વાટ જોતી નિચલા દ્વાર ખુલ્લાં મુકી ઝરૂખામાં ઉભી ખુંખાર શ- બ્દ કરી રહી હતી. વળી નગ્ર રક્ષકો જાગતા રહીઓ જાગતા રહીઓ એવા મ્હોટા ઘાંટા કાઢી હાથમાં ચળકતા મોટા ભા-

લા લઈ આમ તેમ ભટકી સોર મચાવી રહ્યા હતા અને ચો-ઘડીયાં વાગતાં બંધ રહી ઢં ઢં ઢં એવો નગારામાંથી વાગતો ઘોર શબ્દ ગાજી રહ્યો હતો.

વાંચનાર આટલી મધ રાત્રીએ કેવા ભાગ્યશાળીઓના મુખમાંથી ગુલાબના ખરતા ફુલની સુગંધીનો સુવાસ બેહેકી રહ્યો હશે ?

આહા ! તેતો દેવળ પાસેના એક ભવ્ય મકાનના ત્રીજા મજલાની બારીમાંથી પૂર જોસમાં હવા સાથે અથડાઇ આ-પણી ગમ આવતો હતો.

આવું સુંદર મકાન કોનું હશે ? આ "નોત્તમપુરી" માં આના જેવું બેઠી બાંધણીનું મકાન એક પણ નીહાળવામાં આવતું નહોતું.

ઘરની ત્રણ બાજુએ બાગ બનાવવામાં આવેલો હતો અને ફરતા ફુવારા મુકેલા હતા, મોં આગળ ચોકઠું કાઢી એક ખુલ્લી ગચ્છી હવા ખાવા સારૂ કાઢેલી હતી, ચોકઠાની સામે બાજુના દરવાજેથી મકાનમાં પ્રવેશ કરાતો હતો. પથ્થરની સીડી પસાર કરી ઉપર જવાને એક લોખંડની ગોળ સીડી ગોઠવવામાં આવેલી હતી, ઘર તરેહવાર ઈગ્લીશ રંગથી રં-ગવામાં આવેલું હતું, છજાં, ઝરૂખા અને બારી બારણાની તો કાંઈ બાકીજ રહી નહોતી. આવાં સુશોભીત ઘરમા શાંતી બાઇ તો સોડ તાણીનેજ સુતાં હતાં, અને કળહભાઇ આમ તેમ ઉછાળા મારી રહ્યા હતા. બીજા મજલા સુધી એક પણ માણસની હીલચાલ માલમ પડતી નહોતી, આખરે ઉંચું જોયું તો બીજા મજલાની એક બારીના ઓરડાની અંદર કેરો-સીન તેલનો એક દીવો ઝળકાટ મારી રહ્યો હતો, અને સુ-ચવતો હતો કે, કજીઆભાઈએ તો આ સ્થળેજ નિવાસ કર્યો છે.

અંદરની બાજુએ ઘોંઘાટ સાથે એક સ્ત્રી અને પુરૂષ બંને ગેબી ગોળાના ગોળા ગબડાવી રહ્યા હતા, તેટલામાં સ્ત્રી સિંહણની પેઠે છલંગ મારી બારી આગળ આવી બોલી.

સ્ત્રી–લે રડયા આ હું તને જીવ આપું બ્હારીએથી પડતું મુકીને મરૂં છું પછી સવારે તેનો સ્વાદ જોજે, શુળીએ ના ચઢાવુ તો મારૂ નામ રૂપાળી શાની?

પુરૂષ–રાંડ શંખણી તું એક દહાડો લીલુતો એવુંજ વાળવાની છું પણ અત્યારે તો મને બળ્યો ઝળ્યો પડી રહેવા દે રાંડ અભાગણી અંદર આવ્ય, નહીતો હમણાં ટાંટીઓ ઝાલી પછાડું છું રાંડે રોજ ડરાવી ડરાવીને મારી નાંખ્યા ? એક દહાડો એનું કાળું કરતી હોય તો નીરાંત થાય.

સ્ત્રી–લે મારા રડ્યા માર જોઇએ, આઘો આવે તો હૈડીઓજ ચુસી લઉં.

પુરૂષ–રાંડ કુતરી તારી જીભ કેમ તુટી પડતી નથી, તારી માએ ને તને શું ખાઇ જનમ આપ્યો છે, અવળચંડી રાંડ, માબાપોનું કુળ બોળવા બેઠી છે, તારા બાપને કુવો હવાડો કાંઈ મળ્યું નહીં તે મારે કર્મે લાવી પછાડી.

સ્ત્રી–ભોગ તારા રડ્યા આંધળો હતો, કોણ તારે ઘેર ખોળા પાથરવા આવ્યું હતું કે પરણવા આવજે.

પુરૂષ–ભોગ તારા બાપના રાંડ બોડી, માંથા મુંડી, મને ફાંગડામાં નાંખનારનું ને તારા બાપનું સત્યાનાશ જજો.

સ્ત્રી–પાઘડી બળ્યા જીભડી સંભાળીને કાઢજે, નહીતર જીભડીજ તાણી લઇસ, મારો બાપ તારે ઘેર કયારે કાણુ કરવા આવ્યો હતો તે બાપ સુધી ગાળો દેઉછું.

પુરૂષ–પાઘડી બાળ તારા ભાઇની રાંડ, હવેથી જો એ માધવલાલના ઘરમાં જતી જાણી છે તો, ખાલજ ખેંચી કાઢીશ રાંડને નવનવા માંટી કરવા ને ઘર તો માંડવુંજ નહીં.

સ્ત્રી–જાજા રડ્યા તારૂ ઘર હું કદી માંડવાની નથી તારાથી થાય તે કરી નાંખજે, જે જે ઘેર જઉછું ત્યાંતો જવાની જવાની ને જવાનીજ, રોયાને રોટલા તો પુરા મળતા નથી ને શેખાઇ તો બાર ગામની મારે છે?

પુરૂષ–રાંડ ફરંદી ! હું તારો સઘળો પ્રપંચ પામી ગયો છું. મારી પાસેથી ખરચ લેવું છે ને આખા ગામમાં ઘર ગણવાં છે; ખરચને બદલે તો તારા કપાળમાં ડાહામ દેવાના નથી, તે તારા દીલમાં ખાતર જમાં રાખજે.

સ્ત્રી–કરમકુટ્યા તને કમાતાં જોર આવતું હતું ને ખરચ ન્હોતું આપવું તો શું જોઇને ગધાડે ચડી ગામમાં ફરી પારકી છોડીને પરણવા આવ્યો હતો?

પુરૂષ—રાંડ કરકશા તારી કાતરડી આટલી બધી કેમ વધારી દીધી છે, રંડા તેના ફળ તને મળે તે તું જોજે, કાલ સવારમાં તારા ઉપર તારા મોંમાં થુંકે તેવી શોકય આવીને ઉભી રહે છે કે નહીં?

સ્ત્રી-રડ્યા અભાગીઆ શોકય શોકય કરી કોને બીવરાવે છે. તારા કપાળમાં કોઇ ડાહામ દેતું હોય તો એકની દસ લાવ્યને અહીં કોણ ડરે છે, વા'લામુવાને વઢવું વઢવું ને વઢવુ બીજી વાત શી છે, આમ સખ્તાઇ કર્યાથી હું સુધરવાની નથી તે તારા કાળજે કોતરી રાખજે.

પુરૂષ-રાંડ શીકોતરી તું સુધરવાની નથી તે હું સારીપેઠે સમજુછું, જયારે ચૌદમા રત્નનો સ્વાદીષ્ટ સ્વાદ ચાખીશ ત્યારેજ તારા મગજનો પવન પાંસરો થવાનો છે.

સ્ત્રી-રડ્યા બાયલા તું શું મને મારનાર હતો તારા જેવા ધણીઓ તો મારા પગતળે પીલી નાંખ્યા?

પુરૂષ-રાંડ ગોઝારી તારા બાપનું નખોદ જાય, તારા ભાઇ બાપ મરે, રાંડ મારી ફજેતીના ફાળકા કરવા ઉભી થઇ છે, આટલા વરસની ઉત્પન્ન કરેલી મારા બાપ દાદાની આબરૂના કાંકરા કરવા કેમ બેઠી છું રાંડ કમજાત—

સ્ત્રી-મારારડયા તારા છાજીઆં લઉં, મરેને તારા વા'લા હોય તે, મારા બાઇ બાપને ખમા કરે, મારા ભાઈ બાપ કમજાત છે તો દીકરી દેવા ના જઇશ.

આવા શબ્દ સાંભળતાંજ પુરૂષનો પીત્તો એકદમ ઉછળી આવ્યો ને એક લાત એવા તો જોરથી મારી કે સ્ત્રી ચતાપાટ, સીડી પાસે જઈ પડી—

સ્ત્રી બુમ પાડી બોલી હાયહાય !!! મારી નાખીરે, મારી નાખી, કોઇ આવજોરે આવજો આ રડો મને મારી નાંખેછે, હું ગરીબડી ગાયને કોઇ મુકાવજોરે મારા માબાપ, આ અભાગીઆના હાથ પગ કેમ કપાઇ જતા નથી રે મારી માડીઓ ઓ ઓ—

બુમ પાડતી શીડી પાસે પડેલું ખાસડું હાથમાં લઇ દોડીને પુરૂષની પીઠ ઉપર ઉપરાઉપરી દેવા માંડયું; પુરૂષે પણ તુરતજ ખાસડાંઓથી વધાવી લીધી; બંને તરફથી ખાસડાંઓની

પટાપટી એવી તો ચાલી કે થોડા વખતમાં ઘણા દીવસના ચઢેલા ભારથી, બંનેની પીઠો હલકી ફુલ જેવી થઈ ગઇ.

સ્ત્રી થાકીને સ્ત્રી ચરીત્ર કરી બોલી, રડયા હું હવે જીવવાની નથી તારૂં લાગ્યું તું ભોગવી લેજે. હું તો આ ચાલી, કુવો હવાડો કરી મરીશ, મારે તને હવે મોં દેખાડવું નથી, નખોદીયા પરમેશ્વરને ત્યાં તારા પાપનો જુવાબ દેવા આવજે.

સાળુનો કાછડો મારી સ્ત્રી જોતજોતામાં ત્રીજા માળની સીડીએથી નીચે ઉતરી પડી.

પુરૂષ પણ તરત તેની પુંઠે નાઠો અને થોડીજ વારમાં તેણીને એક સરીઆમ રસ્તા નજીક પકડી પાડી.

પુરૂષને આવતો જોઈ તેણી એક અગોચર રસ્તાભણી દોડી પુરૂષ પણ તેની પછાડી પછાડી ઠોકરો ખાતો અને સ્વાસ લેતો દોડયો.

રાત અંધારી ઘોર ડરામણી લાગતી હતી, ઘાડા તીમીરથી એક બીજાને જોઇ શકે તેમ હતું નહી તેથી લાગ જોઇ સ્ત્રી એક પાસેના કુવા ભણી હાથમાં મોહોટો પથ્થર લઇ દોડી, ને પથ્થરને કુવામાં પધરાવતી બોલી–

લે રડયા, હવે પકડવા આવીને સાર કાઢજે, હું તો આ કુવામાં પડું છું હે ભગવાન હું અનાથની રક્ષા કરજો અને આ પાપીષ્ટ મારી પુંઠે પડયો છે તેને તમારી હજુર પકડી મંગાવજો.

બોલતાને વાર હાથમાંનો પથરો એવા તો જોરથી કુવાની અંદર હોમી દીધો કે તેના અવાજથી કાન બેહેર મારી ગયા અને પાંચસાત ફુટ પાણી ફીણના ગોટાની સાથે ઉંચું ઉછળી આવ્યું.

અવાજની સાથેજ પુરૂષના તો હાંજાજ ગગડી ગયા અને બાવરો બાવરો કુવા ભણી દોડયો, "રાત અંધારી ને તલ કાળા" જઇને જુવે શું? બાઇ તો પથ્થર નાખીનેજ પોબારા ગણી ગયાં હતાં, કાંઈ માલમ પડયું નહી કેટલીકવાર સુધી કુવાના કાંઠાની કોર ઉપર કાન માંડી ઉભો રહ્યો, પણ લેશ માત્ર શબ્દ કે પાણીમાં ગડબડાટ સંભળાયો નહીં, આમ તેમ ઘણાં ફાંફાં માર્યાં પણ અંધારી રાત શિવાય બીજું કશું દીઠામાં આવ્યું નહીં.

ઘણો ગભરાયો, અને ગાંડાની માફક કુવાની આશપાશ આંટા મારી આરડવા માંડયું, ઓ રાંડ ગોઝારી તેં તો ગજબ કરી નાંખ્યો તારા બાપનું નખોદ જાય તેં આ શું કર્યું તું મુઈ ને તારા જોડે મને મારતી ગઈ. સવારમાં હું શું મોં દેખાડીશ, રાંડ તેં તો હાથે કરી આપઘાત કીધો પણ ખુનનું ત્હોમત મારા શીર આવશે, સરકાર મને શુળીએ દેશે, હાય હાય હવે હું શું કરૂં ને કયાં જાઉ મારૂ શુ થશે મને આ મુશીબતમાંથી કોણ મુકત કરશે, ઓ રાંડ કુળ નીકંદની તું તારા માબાપને પેટ પથ્થર થઇ કેમ ના પડી, તને ઝેરી નાગ કેમ ના ડસ્યો, તને ગળથુથીમાં ઝેર કેમ ના દીધું, કે રાંડ મારા લોહીની તરશી થઈ.

રાંડે તો રોળ વાળ્યો હવે આંહી ઉભા રહી કરવું શું ? વખત જસે ને વળી કોઇ જતા આવતા રોન ફરતા શીપાઈઓના હાથમાં સપડાઇ જઇશું તો ખુનનું ત્હોમત માથે આવશે ને સત્યાનાશ વળી જશે, માટે બેહેતર છે કે પ્હેલેથીજ પોલીસને નાશી જવાની ખબર આપી મુંગા મુંગા ઘર તરફ રવાના થઇ જવું.

પુરૂષ વિચાર કરી મુઠીઓવાળી નાઠો, અને સડકની પેલી બાજુ પસાર કરતાંજ રોનવાળો શીપાઇ સામો મળ્યો. શીપાઇને જોતાંજ ભાઇના તો મોતીઆજ મરી ગયા.

શીપાઇ–"હુકુમડર" ઇતની રાતકું કોણ આતા છે?

પુરૂષ–જમાદાર સાહેબ એતો કોઇએ નહીં હું રસ્તાનો જનાર છઉં તમારે શું કામ છે?

શીપાઇ–અબે સચ બોલતા છે કે નહી, નહીતર પકડકે ચોકીમેં લે જાઇશું તુમ હમકું ઓળખતા છે?

પુરૂષ–હા સાહેબ તમે જમાદાર છો તે હું જાણું છું પણ તમે મને શું કરવા રોકોછો હું કાંઈ ચોર નથી વહેપારી છું.

શીપાઈ–અબે સુનતા છે કે નહી તુમ વેહેપારી છો તો એતની રાતકુ બહાર કાયકે વાસ્તે નીકલા છો?

પુરૂષ–જમાદાર સાહેબ માહારી બાયડીને જરા કહુવાણુ હતી તેથી વૈદને ઘેર દવા લેવા ગયો હતો, પણ વૈદરાજ ઉંઘમાંથી ઉઠયા નહી તેથી પાછો ફરી ઘર તરફ જાઉંછું;—

શીપાઇ—નહી નહી તુમ ચોરછો જુઠ બોલતાહે ચલો ચોકીમેં તુમેરા નામ નુધાવ ફજરમે ફોજદાર સાબકે વાં લે જાઇશું.

પુરૂષ—જમાદાર સાહેબ અવે જવાદોને નાહક શું કરવા હેરાન કરોછો લ્યો આ પાન સોપારી લઇ ચાલ્યા જાઓ બે રૂપીયા વૈદને આપવાના હતા તે તમનેજ ખુશી થઈ આપું છું.

શીપાઈ—નહી નહી શેઠ અમકુ તુમ કયા લાંચીયા શીપાઇ બંદા સમજતે હો ? એ બાત નહી હોશે, કોઇ જાણી જાવે તો અમારી ચપરાસ જાતી રહેવે.

પુરૂષ—અવે લ્યોને કોઇ જાણતુએ નથી ને કહેતું એ નથી રાજમાં હજારો રૂપીઆ અમલદારો લાંચના હોઇયાં કરી જાય છે તો તમારે આટલામાં તે શું? લક્ષ્મી ચાંલો કરવા આવે ને મોં ધોવા જઇએ તો મૂરખમાં ઠરીએ એતો ખાધુ પીધુ એજ બાપનું લાંચ નહી ખાઓ તેમાં સરકાર કાંઇ વધારે પગાર આપવાનો છે ?

શીપાઈ—નહીરે શેઠજી ઓતો સાલા પગારમેસેબી દંડ કરકે કાટ લેતાહે, ફીર જાદે તો કયા દેવે.

પુરૂષ—જબ ખુશી હોકે એ ચેરીમેરી લેલો.

શીપાઇ—ઇતનેમેં કયા હોવે કુચ જાસ્તી આપો તો તુમકુ છોડ દેવે?

પુરૂષ—જમાદાર સાબ અબ માફ કરો, આટલેથી રાજી થઇ રજા દીયો, વળી કોઈ આવી ચડશે તો મારી તમારી બંનેની પુરી કમબખ્તી હોશે ?

શીપાઈ—અચ્છા ઇતના તો ઇતના લાવ અબ ફરીથી કોઇ બખત ઇતની રાતકું બહાર નીકલીઓ નહીં, એતો મેં તુમેરેકું જાને દઉછું બીજા હોતા તો મુકતા નહીં.

પુરૂષે તરતજ ઓટીમાંથી બે રૂપીઆ કાઢી શીપાઇના હાથમાં મૂકયા અને પાધરોજ ફોજદારને ત્યાં જઇ ખબર આપી કે મારી સ્ત્રી નામે રૂપાળી ઘરમાંથી પેહેરવાના દાગીના લઇ, મોડી રાતના પસાર થઈ ગયેલી છે, તે હજુ સુધી ઘેર આવેલી નથી.

તેણી કયાં ગઇ હશે અને તમોને કોના ઉપર શક છે, એવી રીતે ફોજદારે પુછવાથી તેણે વધારે જણાવ્યું કે તેણી ખરાબ ચાલની છે, અને તે ઘણું કરીને, ચંદનીચોકમાં આવેલા

એક માધવલાલ નામના નાગરબ્રાહ્મણના ઘરમાં ગયેલી હોવી જોઇને, ફોજદારે નામઠામ પુછી લીધાં, અને તપાસ કરીશું એવો જવાબ વાળ્યો કે તુરત પુરૂષ ફોજદાર સાહેબની રજા માગી પોતાના મકાન તરફ ચાલતો થયો.

અંધારે અથડાતો પછડાતો પુરૂષ પોતાના મકાન ઉપર આવી પહોંચ્યો. ઘરના બારીબારણાં બંધ કીધાં, અને વિચારના તરંગમાં તણાતો પુરૂષ પથારીમાં આવી પડયો.

હાય હાય હવે શું થશે, આ વાત કોને જઇને કહું, પ્રાતઃકાળમાં પુરી ફજેતી થશે, રાંડના માબાપ લઢવા આવશે તેમને શો જુવાબ દઇશ, આ દોષ કોને દેઉં, મારા કરમનોજ વાંક તેમાં કોઇ શું કરે, માબાપે વીચાર કર્યા વગર ન્હાની વયમાં, જોડુને સ્વભાવ મેળવ્યા શીવાય, અડભંગ કુળ જોઈ મારા સુખની હાની કરી, હશે જે બની તે ખરી.

આવી રીતે દુઃખના દરીયામાં ડબકા મારતો દુઃખી પુરૂષ હાય મારી પાછલા પોહોરની ઘોર રાત્રીએ નીદ્રાદેવીના પાસમાં પડી ઘસઘસાટ ઘોરવા લાગ્યો?

વાંચનાર! આ સ્ત્રી પુરૂષ કોણ હતા તે તરફ હવે નજર કરીયે.

(દ્વિત્રિયા પતિ દુઃખી.)

વાર્તાની શરૂઆત.

પ્રકરણ ૧ લું.

"ઝઘડુશાએ એક ઉપર બીજી બૈરી કરવી."

દોહરો

બહુ બણુજ બહુ બેટીઆં, દો નારી ભરથાર;
ઇતનેકુ મત મારીઓ, માર રહે કીરતાર.

લાડશ્રીમાળી જ્ઞાતનો આગળ જણાવી ગયા તે પુરૂષનો પીતા હતો જેનું નામ ઝઘડુશા કરી જાણવામાં આવતું હતું જે ભવ્ય મકાન આગળ જણાવી ગયા છીએ તે મકાન તેના વડાઉઆના વડાઉઆએ કેટલાક વરસ ઉપર આ "નાત્તમપુરી" માં બંધાવેલું હતું, અસલ તેઓ "રાજપુરી" ના રહીશ હતા પરંતુ ત્યાં વેપાર રોજગાર ભાગી પડવાથી, રોજગાર માટે પોતાના કુટુંબકબીલા સહીત, આંહી આવી વશ્યા હતા અને પાછળથી પૈસા પણ સારા પેદા કીધા હતા.

ઝઘડુશાને બે બૈરીઓ હતી. જેઓમાં એકનું નામ હીરાં અને બીજીનું નામ જડાવ કરીને હતું.

હીરાં ઉમરે પોહોંચવાથી તેણીને સંતાન થવાનો સંભવ રહ્યો નહોતો. તેથી તે બીચારી રાત દીવસ પુત્રની ઝંખનામાં ઝુર્યા કરતી હતી, પોતાના પાડોશીને ઘેર પુત્રાદિકનો પરીવાર પેખી તેમને ધન્યવાદ માનતી. અને પોતાને કાંઇ પણ સંતતી નહીં હોવાથી હર્નિશ શોક કર્યા કરતી હતી.

ઝઘડુશા તેને ઘણો સમજાવતો કે પૂર્વના પૂન્યના ઉપાર્જન થયા શિવાય પુત્ર પ્રાપ્તિ થતી નથી, તું અમથી શામાટે કંકાસ કરે છે, પ્રારબ્ધ પાંસરૂ હશે તો સૌ સારાં વાનાં થશે.

પતીના બોધથી હીરાં બોલતી કે સ્વામીનાથ આપ જે કહો છો તે સત્ય છે. પરંતુ પુત્ર રહિત જગતમાં જીંદગી કાઢવી તે તો મને ઝેર તૂલ્ય લાગે છે; શાસ્ત્રમાં કહ્યું છે કે;—

(દુહો.)

લાખ દિવા નિત્ત બળે, બાર રવિ ઉગંત;
તસ ઘર તોહી અંધારડું, જસ ઘર પુત્ર નહંત.

જુવોને મારા કરતાંએ ઓછી ઉમ્મરની બાળકીઓ પોતાના નાહાના બાળકોને ઉછરંગમાં લઈ કેવી હુલરાવે છે, મને ઈર્શા કેમ ના આવે? હાય હાય હુંજ રાંડ અભાગ્યણી કે મારે પેટ પુત્ર નહીં મેં પૂર્વે શાં પાપ કીધાં હશે, શીવ, શીવ, શીવ,

દરરોજ આ પ્રમાણે હીરાના દુઃખનો દેખાવ જોઇ, બીચારો ઝઘડુશા પણ મનમાં ખેદ કરતો, પણ ઈશ્વરકૃતિ આગળ મનુષ્યનું શું ચાલે.

આખરે ઝઘડુશા પણ અબળાનો અનુભવ લઇ શોચ કરવા લાગ્યો, હાય હાય પુત્ર વિના મારી સદ્દગતિ શી રીતે થશે, મારૂ શ્રાદ્ધ કોણ કરશે? મારી ઉત્તર ક્રીયા કોણ કરશે? શું હું વાંઝીઓને વાંઝીઓજ મરી જઇશ, મારો પૈસો કોણ ખાશે? મારી લક્ષ્મી રાજમાં લુંટાઇ જશે, એમ અનેક તરેહના વિકલ્પ દરરોજ કર્યા કરતો હતો.

એક દીવસ હીરાં આનંદમાં બેઠી હતી, તે વખતે તેની પાસે આવી ઠાવકું મોં રાખી ઝઘડુશા બોલ્યો-હીરાં જો તારી ઈચ્છા હોય તો હું બીજી સ્ત્રી કરૂં, પરમેશ્વર કરસે ને તેને પેટે પુત્ર થશે તો આપણું નામ રહેશે, ને વાંઝીયામેહેણું ટળશે.

હીરાંએ કહ્યું-સ્વામીનાથ, તમો બીજી સ્ત્રી કરો તેમાં મારે આડે આવવાનું કાંઇ કારણ નથી, ભલે સુખેથી કરો તેને પુત્ર થશે તોપણ મારા ધણીનું પેટ કહેવાશે, હું સર્વ વાતે ખુશી છું, પરંતુ બંને સ્ત્રીઓને સરખી રીતે રાખવાની સત્તા હોય તો તે કામ કરવા તત્પર થજો, નહીતર દુનીઆમાં બે બાયડીઓના ભાયડાના ભોગ મળી, ભવાડા થાય છે, તેવું તમારે થશે.

ઝઘડુશા બોલ્યો-વારૂ વારૂ, તારે તેની કાંઇ ચીંતા કરવી નહીં; એ તો બધુએ હું સમજાુછું. મને વરસ થયાં તેટલા તને દહાડા પણ થયા નથી અમને અમારી આબરૂ કેમ વહાલી હશે નહી?

ઝઘડુસાના પગમાં જોર આવ્યું, અને "હીરાંની રજા મળવાથી હરખતાં હરખતાં, કડકડતાં કપડાં પેહેરી હાથમાં લા-

કડી લઇ દુકાને જવા ચૌટા ભણી ચાલવા માંડયું, રસ્તામાંજ નાત ગોર સામા મળ્યા, શેઠજી કેણીગમ સધાવો છો નાત ગોરે પુછયું?

ગોર મહારાજ નમસ્કાર છે. સારૂં થયું કે તમે રસ્તામાંજ મળી ગયા. મહારાજ તમારૂં ઘણુંજ અગત્યનું કામ છે, ઝઘડુશાએ કહ્યું.

ગોર બોલ્યા, બોલો બોલો શેઠજી શો હુકમ છે હું તો આપના નામે નામ છું હુકમ પ્રમાણે ફરમાવો શેવક કામ બજાવવા તૈયાર છે.

ઝઘડુશાએ કહ્યું—આજનેઆજ મારા માટે કોઈ સોળ સતર વરસની કન્યા ખોળી લાવો, લગ્નનું પણ સાટા સાથેજ નકી કરતા આવજો હું તમને ખુશી કરીશ?

ગોરમહારાજ હસ્તે મોઢે બોલ્યા, શેઠજી કન્યા તો તમારા લાયક એક છે પણ શોકય ઉપર દેવાની છે માટે રૂપીયા પાંચ હજાર ખાવા આપવા પડશે, અને મારો શીરપાવ જુદો એટલું જો તમારે કબુલ હોય તો આજનેઆજ તમારો ઘરોલાડવો કરી પર્ણાવી દઉ; કન્યા રૂપરૂપની મણી છે, તમે ઓળખતા તો હશો, પેલા જેપુરવાળા જોગીદાસની દીકરી "જડાવ".

ઝઘડુશાનું મન પીંગળ્યું અને તરતજ હા પાડી દુકાને જઇ રૂપૈઆ પાંચ હજાર રોકડા મુંબઇગરા ગોરને ગણી આપી સાટું કબુલ કીધું, અને તેજ મંગળ રાત્રીએ જોગીદાસની દીકરી "જડાવ" સાથે પાણી ગ્રહણ કરી પાછલી જીંદગીએ પળીયામાં ધુળ ઘાલી.

પ્રકરણ ૨ જું.

"બંને શોકયોની લડાઇ."

જડાવને પરણી લાવ્યા પછી ઝઘડુશાને જુવાની આવી, બંને સ્ત્રીઓના સુવાના ઓરડા નોખા કર્યા, અને બંનેની ઉપર સરખી પ્રીતિ રાખવા માંડી.

વસંતરૂતુ આવી, જડાવની ખીલતી જુવાનીની કળીઓ ખીલવા માંડી મોઢે ખીલ નિકળવા માંડયાં, ગાલ પુલવા લાગ્યાં. કપાળ તેજ મારવા લાગ્યું. આંખ મારકણા સાંઢ માફક આમ તેમ ફરકવા લાગી, ઉરૂ હાથીના કુંભસ્થળ માફ-

ક ઉંચુ તરી આવ્યું, અને પગથી પૃથ્વી ધમધમવા લાગી ઇત્યાદી પ્રયોગથી ઝંઘડુશા તો જડાવના જોબનરૂપી ઝાડના પુષ્પની સુગંધી પાછળ રાત દિવસ પરિભ્રમણ કરવા લાગ્યા.

હવે બીચારી હીરાંનો કોણ ભાવ પુછે! જડાવનું જોર વધી ગયું ઝઘડુશા કોઇ કોઇવાર હીરાંના ઓરડામાં આવતો હતો, તે પણ જડાવની બીકથી બંધ થઇ ગયો, ભોગજોગે એકાદવાર હીરા સાથે બોલતાં સુણ્યો તો સાથે લાગી બીચારાની પતરડીજ ઝાડી નાખતી.

એક દિવસ અવસર જાણી હીરાએ ઓારા બોલાવી ઝઘડુશાને કહ્યું સ્વામીનાથ! તમે શું મારો સંબંધ છેકજ ભુલી ગયા! મેં તમારૂં શું અનિષ્ટ કર્યું છે, તે પેલી વાઘણને વળગી મારો અનાદર કરોછો? કાંકતો દયા લાવો. અરે કાંકતો જરી વિચાર કરો શું? મુલાના ચોરને મેથકાનો માર? આઠ દિવસમાં એકવાર તો સામુ જુઓ; એ રંડાને તો માની એટલે માતેલા સાંઢની માફક આખા ગામમાં મ્હાલે છે, અને આ મારૂ શરીર તો જુઓ? સુકાઇને કેવું નિર્બળ થઈ ગયું છે, હાય હાય શોક્યનું સાલ તે આવુંજ કે, આટલા માટેજ તે ગોઝારીને ઘરમાં ઘાલી છે? તમારી બુદ્ધિ કેમ બળી ગઇ છે, કે આટલી બધી હદપાર સ્વતંત્રતા સોંપી છે, રાંડ કાંઇ નવા જુની કરશે તો તમારી સાત પેઢીનું નામ બોળશે, કાંઇ તો દરીઆફ કરો?

ઝઘડુશા મોં મલકાવી હીરાને કેહેવા લાગ્યા—જા આજ હું તારે ઓરડે આવીશ, એ રાંડ છોને ફુંફાડા મારતી તું કાંઇ ચિંતા કરીશ નહીં, હું તારો છું તે છું કાંઇ બદલાવાનો નથી.

જડાવ ઉપરની જાળીમાંથી આ સઘળો દેખાવ જોતી હતી. તે ઇર્ષા આણી એકદમ હેઠી ઉતરી ઝઘડુશાના પોતીયાની પાટલી પકડી હીરા સામે ઉભી રહી વચનોનો વર્ષાદ વરસાવવા લાગી.

રાંડ શંખણી, તારા નાહાના માંટીને શું સમજાવે છે, એ મ કાંઇ તારે વશ થવાનો નથી, લે લે? દીકરો જોઇએ છીએ, દીકરો, દીકરા માટે આખા ગામમાં દોડતી ફર પણ કાંઇ હ- હાડો વળવાનો નથી? વા'લા મુઇ આંખો દીને સત માંટીને

બબડેર બબડેર કરે છે, પણ હુંજ ખરી કે તારા માંટીને તારા સામુ જરી પણ જોવા દઉં નહી.

હીરા અકળાઈને બોલી–રાંડ સત્યાસણી મારી નાહાની શોકય હું તારૂં નામ દેવા કયારે આવું છું. તે મારી પુંઠલ પડી છે, મને શા માટે સંતાપે છે, તું જાણે ને તારો માંટી જાણે પડો ખાડમાં મારે શું હું તારૂં નામ દઉં તો તું મને દબાવવા આવજે, વગર લેવા દેવા મારૂં નામ દઈશ તો તારી જાબડીજ ખંખેરી નાખીશ.

હું નહી બોલું તો જુનીને દુઃખ લાગશે એમ જાણી ઝઘડુશા હીરાનું ઉપરાણું લઈ જડાવને ધમકાવવા લાગ્યા; રાંડ દાં'ધા બળી, આટલી બધી શા ઉપર ફાટી ગઈછું તે બિચારી તારૂં નામ લેતી હોય ને ગાળો ભાંડતી હોઉ તોએ ઠીક છે, અમથી કુતરાની માફક ભશ ભશ કરે છે, રાંડ ખાઈ ખાઈ ને ઢીલ વધાર્યું છે તેજ જાણ્યું.—

જડાવનો મિજાજ હાથથી જતો રહ્યો. ને ઝઘડુશાને હીરાં સામે ધકો મારી બોલી;–જા રડયા એ મા તને વા'લી લાગે છે તો એની પાસે, મારી પાસે શું કરવા આવે છે, એ રાંડ તને હોસલો ટીપી આલસે ને તું ખાજે, હુતો આ ચાલી મારા પીયર.

હીરા પણ હલકે રહી ઝઘડુશાને જડાવ સામે ધકો મારી બોલી–જાવ ? મારે તમારી કાંઈ જરૂર નથી, મારી શોકય આજ કાલની એ ખરી ને હું ખોટી રાંડ પાડા જેવી વધી છે તેને જોઇ મોહી જતા હશો ?

રાંડ તો તારી મા, હોય તે સમજી ? વિચારીને બોલજે નહીતર જોયા જેવું કરી આપીશ "જડાવે કહ્યું"

મારી લાડવાઈ શોકય તું શું મને કરી આપવાની હતી છીનાળ તારા છીદ્રો ખોળી બતાવું તો તારો માંટી તને ઘડી પણ ઘરમાં ઉભી રહેવા દે નહી, હીરાએ ઉત્તર વાળ્યો ?

મારા બાપની વહુ ખરેખરૂં કરી આપ્ય નહીંતર માથાંના વાળ પીખી નાખીશ એમ કહી જડાવ હીરા સામે ધસી.

ગાળોના ગોળા બંને તરફથી જોસભેર ઉડવા માંડયાં, અને જડાવે રીસથી હીરાંનો ચોટલો પકડી ભોંય ભેગી કરી નાંખી.

બંને જણીઓ બોકડાની માફક બાઝીઓ અને લાગ ફાવેથી હીરાએ જડાવનો ટાંટીઓ ઝાલી પરસાલમાં પટકી.

રંગ ખરેખરો ઝામ્યો ઝઘડુશા આ વખત વચમાં આવી બંનેને નોખી કરત નહી તો ઝેરીલી જડાવ હીરાંના તો બાર જ વગાડી દેત, ધક્કા પાટુનો થોડો ઘણો સ્વાદ ઝઘડુશાને પણ ચાખવો પડયો, અંતે થાકીને એક કોચ ઉપર જઇ બેઠો. બંને શોકયો વઢતી જુદી પડી, પોત પોતાના ઓરડામાં ગઇ વળી વાઘણો બહાર આવી એક એકના છીદરો ખોળી ગોફ્ણો ગગડાવા લાગી.

હીરાં ગોળનું ઉઘાડું માટલું ઘરમાંથી લાવી ઝઘડુશાને બતાવતી બોલી? જુઓ?–આ માટલામાંથી ઉંદરડા ગોળ ખાઇ ગયા, પણ તેને કાંઇ ઢાંકવું છે સમી સાંજથી શેઠાણી સોડ તાણી સુઇ રહે છે ઘરની કાંઇ ફીકર છે. કહીએ છીએ તારે કુતરાની માફક કરડવા આવે છે.

ઝઘડુશાએ કહ્યું–વા'લી તું ઠરેલ છે તેથીજ તારૂં ઘર સારી સ્થીતીમાં રહે છે તું વડી ને વિવેકી છે, તારા આગળ નવી તો હજુ બચ્ચું છે?

હીરાં કહે–અમથી નકામી સાકર શું કરવા ઘોળો છો ઘડીએક નવીને સુની તો મુકાતી નથી ચાંદ જેવું મુખડું જોઇને તો ચીતડુ ચળી જાય છે.

ગાંડી તું ગાંડુ ગાંડુ શા માટે બોલે છે, નવી તો ઘરનું કામ કાજ કરનાર એક લુડી તરીકે છે, ને તુંતો મારા હૈયાના હાર જેવીછું; અમથી ઓછું શા માટે આણવું, ઝઘડુશાએ કહ્યું—

વા'લી હતી તેમાંજ કાળીગાંઠી ને કંકણ ઘડાવી આપ્યાં હશે તો એતો જગલાડીને જોઇએ, હુંતો કાંઇ પરણીને આવી છું મને તો નાતરે લાવ્યા છો એટલે મારે તે કાંઇ જોઇએ ? હીરાં બોલી–

ઝઘડુશા—એના કરતાં તારી તુશી કયાં કમ છે તે અમથો લવારો કરી મરૂં છું.

હીરાં બોલી—બુરાનપુરી સાડી લાવીને તો શેઠાણીને સોવરાવીને મેં તો રાંડ જોટવા જોટવાં કરી જન્મારો કાઢ્યો તો એ જોટવાં જોયાં નહીં ?

તરત જડાવ વચમાં બોલી ઉઠી ? એમાં તારા માટી-

નો માલ નથી મારા મહીયરનો માલ છે. તેમાં તું શું કહી દેખાડે છે.

હીરાં કહે—જુઓ ઘણીઆતાં થઇ વગર બોલાવે વચમાં બોલવાં આવ્યાં છે, નિર્લજ લાજતો કોઇથી રાખતી નથી. કામકાજમાં ઢંગ ઢાળ બળ્યા હોત તો પણ ઠીક હતું વચમાં હું પીલાઇ મરૂં છું. એતો જેમ કરે તેમ ફાવે કેહેવત છે કે "ભેંસ ખીલાવરાણે કુદે."

જડાવે જવાબ દીધો, હું તો કાંઇ કરતીજ નથી બચારી તેજ તણાઇ મરે છે. વાહાણામાં વેહેલા ઉઠી પાણી વાશીદું કરી રસોડામાં પેશી રસોઇ તૈયાર કરૂં છું વાંસણ માજું છું; રોજને રોજ દલણું દળી શેઠાણીના મુખ આગળ મુકું છું તેમાં તો ડરાવી ડરાવીને મારી નાંખે છે.

હીરાં કહે—હા બધું એ કરે છે. દીવસમાં બાર વાર તો કુવે બેડાં ફોડવાં જોઇએ, વાસીદામાં તો સાંબેલું હેંડયું જાય, ત્રાંબા પીતળના વાસણોનો તો જાણે રોટલોજ કરવા બેઠી ચોરી ચોરીને પીયરમાં પધરાવવું સૈયરોમાં મા'લાવું ઘરમાંતો ટાંટીઓ ટકેજ શાનો સ્વામીનાથ એના લક્ષણ તો તમને શું કહું, તમારો તો જરાપણ ડરજ રાખતી નથી- ચાંદ ભોંબી ચુંટી આણ્યા છે, હાથમાંથી અરીસો તો હેઠો મુકવોજ નહીં. લોકો તો પછવાડી કાંકરા મારે છે રૂપને રડો. ને મહિલાનું મુખ જોઇ બેશી રહો. મારી જનનીએ જનમ શું કરવા આપ્યો કે મારે કર્મે શોકયની શુળી આવી. મારો જન્મારો ધુળ કર્યો, અને પતિરૂપી પૂર્વ શત્રુના પાસમાં આવી પડી

ઝઘડુશાએ હીરાંને કહ્યું—અલી જક્કીલી તું માનીશ કે નહી અમથી લઢાઇ વધારવાને ઝીભડીનું જોર કરી રહી છે, અદેખાઇના ઉચ્ચાર કરી પ્રભાતમાં નવી સાથે ઝઘડો જમાવવો છે; તારી ઝીભડી ઠેકાણે રાખ્ય નહીતર વાંસો ખરો કરવો પડશે તું તો માણુસ છે કે હેવાન.

હીરાં બોલી—હા, એનો અવગુણ શાનો આવે ! જ્યાં ત્યાં વાંક તો મારોસ્તો પહોર દાહાડે પટરાણી પલંગમાંથી ઉઠે છે તેને તો કાંઇ કેહેવાતું નથી ને અહીં કેહેવા આવે છે. હાથે કરી હળવી પાડો એટલે એને ફાવતું જડે, આજ કાલની લું-

ધીનું મેં આવ્યું કાંઇ મારૂં આવ્યું; રાંડે પોપટ જેવો બનાવી દીધો છે. કેહેવત છે કે 'ધણીની માનીતી પેચડી બાર આમ ઉજડ કરે."

જડાવને ઝેર ચઢયું ને ક્રોધાંધ થઇ બોલી–હા અલી તું તો સર્પના જેવી સુંવાળી છુ, વાહાણાની બેઠી બેઠી બાઝવાના બાહાના સોધું છું. અલી ઝેરીલી તને ઝઘડો કરવાનું જોર ઘણું છે. પેટમાં ચુંક આવતી હોય તો અજમો ફાકય. અમથી પેટને બદલે માંથુ શું કરવા કુટે છે, વાંધીલી વાત વાતમાં વાંધો પાડવા બેઠી છું પ્રપંચ કરી પીયર કાઢવી હશે, પણ પરણીને આવી છું કાઢવી તો બહુ કઠણ છે, સ્હેલ નથી.

હીરાં ચડભડીને બોલી,—છટકેલી તું છાની રહે દામ લેનારની દીકરી જાણી તને, તારા માંટીએ માની માનીને મેડીએ ચઢાવી, પણ હું તો તને ઉગમણી ભાગોળેજ ચઢાવું, ઓળખે છે, તારૂં દીવી જેવું ટાચું જોઈ તારો માંટી મો'હી જાય પણ હું તો સળગાવીજ મુકું વાર જરાપણ ના કરૂં વકરેલી વાઘણ તારી માએ તેને આંડી વાઢીને બહાર કેમ ના કાઢી કે વિધાતાએ મારા સારૂ શોકય સરજી.

જડાવ બોલી—અલી તારી આંગળીએ વળગી હું આવી નથી હજી ગાળો દઇ ધરાઇ નથી કે શું ઉંચને નીચ તો તારી બોલવાની જાત ઉપરથીજ જણાઈ આવે છે આંખમાં ન ખમાતું હોય તો ચપટી ભરી મીઠું નાંખ રડયા માંટીમાં માલ નથી એટલે તું જે કરે છે તે છાજે છે? બાકી મારા મહિયરીઆ એવાં છે કે તને જીવતીને જીવતીજ બાળી મુકે!

હીરાં કહે—રાંડ તારા બાપને તો છરીવતી છુંદી નાંખું, ને તારી માને તો પાળીવડે મોઝું, તેઓ શું કરનાર છે, તારા ભાઇને તો ઉગમણી ભાગોળે ભોગ આલું ને તારા કાકા કાકીને તો કાળીકાને મંદિરે ચઢાવું; તારી ભોજાઇને ને ભગનીને ભોંયમાં ભંડારૂં, તારા પીયરીયાંના ડરથી હું કાંઇ ડરી જવાની નથી તું ના જાણીશ કે હું એકલી છું, પણ મારી પછાડી તો આવડા આવડા દાંતવાળા છે.

જડાવે જવાબ દીધો, નામજાદી તારી બધી હોજ મેં જોઇ છે, તારી ફોઇના ફંદથી આખું જગત જાહેર છે તારા

કાકાએ દીકરીના દામ લીધા, ને તારી માતો કોદરા વગર રઝળી રઝળીને મરી ગઇ, તારા બાપનું બારમું તો કરવા મળ્યું નથી તેને તો લીંબડે લટકાવ્યો છે, એજ તારૂં મહીયર કે બીજું તું વારૂં શું મોહ્ડુ લઇ બોલવા આવતી હઇશ.

હીરાં બોલી—અલી જાત તો નોંધારી જણાઇ આવે છે, નીચના મુખમાંથીજ નીચ વેણ નિસરે, બાપ તો પારકે ઘેર પેટ ભરે છે, ને ભાઇ તો હજું કુંવારો ઢોર રઝળે છે, તું મને શું બોલાવે છે, તારા બાપને પાંચ હજારના દાંમ લીધા તારે તો આ માંટીનું મુખ જોવા પામી છું નહીં તો ક્યાંએ રઝળી રઝળીને મરી જાત; જોડે બેહેન પણ એવી નીસરી કે, બનેવીને રડતો કરી હાથ મારી ચાલતી થઈ, ફઈ ફુંદ બોરી ત્યાં મારી શોકય ભત્રીજી તે કયાંથી સારી હોય. "ઘડા તેવી ઠીકરી ને મા તેવી દીકરી."

જડાવ કેહેવા લાગી—આમ મેહેણા મારેથી કાંઇ તારી દાઝ હોલાવાની નથી, પતિને ફોસલાવી પટાવી ચઢાવીશ પણ એમ કાંઇ માંટીના માન મળવાના નથી, ને તને કચરીને જોઇ મોહી પણ જવાનો નથી.

હીરાં બોલી—રાંડ તારા પીયરતો સૂડતાળો બેઠો છે. ખાવા ખંટી તો છે નહીં, બાપે ખાવા લીધા તારે તો બાજરાભેળા થયા છે, મહીયરમાં દીઠું હોય તો માંટીને ઘેર મન મોકળુ રાખે ને ચીપાસણી પેટ પોશામાંજ સમજી છે તારા હાથથી ખાવાનું હોય તો પેટ પણ બાળી નાંખે?

જડાવ બોલી—દાતારની દીકરી જોઇ તને પીયરમાં બાપ્પર ઉભુ રહેવાનું ઠેકાણું તો નથી, સદાયનો સૂડતાળો ને જ્યાં જોઇએ ત્યાં ખંભાતી, મારા મહીયરમાં તો એ આનંદ છે, ખારીલી તારાથી ના ખમાય તો હૈયુને પેટ બે કુટી માંથુ ફોડ.

હીરાં કહે-ચળેલી તને તો લઢવાનો ચાળો વળ્યો છે, તેથી જીભડીનું જોર કરી મરે છે, સારા સારા વસ્ત્ર ભુષણ મેલ્હ માગ્યાં માંટી આણી આપે છે, તેમાંજ ફાટી ફાટી ફરૂં છું જો પુરૂષમાં પાણી હોય તો તારો કેવારનોએ નાદ ઉતારી નાંખે.

જડાવ બોલી-હા ભોળી ભકતાણી, મુવા મડદા ઉપર રહી

ખાનારી ધણીને ભોટ બનાવી ભોંય ખોતરાવનારી, જાણે માં-ટીને વેચાણજ ના લીધો હોય—

હીરાં બોલી-પેલા જતી પાસે માંટીને મુઠ મરાવીતી તે કે તું બીજી; સારા નસીબે ભુવાને બોલાવી વળાવી નહીં તો પતિને કયારનોએ પરભવમાં પોહોચાડી દીધો હોત.

જડાવ કહે-તું જાદુગરી કયારે ઓછી છે, અડદ, સીંદુરને લીંબુ મને ઘણાએ ઓડાવ્યા પણ મારો તો*પણ ટુટયો નહીં.

હીરાં બોલી-છેક નફટ થઇ માંથે છેડો નાંખે તેને શું. **"જેણે મુકી લાજ તેને નાહાનું સરખુ રાજ" "નાગું નાહા શું ને નીચોવે શું" "નફટના ફુલે બાવળીએ. તો કહેશે મને છાંયડો."**

ઝાંઝીલી જડાવ બોલી-મારી નાહાની શોકય નાગીતો તું નવાંધી જણાય છે, કામણગારી કુડકપટની ભરેલી શાણી હતી તો શોકય શું કરવા આણવા દીધી. હાંપળી હતી, હૈયુ પુટયું તું, ખબર ન્હોતી કે શોકયનું સાલ હાવું હોય છે. રાંડ નાગી પેંટ ચોળીને પીડા ઉભી કીધી છે ને હવે પસ્તાવો કરી પેટ કુટે શું વળવાનું છે.

હીરાં કપાળ કુટી બોલી-મેં અત્યારસુધી કરકસર કરી ઘર સંસાર ચલાવ્યો તે ઉપર પાણી ફેરવ્યું. આ રાંડ જમ જેવીને તૈયાર રસોઇ જમવાને મારા હૈને હોડાડી સંસાર સુખમાં પુળો મુકયો? રાંડ ફુવડે ઘુવડની જીભ ગળાવી પતીને સાવ ઘુડ જેવો કરી મુકયો છે; આતો કહેવત જેવું થયું છે કે 'ખોદે કોળ ને ભોગવે ભોરીંગ.'

જડાવ કહેવા લાગી-ગાડા તળે શ્વાન ચાલતો હોય તો મનમાં કહેશે, ભાર હુંજ ખેંચુ છું. "ટીટોડી ઉંચા પગ કરી તરૂને ભરાવી સુઈ રહેતો કહેશે આભને હુંજ ઝીલુ છું' તારો માંટી તારા કહ્યામાં હોય તો તારા કબજામાં રાખ્ય ને હુંતો તારી દાશી બની તારા તેજમાં તણાવાની નથી સમજી.

હીરાં બોલી-તારો માંટી તને મોહી રહ્યો છે તો ખવાસની પેઠે તને ખમા ખમા કરશે તારો તોર તેને દેખાડ અહીં કોને કુદી બતાવે છે.

જડાવ બોલી-નામજાદી ભીખારીની દીકરી, તારી જાત

મારી આગળ શું પ્રકાશે છે. હુડાળાની કુતરી માફક હુડકવા હાલ્યો છે કે શું મને છેડી તું શું સાર કાઢવાની હતી.

બંનેના કાળજાં કુતરાએ ખાધાં, વાત વધી પડી, ઝાંપડીઓ પાછી એકમેક ઝોડની માફક બાઝીઓ; જુનીએ ઉઠીને નવીનાં ઝટીઆં ઝાલી મુક્કીઓનો માર મારવા લાગી; એટલે નવીએ ચુડી મારી જુનીની ભમ્મર ફોડી નાખી ખોખરી કરી. જુનીએ ઇંટ મારી નવીને લોહી ચુતી કરી; નવી ધોકણું લેવા ઓરડામાં ધશી, ત્યારે જુની સાંબેલુ લઇ સામી થઈ, ચોક વચ્ચે ચિસાચિસ થઈ રહી; બંનેના ચોટલા છુટા થઈ ગયા ને ચીહરડાં થઇ લટકવા લાગ્યાં. ઝઘડુશાએ ઉઠી બંનેને બાથમાં લઇ ભોંય સરસી પછાડી; ત્યારે બંને એકત્ર થઇ ઝઘડુશાને આહાપાક આપવા માંડયો, ઝઘડુશાએ લે રાંડ લેતી જા, લે રાંડ લેતી જા એમ કહી ધુમરાણ કરી મુકયું? આડોશી પાડોશીને રસ્તાના લોકો ભરાઈ ગયા ભવાઇ ભારે થઇ, જુની ચોકમાં મોહ વાળી બેઠી, અને નવીએ ઓસરીના ખુણામાં ભરાઈ છાજીઆં લેવાં શરૂ કર્યાં, ઝઘડુશા કપાળ કુટવા લાગ્યો. ને લોકો હાંશી કરી કહેવા લાગ્યા જુવો બે બાયડીના વર જુવો બે બાયડીના વર, વળી કોઇ ટીંખળી કહેવા લાગ્યો. ગહ્યા આ તો કહ્નાનગોપીની રમ્મત ગમ્મત કરવા માંડીછે. કંઈક નવી જુનીને ચઢાવવા લાગ્યા તેથી ઝઘડુશાએ ઉઠી સઘળાને ધમકાવી બ્હાર કાઢી મુકયા; પછી પેટ કુટી પસ્તાવો કરવા લાગ્યો?

મારૂં કરમ ફુટેલું તે મેં જાણી બુજી બે બૈરીઓ કરી બળાપો વોરી લીધો, હાથનાં કર્યાં હૈએ વાગ્યાં, આ પીડા કોને કહું. કહેનાર વેગળા રહ્યા પણ વેઠવું મારે પડયું; મને આવી મતી કયાં સુજી પેણીમાંથી ચુલમાં પડયો. પરણવા જતાં આડો સર્પ કેમ ના ઉતર્યો. આ રાંડો રીંછણો સાથે જન્મારો શી રીતે પુરો કરીશ અજ્ઞાનથી છેકજ અંધ બની ગયો આ રાંડોના દુઃખથી મારૂ શરીર સોસાઇ ગયું, દ્વિત્રિયાના દુઃખથી તો મરવું સારૂં, મારૂં જીવન છુટી પડયું. નાહ્નાના છોકરાઓ પણ મારી દારાઓના દેખાવથી મારી પુંઠે હસે છે, હાય હાય જેના પુર્ણ ભાગ હોય તેજ બે બૈરીઓ કરે?

જડાવ બોલી—આ માવડી મોયો માંટી મારા કર્મે કયાંથી

ભાગ્યો. મારા મા બાપે શુળી કેમ ના જોઇ કે આ શોકય ઉપર દીધી, તુચ્છ લાજના લોભથી વા'લી પુત્રીના ગળે પાળી મુકી, આ કુળમાં આગ્ય કેમ ના ઉઠી; માડી તેં ગળથુથીમાં ઝેર કેમ ના દીધું, કે ધગધગતી હેયાહોળીમાં હોમી, નખો- દીઆ માત પીતા તમે પૂર્વજન્મના વેરી કયાંથી નીસર્યા વિરા તારો વંશ જજો કે ભગનીને સંકટના સાગરમાં સુવાડી બો- જારા ગોર તારૂં જડા મુળથી જજો; કે મંગળફેરા ફેરવી ધગ ધગતા અંગારામાં હોમી.

જડાવ બોલતી બંધ રહી એટલે હીરાનો વારો આવ્યો, તે બોલી સાસુ તારૂ સત્યાનાશ કેમ ના ગયું, સસરા તને શુળીએ કેમ ના દીધો, જેઠ તને પ્રથમથી જમ કેમ તાણી લઇ ગયા નહીં, દીયર તારો દાટ વળી જજો કે મારા કર્મે તારો ભાઈ ભાગ્યો? નણંદ દેરાણી જઠાણી તમારૂં દશે વાટે જજો, તમે મને પરણાવી લાવ્યા ન હોત તો આટલા વરશે મારે શોકયની શુળી આવવા પામત નહીં, મારા માબાપ મરી ગયા ને ધણીએ શોકયની શુળીમાં પરોવી હવે કોઇ મારૂં રહ્યું નહીં; દુઃખની દાઝો કોના આગળ જઇ કહું, હે ધરા માત હવે તું માગ આપે તો હું અંદર સમાઈ જાઉ.

એવી રીતના એક પછી એક ભાષણો ચાલવા માંડયા, ઝઘડુશા ઉભો ઉભો ઝુરવા લાગ્યો, પછી કંટાળીને જુનીને કેહેવા લાગ્યો.

અલી હવે જંપીશ કે નહીં. મ્હેણાં મ્હેણી હેતી છા- ની રહે, આમ કોળી કાછીઆની માફક વદનમાંથી વેસુ કાઢી વ્યર્થ વગોણું કરી લોકો શા સારૂ હસાવે છે; હવે રાંધવા માં- ડને ઉનું પાણી મુકી આપ કે હું નાહી સેવા કરી જમીને બજારમાં જાઉં.

હીરાં કહે—મારૂં નામ દીધું તો તમારી વાત તમે જા- ણી. તમે તો તમારૂં ધણી પોત રાખ્યું તે જાણ્યું માનીતી રાણીના મુખમાંથી તો ફુલ ખરે છે જોટલે ત્યાં તો કાંઇ કે- હેવાતું નથી, ને આંહી આ બાકી રહ્યું છે તે કેહેવા આવ્યા છો, નવી વ્હાલી હેમ જેવી ને હું રાંડ જુની તે તો ઝેર જેવી બંનેને બરોબર રાખી હોત તો આમાનું કાંઇએ થાત?

ઝઘડુશાએ કહ્યું—હવે તું છાની રહે, કલેશ વધાર માં, અમથી લોહી ઉકાળો કરી માથામાં ધુળ ઘાલવાને તૈયાર થઈ છે, કયેકમાં પાણી પડયું તે ન પડયું થનાર છે, માટે બંને સંપસંપીને ચાલો તો સારૂ છે, નાતમાં ઠામ ઠામ બે બૈરીઓ નિહાળું છું, કાંઇ તારા ઉપર નવી શોકય લાવ્યો નથી, દા'ડી દા'ડી લડીને લોકોને ભવાડો દેખાડે છે, હવેથી જો ચુકીને વેણ વદી છે તો ચૌદમા રત્નથી ચુરોજ કરી નાંખીશ.

હીરાં બોલી—ચૌદમું રત્ન તો તમારી વ્હાલી હોય તેનેજ આપો આંખે ન ખમાતી હઉ તો અન્ન આભ્રણ આપો એટલે જુદી રહું ઘણાએ દાહાડા તમારા હુંકારા દુંકારા સહ્યાં, હવે તમારી વ્હાલી હોય તેના ઉપર હુકમ કરો.

ગઘડુશા કાયર થયો ને નવીને કેહેવા લાગ્યો, હવે તું બોલતી બંધ રહે છે કે નહીં; રાડ મુકી રાંધવાનું સુજે છે! જેમ જેમ વારૂં છું તેમ તેમ રાંડોને બમણું સુર ચઢે છે. રંડા ઘાંચણ મોચણની પેઠે મોંમાંથી કુવાકય કાઢતાં લજવાતી પણ નથી, કાળછારી મોટીનું જરા તો માન રાખવું કે નહીં?

નાસકોરાં ફુલાવી નવી બોલી,—રડયા તારો હાથ ઝાલીને મેં મારો ભવ બાળ્યો, ઘરમાં તારૂ ચલણ નહોતું તો પરણવા શું કરવા આવ્યો હતો, જુની જાગાનું મોં જોઇ બેસી રેહેવું તું, મારા મનખાના કાંકરા કરી નાંખ્યા, હું કયાં સુધી મન મારીને રહું, આ બુડાથી તો મુઓ સારો તારામાં શા ઢંગ બળ્યા મને શું જોઇ બોલાવવા આવે છે, બોલાવ્ય તારી વ્હાલી હોય તેને, કોઇ દિવસ નિરાંતે ઠરીને તારા ઘરમાં બેઠી નહીં, સારૂ ઓઢયું નહીં, પહેર્યું નહીં, ખાધું નહીં પીધું નહીં, રોજને રોજ સવારથી સળગતી હોળી, હું તો ધીકી જાઉં છું ધરાઇ ગઈ આ ઘરથી હવે તો કેદખાનુ સારૂં.

બંને જણીઓ ઝઘડુશાનો અનાદર કર્યો, કોઇએ કાંઇ સાંભળ્યું નહીં, પાણીથી પણ પાતળો કરી મુકયો, બે બૈરીમાંથી કોઇએ મા'રો દીધો નહીં, ઝઘડુશા ઝાંઝ કરી ઉઠયો ને પોકાવડે નવીની કમ્મર ધોઇ નાંખી, જુની નાસવા ગઇ તેને પણ એક ઝપાટો એવો લગાવ્યો કે તે પણ મોભર જઇ પડી, બંનેને પુરી પડતાલી, નવીનું કપાળ અને જુનીનું શીર

કુટયું. આથી તો જોયા જેવું થયું. જુની કુવા ભણી દોડી, ડી બોલી, લે મુવા હું હવે કુવામાં પડી તને જીવ આપું છું તેટલામાં નવીએ ટાંકાનું ઢાકણું ઉઘાડી માંહી પડવા તકાવ્યું ત્યારે ઝઘડુશાએ કાયર થઇને ફાંસો ખાવા દોરડું ડોકમાં નાંખ્યું, ત્રણેનો તાલ જુદો થયો, સગાંવ્હાલાંને ખબર પડતાં તરત ત્યાં આગળ તેઓ દોડી આવ્યાં, અને ત્રણેને જોરથી ઝાલી સમજાવીને ઠંડા પાડયાં, પાણી પાઇ શાન્ત કર્યા અને ભેગા થયેલા સર્વ માણસોને વીખેરી નાંખી નવી તથા જુનીને શીખામણ આપી સૌ સૌના ઘર તરફ ચાલતાં થયાં.

જુઓ બે બૈરીના ફળ, ઘેર ઘેર માટીના ચુલા છે, આ ઘરની કાંઈ નવાઈ નથી પણ ભાઇઓ જે બે બૈરી કરો તે વિચારીને બે હાથી ઘરમાં લાવી બાંધજો.

ત્રણે જણ તે દાહાડે ભુખ્યા મુવા અને બે બૈરીમાંથી કોઇએ કાંઇ રાંધ્યું નહીં.

પ્રકરણ ૩ જું.

"ઝઘડુશાનો બળાપો."

બીજે દિવસે બન્ને જણીઓ જુદી રહી, જુનીએ આગલે માળ જુદું રાંધ્યું ત્યારે નવીએ પાછલે માળ રાંધ્યું, ઘણા લોકોએ સમજાવીઓ પણ બંનેમાંથી કોઈએ કાંઈ ગણગાર્યું નહીં, પતિ ભુખે મુવો તેની કોઇએ દરકાર રાખી નહીં, બંને જણીઓએ પેટપુર હોજરા ભર્યાં, પણ ઝગડુશા તો બચારો ઝોકા ખાતો રહ્યો, અંતે કોઇએ ખાવા બોલાવ્યો નહીં ત્યારે થાકીને હેઠલી ઓરડીમાં ચુલો સળગાવી તે દિવસે તો હાથે ઓરી ખાધું.

રાત પડી ત્યારે બન્નેને પોતાના સુવાના ઓરડા નજીક બોલાવી ધીમે રહી બોલ્યો—જુવો તમે બંનેને સરખી રીતે રાખી નહીં, તેની તમારી પાસે હાથ જોડી માફી માગું છું; માટે હવે વઢીને આપણા બાપદાદાની આબરૂના કાંકરા કરશો નહીં, હું તમો બંનેને સરખી રીતે રાખીશ, મારે તો બંને જણીઓ બરાબર છે.

ઝઘડુશાના મીણ જેવાં શબ્દ સાંભળી બંને નરમ અંતઃકરણની થઇ ગઇ અને બેમાંથી એકે ચું કે ચાં કીધું

નહીં. ત્રણેની ટોળી એક થઇ ગઇ, જાણે કોઇ લઢયુંજ નથી, એમ ત્રણેનું મન એક થઇ ગયું ને તે રાત્રી ત્રણે જણે મળી સુખમાં નિર્ગમન કરી.

પ્રભાતમાં સૂર્યના ઉગ્યા પહેલાં નવીએ પાણી વાશીદું કીધુ બાદ રસોડામાં પેશી રસોઈ કરવા બેઠી, જુનીએ ઉઠીને જોયું તો નવીને રસોડામાં રસોઇ કરતી દીઠી, કાંઇ બોલી નહીં બહારનું કામકાજ કરી તે પણ રસોડામાં પેઠી, બંને જાણીઓ એ મળી રાંધ્યું, અને ઝઘડુશાને ઉના પાણીએ નવરાવી સારી પેઠે જમાડ્યા, વાત વિસારે પડી, પતિએ બંનેને સરખી રીતે રાખવા માંડી અને સેહજસાજ સુખનાં દાહાડા ચાલ્યા;

દીવાળી આવી સારાં સારાં લૂગડાં, ઘરેણા પેહેરવા જોઇએ તે બંનેને ઝઘડુશાએ સરખી રીતે વેહેંચી આપી ખુશી કરી, રાત પડી એટલે ઝઘડુશા વિચારમાં પડયો આજ કોના ઓરડે સુવા પઉં, નવીને ત્યાંજ જાઉં નહી તો રાંડ રોળ મચાવી મુકશે, જુની સમજુ છે એટલે કાંઇ બોલશે નહીં, વચલા માળ જુનીને રાખી હતી, અને નવીને ત્રીજેમાળ રાખી ત્રીજે માળ ચઢવાની સીડીવાળાજ ઓરડામાં જુની રહેતી હતી, રાત્રે ઝઘડુશા કામકાજથી ફારગત થઇ જુનીવાળા ઓરડામાં થઇ ત્રીજે માળ જવા સીડીએ ચડવા લાગ્યો. જુની આ વખત નીસરણીની નજીકજ બેઠી હતી, પાંચ સાત પગથીઆં ચઢયો નહીં તેટલામાં તો ઝઘડુશાના ટાંટીઆ ઝાલી જુની બોલી—

જાઓ છો કયાં આજ તો અહિંયાંનો વારો છે, ઝઘડુશાએ કીધું અલી જક્કીલી જવા દે કાલ તારે ત્યાં આવીશ, એમ ભાષણ ચાલે છે તેટલામાં તો નવી તડુકા કરતી ઉપરથી બે ત્રણ પગથીઆં નીચે આવી. ઝઘડુશાની ચોટલી પકડી બોલી, ઉપર આવો છો કે નહીં નહીં તો ચોટલી પીંખી નાંખીશ, રોજ રોજ એ રાંડ ઠચરી બહુ * * લાગે છે.

ઝઘડુશાના વાળ તણાવા લાગ્યા, ને આંખમાંથી પાણી આવવા માંડયું, પણ બેમાંથી એકે છોડયો નહીં, ત્યારે બુમ પાડી બોલ્યો—ઓ રાંડ નવી કરકશા ચોટી મુકી દે મારાં તો પળીઆં પિંજાઇ ગયાં, મારે તો કોઇને ત્યાં જવું નથી,

અલી જુની રાંડ ઝાંપડી મને જવા દે મારો તો ટાંટીઓ તણાઈ જાય છે. એમ બુમરાણ કરી મુકી પણ સાંભળે જ કોણ, બેમાંથી એકકે હઠ છોડી નહીં ત્યારે જુનીએ જોરથી ટાંટીઓ તાણ્યો, એટલે નવીના હાથમાંથી ચોટી ચટ દઇને ખશી ગઇ ને હાથમાં એકલા નિમાળાના ગુંછળાં રહી ગયાં, નવીના હાથમાંથી ચોટી છુટી કે ભરડડભુસ કરતો ઝઘડુશા ઉપરથી હેઠો આવ્યો, ને કે'ડા રંગાઈ ગઈ, ઓઇ બાપરે કરતો ઉભો થયો ને પાસે પડેલા બુધાવતી બંને ર પરસાદી આપી, જેવો આવ્યો હતો તેવોજ પાછો જઇ પથારીમાં સોચ કરતો સુતો.

હાય હાય, આતે પ્રાણ પ્યારીઓ કે પ્રાણ હારીઓ, આ તે નારીઓ કે ઝેરી નાગેણો, આતે ત્રિયાઓ કે ત્રાસ દેનારીઓ, આતે ભામીનીઓ કે પતિનો ભોગ લેનારીઓ, આ તે સ્ત્રીઓ કે માથું કાપનાર અસ્ત્રીઓ, આતો મારી વા'લીઓ કે ફાડી-ખાનાર વાઘેણો, આતે બે બૈરીઓ કે બોકડાઓ, શીવ, શીવ, શીવ, આતે મેં શું કર્યું, મેં મુર્ખાએ બે હાથણો બાંધતાં કાંઇ પણ વીચાર ના કર્યો, પુત્રની વાંછનાએ પાસમાં પડી મેં મારા સંસાર સુખનું સત્યાનાશ વાળી નાખ્યું, છોકરાઓ સ્વર્ગમાં શું દુધ દોવરાવનારા હતાં, આજ કાલ એક સ્ત્રીથી સુખ મળવું મુસ્કેલ છે, તો દ્વિત્રિયાથી તો કયાંથીજ મળે, ભવિષ્યમાં એક સ્ત્રી છતાં પુત્રની પ્રાપ્તિ નહીં મળે તો બીજી સ્ત્રી કરે શું વળવાનું હતું, પ્રભુ પ્રભુ તે સર્વે આળપંપાળને બે બૈરીઓ કરવાના ખોટા બહાના છે.

અરેરે હવે મારે શું કરવું, જુની રાંડ સારી હતી તે પણ નવીની સોબતથી તેના જેવી થઇ, પ્રભુ પ્રભુ હવે તો બેમાંથી એક ઓછી થાય તો સુખી થાઉં કે વચમાંથી હું જાઉં તો સુખી થાઉં, તે શિવાય તો આ ભવમાં ઠરી ઠામ બેસવાનું ઠેકાણું નથી.

ચેતન તારૂં ચિત્ત કયાં ચળી ગયું, તને આ શું સુઝ્યું, મારી મતી કેમ ભ્રષ્ટ કરી નાંખી કે જેથી મને આવી બુદ્ધ સુઝી, ભાઈઓ હું ભુલ્યો પણ તમે કોઇ બે બૈરી કરી, ભવકુપમાં ભટકાશો નહીં.

(દુહો.)

પીંપળ પાન ખરંતા, હસ્તી કુંપળીયાં;
મુજ વીતી તુજ વિતશે, ધીરી બાપડીયાં.

એવી રીતનો પ્રશ્ચાતાપ કરતો ઝઘડુશા ઉંઘમાં ઝબકવા લાગ્યો, બાદ કેટલીકવારે બગાસાએ ખુધુ લઇ નિંદ્રાદેવીને વશ કરી દીધો.

પ્રકરણ ૪ થું.

"જડાવ ઝગડુશાને ઝેર દઇ જોગી સાથે જતી રહી."

આવી રીતે કેટલાક દિવસ ચાલ્યું, ઝઘડુશાએ બંનેને વચન કેહેવું બંધ કરી દીધું. પાછળથી જુવાન જડાવ ઝાલી રહી નહીં, આપ મતલબી સ્વછંદપણે ફરવા લાગી, દીકરો લેવાને ને ધણીને વશ કરવાને, જોગી જતીના ધામ ધુંડવા લાગી, ઘરમાંથી ઘરાણું ચોરી દોરા ચીઠીઓની દોડધામ કરવા માંડી, દુષ્ટ સ્ત્રીઓની સંગતથી વ્યભિચારીણી થઇ, ઘરમાં તો ઘડી ટાંટીઓજ ટકતો નહી, કોઇ નવોસવો જોગી આવતો તો તેની પાસે પેહેલા જતીને ગાંઠનું ખવરાવી ગોપીચંદ થતી, ઘણા ઢોંગી પુરૂષો તેની પાસેથી દીકરો આપવાને બાહાને, પૈસા ધુતી લઇ દુષ્ટ મુરાદ હાંસલ કરતા,

ઝઘડુશાને આ બાબતની માલમ પડતી છતાં, તેના દુષ્ટ સ્વભાવના અનુભવથી બીચારો એક પણ શબ્દ બોલી શકતો નહીં,

અંતે નવીએ નીકળી જવાનું મન સાથે નક્કી કર્યું, તેના મકાનની પડોશના મંદિરમાં એક લંપટ કરી જોગી રહેતો હતો, તેની સાથે પોતે સારી રીતે પ્યારમાં પડી હતી, એક દિવસે ઘરમાં ઘણો કજીઓ થયો તેથી કંટાળીને જોગી પાસે આવી વિનતિ કરી બોલી—

માહારાજ હવે મને ગમે ત્યાં લઇને નાશી જાઓ, નહી તો હું તો કુવો હવાડો કે ઝેરે ખાઇ મરી જઇશ, મારાથી તો આ ઘરમાં હવે અધ ઘડી પણ રહેવાશે નહીં, હું તમારી દાસી થઇને દા'ડી તમારૂં કામકાજ કરીશ ને તમારી મરજી મુજબ ચાલીશ,

"ભાવતું હતું ને વૈદ્ય કીધું" જોગી બોલ્યો—જડાવ દીલજાન તારે જરા પણ ડરવું નહીં, તારી ઇચ્છા હોય તો આજ રાત્રે આપણે બંને ઉપડી જઇએ, હું તો તારો તાબેદાર છું તું કહે તેમ ચાલવા તૈયાર છું. પછી કેમ ?

જડાવ બોલી—પણ મહારાજ એ તો ખરૂં પરંતુ મારો ધણી જાગતો હોય ત્યાં સુધી મારાથી ઘરની બહાર નિસરાય નહીં, તેની કાંઇ તદબીર ?

જોગી એક પડીકામાં ભુકી આપી બોલ્યો; લે આ ભુકી છે તેને આ સુતી વખત તારા પતિને પાણીમાં પીંગળાવી પાઇ દેજે, બેડો પાર; તરતજ ઉંઘી જશે ને સવારે ઉઠશે, બરોબર ઉંઘાઇ જાય કે તું તરત ઘરમાંથી આળોગોળોવાળી સપ્તઋષિના આરા આગળ માહાદેવની મઢુલીમાં આવી મળજે, હું પણ અત્યારે મારા ગુરૂના થોથાં પોથાં લઇ, સાધન કરવાનું નામ દઇ ત્યાં જઇ તારી વાટ જોતો બેસું છું. પણ દાવ મારવામાં ભુલતી નહીં હો ! કારણ કે આપણા માટે વાટ ખરચી સારી જોઇશું, ને વળી જ્યાં જઇશું ત્યાં ખાવા પીવાનું પણ જોઇશું વળી હાલ !કાંઈ આપણાથી ચાસન ફરાવાનું નથી, તેથી ધંધો રોજગાર પણ થશે નહીં ને છાના રેહેવું પડશે.

જડાવે કહ્યું—મહારાજ આ પડીકેથી પતિ મરી તો જશે નહીં, તેમ થશે ને આપડે પકડાઇ જઇશું. તો પુરી કમ્બખતી થશે ને ફાંસીના લાકડે લટકવું પડશે ?

જોગી કહે—જડાવ તારે જરા બીવું નહીં, એમાં કાંઈ ઝેર નથી કે તે મરી જાય, ફકત તેમાં ઉંઘનીજ દવા છે, પડીકું પાઇશ કે તરતજ ઉંઘી જવાનો છે. બીજું કશું થશે નહીં, હવે તું જાને સઘળું, કામ પેચપોચાડ.

જડાવ વારૂ કહી પગીકું લઇ પાધરી ઘેર આવી, અને રાતના ઝઘડુશાને જોગીએ આપેલું પડીકું પાણીમાં પીંગળાવી પાઈ દીધું, આ સિવાય વશ કરવાને બાહાને ઉચ્છિષ્ટ વસ્તુઓ તો ઝઘડુશાના પેટમાં જડાવે કેટલી એક હોમી દીધી હતી. કેફથી ઝઘડુશાની આંખમાં ઝોકાં આવવા લાગ્યાં, આજ આટલી બધી ઉંઘ કેમ આવે છે. શરીરને કાંઇ ચેન પડતું

નથી, એમ વિચારમાં ને વિચારમાં ઝઘડુશા પથારીમાં જઇ પડયો, પડયો તે પડયો,, પડતાં વારજ ઘસઘસાટ ઘોરવા લાગ્યો! હાથ પગ હાલતાં બંધ થઇ ગયા, જાણે સદાને માટે જ સૂતો ના હોય ?

જડાવે જોયું હા ? હવે ઠીક લાગ છે, આ અભાગીઓ હવે ભર ઉંઘમાં પડયો છે માટે હમણા જાગે તેમ જણાતું નથી. માટે ચાલ, દાગીના લઈ ચંપત થઇ જાઉં જોગી મહારાજ વાટ જોઈ બેસી રહ્યા હશે.

તરત ઉઠીને ઝઘડુશાને કમ્મરેથી કુંચીઓ છોડી કબાટ ઉઘાડી અંદરથી દાગીના કાઢયા, ને એક દાભડામાં ભર્યા, સાથે લાગ્યા બે ત્રણ સાડીના ડુચા હતા તે પણ બગલમાં મારી લીધાં, ને આસ્તે રહી ઓરડાના કમાડ ઉઘાડી ઝપાટાબંધ ઓરડો ઓળંગી નીચે ઉતરી પડી. અને અતિ ત્વરાથી સપ્ત રૂષીના આરાવાળી માધેવની મઢુલીમાં જોગીને જઈ મળી. જોગી પણ તેણીનીજ માળા જપ્યા કરતો હતો જોગીએ જડાવને જોઈ પુછયું કોણ જડાવ તું આવી કે? જડાવે કહ્યું—હા માહારાજ હું આવી, પણ હવે તાકીદ કરો હ્યાંથી ગચ્છંતી કરી જઇયે નહીતો વળી કોઈ આવી ચઢયું તો ભરમ ભાગી જશે. જોગી બોલ્યો, પણ પેલો દાગીનાનો દાભડો કયાં છે ભુલીતો નથી? જડાવે કહ્યું—નાના મહારાજ તે તો કેમ ભુલું ! મારી સાથેજ આણ્યો છે, તમારે જરાએ ચિંતા રાખવી નહીં.

જોગીએ કહ્યું—મારા હાથમાં લાવ જોઇએ, જડાવે તરત દાગીનાનો દાભડો જોગીના હાથમાં મુકયો, અને દાભડો ભારેસલ જોઈ જોગી બોલ્યો—જડાવ તેં તો ભલી કરી છે હો? હું તો જાણતો હતો કે જડાવ મને જોગીને મશ્કરીમાં ઉડાવાનું કરે છે, માટે મેંતો હા કીધી કે જરા તેનું પાણી તો જોઉં, પણ તું તો એક એટંકી જણાણી, જાણે વીજળીની માફક વખતસર આવીને ઉભીજ રહી છે.

જડાવ ખુશી થઈ બોલી—મહારાજ મને તે કાંઇ કાચી ભોળી ભાળી કે શું ! ભલભલા પુરૂષોને ભોળવી, ભીખ મગાવી દઉં, તમે નજરેનજર જોયું ના!

જોગી કહે–હા? હા? એ વાતે તો તું ઘણીજ કાબેલ ને હું-શીયાર જણાય છે, તારા જેવું હુશીયાર રત્ન નૌત્તમપુરમાં હું એક પણ નિહાળતો નથી.

એમ વાતવિનોદ કરતાં, બંને જણા તે મહુલીમાંથી બહાર નીસરી પોહોર રાત્રી પસાર થતા નેત્રાંધો આખરૂને અળગી કરી દુર દેશના વિકટ પંથે પોબારા ગણી ગયા.

પ્રકરણ ૫ મું.

"ઝઘડુશા જખમારીને રહ્યા."

પ્રાતઃકાળ થયો હીરાં પોતાના ઓરડામાંથી ઉઠીને ઘરનું કામકાજ કરવા લાગી; પણ જડાવને જોઇ નહીં, આજ શેઠાણી કેમ ઉઠયાં નથી. આઠ વાગ્યાનો અમલ થવા આવ્યો પણ આંખ ઉઘડેજ શાની, હુંજ રાંડ હાથે કરી ભરીડો કરી મરૂં છું, પહોર દીવસ ચઢયો પણ પથારીમાંથી પગ લોંય કયાં મુકાય છે, રાંડને રંડવો બંને બરોબર છે.

આમ બડબડાટ કરતી હીરાં ઉપર ચઢીને જુવે છે તો નવીના ઓરડાનાં દ્વાર અળગા દીઠાં, ધસમસ્તી અંદર ધશી, જઇને જુવે શું? કે શેઠ લાંબી સોડતાણી સુતા હતા, અને ત્રીજોરીનું કબાટ ખુલ્લુ પડેલું હતું, લુગડાં આમ તેમ વી-ખરાઇ ગયાં હતાં વળી જડાવ જોવામાં આવી નહીં તેથી હી-રાંને પક્કો વહેમ પડયો, ને એક પછી એક કબાટના ખાના ઉઘાડી જોવા માંડયું. માંહી કાંઇ મળે નહી સર્વ ખાલી ખમ દીઠાં; હીરાં ગાભરી ગાભરી પાછી ફરી, ઝઘડુશાને જગાડવા ઢંઢોળવા લાગી.

'સ્વામીનાથ? સ્વામીનાથ? ઉઠોને હજી શું સુઇ રહ્યા છો, પોહોર દીવસ ચઢી ગયો ને હજી કેમ ઉઠતા નથી પેલી ગોઝારી તો રાંડ ગજબ કરી ગઇ જણાય છે, કબાટ ખુલ્લું પડેલું છે, ને તેમાં દાગીના તો સુદ્દલ દેખાતા નથી, ઘણો ઢંઢોળ્યો પણ ઝઘડુશાનો જીવ તો દસમેદ્વાર પડેલો હતો તે કોણ જવાબ દે, પતિના મોમાંથી સ્વાસના ફુંફાટા નીકળતા જોઇ હીરાં તરત જાણી ગઇ કે આમને તો રાંડે ઝેર ખવરાવી

જતી રહી જણાય છે, હીરાં એકદમ બેબાકળી બની ગઈ ને તે બુમરાણ કરી રાડો પાડવા લાગી. હાય હાય ગજબ થઇ ગયોરે મારી માડીઓ, કોઈ આવજોરે આવજો, રાંડ નવી મારા ધણીને ઝેર ખવરાવી કયાંક નાશી ગઇ છે રે મારા માબાપ, આમ ધાંધલ કરી છાતી ને માથુ કુટવા મંડી પડી.

જુનીની બુમથી આડોશી પાડોશીને બાહારના લોકો અંદર આવી પોહોચ્યાં અને જુવે છે તો ઝઘડુશાને પથારીમાં કુ-ફાડા મારતો જોયો.

અને તેની પાસે હીરાંને છાતી ને માથું કુટતાં જોઇ લોકો પણ ઘભરાઇને બુમો પાડી બોલ્યાં—

હાય હાય આનેતો કોઇએ ઝેહેર ખવરાવ્યું જણાય છે, જલ્દી વૈદને બોલાવો, વૈદને બોલાવો નહીતો હમણા તે મરી જશે, એમ સહુ સોર બકોર કરી રહ્યા.

તરત એક હુશીયાર માણુસ ઉઠયો ને થોડીજ વારમાં એક કાબેલ વૈદને તેડી લાવ્યો, વૈદરાજ આવ્યા ને હાથમાં હાથ લઇ નાડી તપાસવા લાગ્યા પણ નાડી કાંઈ ઠેકાણે માલમ પડી નહી પછી બુંગળી કાઢી કાળજાના ભાગ ઉપર મુકીને કાન દઈ ટ-કોરા ગણવા લાગ્યા, એક બે ત્રણ ચાર પાંચ બુંગળી ઉપાડી લીધી ને વૈદરાજ ઉંડા વિચારમાં પડ્યા હોય તેવું ડોળ કરી થોડીવારે જવાબ દીધો, આમને તો કોઇએ ઝેરી પદાર્થ ખવ-રાવ્યો હોય તેમ જણાય છે, સારૂં થયું કે તમે વૈદને લાવી જલદી દોડ કરી, નહી તો તે થોડીવાર કેડે તુરત મરી જાત ઝેરની અસર નસેનસ વ્યાપી ગઇ છે, પુદગળ બગાડવું હજી બાકી રહ્યું છે, તે બગડયું કે પછી થઈ ચુકયું.

હીરાંએ કહ્યું—વૈદરાજ તેનો કાંઇ ઉતારો હોય તો જલ્દી કરો હું તમને કહેશો તે દામ આપી ખુશી કરીશ.

વૈદરાજ બોલ્યા—કાંઇ ફીકર નહીં, એતો અમારૂં ઘર છે, આ શીશી આપું છું તે લ્યો ને તેમાંથી દસ દસ ટીપાં કલાકે કલાકે આપતા રહેજો એટલે તમામ અંદરનું ઝેર બળી ને ભસ્મ થઇ જશે. કોઇ વાતથી ગભરાશો નહીં ઝેરનો અસર હવે આવી ચુકયો.

હીરાંએ ઉઠીને વૈદરાજના હાથમાં બે રૂપીઆ મુકયા તે લઇ વૈદરાજ ફરીથી દવા પાવાની ભલામણુ કરી પોતાના ઘર તરફ વિદાય થયા.

આવી ધમાધમમાં નવીની ખબર લેવા કોણ જાય, ઝ ઘડુશા ઉઠીને બેઠાં થશે તો સૌ સારાવાના થશે, રાંડ જતી રહી તો ભોગ એના, એના મા બાપના નાક ઉપર પાળી મુકી ગઇ તેમાં આપણે શું, જીવતા હશે તો પૈસો તો લુંડી છે. કાળ પેદા કરશે એમ કહી સૌ મનવાળી બેઠાં.

બપોર થવા આવ્યા, ઝેર થોડે થોડે નરમ પડતું ગયું અને સૌને આશાના અંકુર પુટવા લાગ્યા.

થોડીવારે ઝગડુશાએ આંખો ઉંચી કરીને આમ તેમ ફેરવી પીવાને પાણી માગ્યું. હીરાને આશા આવી ને હર્ષ ભેર ઉઠી પાણી લાવી પતીને પાયું, હવે દવાના જોરથી પેટમાં ભુખ લાગવા માંડીને વેણુ ચુંથા થવા લાગ્યાં, તેથી હીરાને કહ્યું કાંઇ ખાવાનું હોય તો લાવ્ય. હીરાં તરત સુંઠને પીંપળામુળની રાબ તૈયાર કરી લાવી, ને ઝઘડુશાથી પીવાઇ લેટલી પાઇ, આસ્તે આસ્તે શક્તિ આવવા લાગી ટટાર થયોને ભાન આવવાથી ભેગા થયેલાને પુછવા લાગ્યો. તમે બધા આજ કેમ આંહી એકઠા થયા છો ? સઘળાએ મળીને નવીની નાશી જવાની વાત વીદીત કરી;

ઝઘડુશા ગભરાયો ને એકદમ ઉઠયો, ત્રીજોરીનું કબાટ તપાસવા લાગ્યો, અંદર કાંઇ મળે નહીં, સારા ભાગ્યે ત્રીજોરીના નીચલા ખાનામાં બાકીનું ઘરેણું શેરો તથા નોટોના કાગળીયાં સહીસલામત રહી ગયા હતા. આ જોઇ ઝઘડુશાને થોડી ઘણી હીમ્મત આવી અને પાધરી પોલીસમાં ફરીયાદ કરી જડાવને પકડવાનું વારંટ મેળવ્યું, અને સાથે લાગી તેના પીયરની ઝડતી લેવા જપ્તિ બેસારી, પંચકયાસ કરી અંદરની ઝડતી લેવામાં આવી પણ કાંઇ મુદ્દો મળી આવ્યો નહીં, વળી વારંટ લઇ આખા ગામમાં ફરી વળ્યાં પણ પોબારા ગણી ગંચેલાનો પત્તો કયાંથી પામે?

આખા ગામમાં હો હો થઇ રહી, જડાવના પીયરીઆને તો બીચારાને મોં દેખાડવાનું પણ રહ્યું નહીં, લોકો મોંપર ને

ઓપર ફીટકાર દેવા લાગ્યા, તેથી ઘરના બારી બારણા બંધ કરી અંદર ગોંધાઇ રહેવું પડયું. ઝઘડુશાએ બાહાર ગામ તપાસ કરવા માણુસો મોકલ્યા હતા તેઓને પણ પત્તો નહી મળવાથી પાછા આવી સર્વે સમાચાર કહ્યા, આથી ઝઘડુશા બેહોશ થઇ લમણે હાથ દઇ બેઠો.

હીરાંએ કહ્યું–તમે આમ લમણે હાથ દઇ નિરાશ થઇ ચીંતા કરી શું કરવાના હતા. બની તે ના બનવાની છે? રાંડ ગઇ તો એના બાપનું નામ બોળી ગઇ, તમે જીવતા ઉઠયા એટલે સૌએ સારાવાના થયાં, પૈસો કાલ પેદા કરશો આતો તમારા અંગનો મેલ ગયો, પણ સ્વામીનાથ તમે જરા તપાસ તો કરાવો કે રાંડ કોને લઇને નીકળી ગઇ, મને તો લાગે છે કે પેલા લંપટ જોગી સાથે તેને સારાસારી હતી, તેથી કુંભારજા ત્યાંનીત્યાંજ પડી રહેતી હતી, માટે તલાસ તો કરાવો કે, જોગીડો છે કે નહીં.

ઝઘડુશાના ઉરમાં આ વાત ઉતરી અને મંદીરમાં માણુસ મોકલી તપાસ કરાવ્યો તો તેના ગુરૂ તરફથી ખબર મળી કે ગઇ રાતના નદી કીનારે સાધન કરવાનું નામ દઇ મારા પોથી પુસ્તકો લઇ પસાર થયો છે તે હજુ સુધી આવ્યો નથી. આ ખબરથી સર્વેને ખાતરી થઇ કે જડાવ જોગીને લઇ જતી રહી હવે ફાંફાં મારવાં સઘળાં ફોગટ છે.

ઝઘડુશા જખમારીને રહ્યો, આશા છોડીને સર્વે વાત વિસારે પાડી પૂર્વની પેઠે હીરાં સાથે પ્રીતીપાસમાં પડાયો.

પ્રકરણ ૬ ઠું.

"શામલાલનો જન્મ ને તેની મા હીરાંનું મરણ."

અન્યોઅન્ય વધારે પ્રેમ બંધાયો અને દંપતિનું જોડું સુખમાં દીવસ નિર્ગમન કરવા લાગ્યાં; પ્રભુ ભક્તિમાં તલ્લીન થયા દયાના પ્રણામ ઉત્પન્ન થવા માંડયા, નિરાધાર સ્ત્રી પુરૂષોને આશરો આપવા માંડયો અંધા પાંગળાઓને અન્ન વસ્ત્રાદી આપવા શરૂ કર્યાં, બાળકોને ખુબ ખાનપાન ખવરાવી રાજી રાખતાં, કપટ જંજાળ તમામ તજી દીધી, અસત્ય ભાષણ અળગું કીધું દયાદી ધર્મના કાર્યથી તથા પૂર્વના પુન્યનો ઉદય થવાથી હી-

રાંને પેટે ગર્ભ ઉત્પન્ન થયો એટલું તો ખરૂં છે કે જ્યાં સંપ હોય ત્યાંજ સુખી થાય, હવે દંપતીના સુખની શીમા રહી નહી પરમેશ્વરનો પાડ માનવા લાગ્યા ને ધર્મ ધ્યાનપર દીન પ્રતીદીન વીશેષ દ્રઢતા ભાવ રાખવા માંડયો. અનુક્રમે એક પછી એક એમ દીવસ ગુજરવા લાગ્યા, અને નવ માસ પૂર્ણ થયે હીરાંએ સુખશાંતીથી એક સુંદર પુત્રનો જન્મ આપ્યો.

પુત્રની વધામણી સાંભળી ઝઘડુશાને ઘણો આનંદ થયો. અને સગાવા'લા તથા મીત્રમાં ખોબલે ખોબલે સાકર વેંહેંચી છઠી જગાડી ગોત્રદેવીનું પુજન કરાવી આંગણે કંકુના હાથા થાપન કર્યા. બારી બારણે આશોપાલવ તથા આંબાના તોરણ લટકાવી દીધાં, ભાટ ભવાયા ગીતો ગાતા આવ્યા તેમને પણ યોગ્ય શીરપાવ આપી ખુશી કર્યા. અને સગા સહોદરોને સારી પેઠે સંતોષી પુત્રનું નામ શામલાલ પાડયું.

દીનપરદીન શામલાલ સુખમાં ઉછરવા લાગ્યો. શામલાલ છ મહીનાનો થવા આવ્યો તે વખત તેની મા હીરાં સુવારોગમાં રીબાતી હતી ઘણા ઘણા ઉપચારો કર્યા પણ એકે અઉષધથી તેના રોગને ટેકી લાગતી નહીં હીણુ ભાગ્યણી હીરાં પુત્રનું સુખ જોવા ઝાઝા દીવસ જીવી નહી, અંતે હીરાંને સુજી આવ્યું કે હું વધારે દીવસ આ અવનીમાં કાઢવાની નથી હવે પછી મારા પ્યારા પુત્રનું શું થશે? એની અમુઝણમાં નિસ્વાસ નાખી ધુસકે ધુસકે રડવા લાગી.

ઝઘડુશા પાસેજ બેઠેલો હતો, તે એકદમ ગભરાઇને હીરાંનો હાથ હાથમાં લઈ ચુમી દઇ બોલ્યો. પ્યારી હીરાં આજ તને શું થાય છે.? તારા શરીરને સુવાણુ નથી કે શું? તને રડવું શામાટે આવે છે? તું કેમ કાંઇ બોલતી નથી, તું ના કહે તો તને મારા શોગન છે, તારા દીલમાં જે કાંઇ અંદેશો હોય તે બે ફીકરથી કહી નાંખ્ય જરા પણ હરભડીશ નહીં.

હીરાં આંચકા ખાતી બોલી-સ્વામીનાથ મારા શામલાલની સંભાળ રાખજો, હવે આ ફાની દુનિઆમાંથી હુતો જઈશ મારા વાહાલાનું સુખ જોવાને જરા પણ વખત મળ્યો નહી, તે દુઃખીઆરા પુત્ર ઉપર મારી પેઠે દયા રાખજો. મેં આપને અપ્રીતિ ઉપજાવી ઘણા હેરાન કર્યે છે, તેને માટે હું

આપની પાસે ક્ષમા માગુછું. પ્રાણનાથ મારા તમને છેલા પ્રણામ છે, આમ બોલતાં તેની છાતી ભરાઇ આવી ને બોલતી બંધ થઇ ગઇ.

ઝઘડુશાએ પોતાના રૂમાલથી તેના આંસુ લુછી નાખ્યાં અને માથા ઉપર હાથ ફેરવી હીમ્મત આપી ગદગદ કંઠે બોલ્યો-મારી વા'લી હીરાં, તારે પુત્ર સંબંધી જરા પણ ચિંતા કરવી નહીં. જ્યાં સુધી હું જીવતો બેઠો છું ત્યાં સુધી તારા પુત્રનો કોઇ વાંકો વાળ કરી શકનાર નથી, તું નચિંત રહે, તે મને મારા પ્રાણથી અધિક પ્યારો છે.

મારો સરવે આધાર હવે તેના ઉપરજ રહ્યો છે, તું શા સારૂ સોગ કરે છે પ્રભુ કરશે તો તને થોડા દીવસમાં આરામ થઇ જશે, વા'લી આ સ્વારથીઆ સંસારમાં કોઇ કોઇનું નથી, સરવે મિથ્યા આળપંપાળ છે જેમ સાયંકાળની વખતે પક્ષીઓનાં ટોળાં એકત્ર થઇ માળામાં ભરાઇ બેસે છે, તેવી રીતે આપણે ક્ષણભંગુર દેહમાં વાસ કરી રહ્યા છીએ, પક્ષિઓ પ્રભાતમાં ઉઠી પોતપોતનું સ્થાનક વરજી ઉડીને ચાલ્યા જાય છે, તેમ આપણે પણ આ દેહરૂપી ઘર છોડી એકવાર ચાલ્યા જવું છે તો તેનો સોચ શું કરવા કરવો જોઇએ, માટે પ્યારી એ આળપંપાળ તજી એક પરમાત્માનું સમર્ણ રાખ્ય કે જેથી તારા આત્માનું કલ્યાણ થાય.

હીરાં ઝઘડુશાનો બોધ સાંભળી શાંત થઇ, અને સંસારી વિચારમાંથી મન મોકળું કરી સુતી સુતી ભગવાનનું ભજન કરવા લાગી. દીવસે દીવસે હીરાંની વ્યાધી વધતી ગઇ, હાથ પગના ગમા નરમ પડયાં, ઝીસે કાંટા પડવા લાગ્યાં, આંખ્યો ઉંડી જતી રહી, દાંત ભીડાઇ ગયા ને બોલવું બંધ થઇ ગયું.

આ બનાવ જોઇ ઝઘડુશા કમ્મરમાંથી ભાગી ગયો અને તેના સઘળા હોશકોશ ઉડી ગયાં, સગાવહાલાઓને ઘેર ખબર આપી જેથી તેઓ બિચારાને ખબર પડતાંજ એક પછી એક દોડયા આવ્યાં અને વૈદને તાકીદથી તેડવા મોકલ્યું, થોડી વારે વૈદરાજ આવ્યાં ને હીરાનો હાથ પકડી નાડી જોવા બેઠાં નાડી જોઇ ના જોઇને હાથ હેઠો મુકી ઉભા થયા, કાંઇ

નથી તમારે સંભાળવું હોય તે સંભાળજો પાંચ મિનીટનો પરૂણો છે. એમ સુચના આપી વૈદરાજ તો આવ્યા હતાં તેમજ ચાલતાં થયાં.

વૈદરાજ બહાર નિસર્યા નહી તેટલામાં હીરાંને હેડકી આવી સગાવહાલાઓએ રડારોળ કરી મુંકી, ઝઘડુશાએ હીરાંનાં કાનમાં પૂન્યદાન કીધું અને સઘળા એકઠા મળીને રામ રામ કરવા લાગ્યાં. થોડીવારે બીજી હેડકી આવી અને ત્રીજી હેડકી આવતાં વાંતજ તે દુખી દારાની ડાકલી ફાટી અંદરનો અંસ ઉડી ગયો.

હાય હાય ગજબ થઇ ગયોરે મારા બાપલીઆ, એમ કહી ઝઘડુશાએ માથું કુટી કલ્પાંત કરી મુંકયું અને રાગડા તાણી રડવા માંડયું. કોઇ કાકી, કોઇ માશી, કોઇ ફોઇ, એમ એક પછી એક વારંવાર દુખના ઉગાદગારની પોકો પાડવા માંડી. બૈરીઓ ધડાપીટ ધડાપીટ કરતી કેડે સાલ્લાં બાંધી ખુલ્લી છાતીએ હાયરે હાયરે કરી ખડકીની બહાર કુટવા મંડી પછી આડોશીપાડોશી તથા નજીકના સગાં મળી મસાણીને ત્યાં ખાંપણ લાવી મુજના લાછાવડે શબને મજબુત બાંધ્યું અને ચાર જણા ખભા ઉપર વાંસના ચાર છેડા લેઇ. **"રામ બોલો ભાઇ રામ"** કરતાં દુધેશ્વરની શ્મશાનભુમિ તરફ દહન કીયા કરવા સારૂં ચાલતા થયા.

બૈરીઓ કુટતી કટતી પોળ સુધી આવી પાછી વળી ઓહો કરતા લોકોએ સબની પછાડી ચાલવા માંડયું અને ઝઘડુશા પણ કેડે હાથ મુકી મારા બાપરે મારા બાપલીયારે એમ પોકો મુકતો દુધેશ્વરની દહન કીયા ની શ્મશા નભુમી આગળ જઇ પહોંચ્યો. એટલે તરતજ શ્મશાનીઆઓએ શબ નેચેહમાં સુવાડી ઝઘડેશા પાસે અગ્નિ દાહ દેવરાવી તમ ામ ચેહ સળગાવી મુંકી.

બે કલાકમાં સઘળું શબ બળીને સફા થઇ ગયું માટીમાં માટી મળી ગઇ, બાદ સર્વે ઘડો લાડવો કરી કુકવો કરતા નદીમાં નાકીને ઝઘડુશાને ઘેર જઇ બેઠા. થોડીવારે ડાઘુમાં ભાયડા બાયડીઓ એકઠાં થઇ રીવાજ પ્રમાણે કાણુમોકાણુ કરી

ઝઘડુશાને છાના રાખ્યા. અને જમવા ઉઠાડી સઘળા ડાઘુમાં આવેલા સ્ત્રી પુરૂષો વિસર્જન થયાં.

ઝઘડુશાએ ત્રીજે દિવસે તાઢીવાળી નાત શીરસ્તા પ્રમાણે બાર દહાડા થયા એટલે સુંવાળું કાઢી બારમું કર્યું, અને ઉત્તર ક્રીયા કરાવી શોક મુકી સર્વે વાત વિસારે પાડી ધંધોરોજગાર ચાલુ કરી શામલાલની સંભાળ રાખવા માંડી.

પ્રકરણ ૭ મુ.

"શામલાલનું લગ્ન ને વશિયતનામું કરી આપ્યા બાદ ઝઘડુશાનું મરણ."

હીરાં મરી ગઇ તે વખત શામલાલની ઉમ્મર સાત મહીનાની હતી હવે ઝઘડુશાને મહાજંજાળ આવી પડી. પુત્રને ધવરાવવા ધાવ રાખી મોહોટો કરવા માંડયો અને પોતાનો સોનાનો વહેપાર શરૂ કર્યો, કેટલીકવાર શામલાલને તેડીને દુકાને આવતો ધાવને પણ પાસેને પાસેજ રાખી હતી, શામલાલ જરીક રડતો કે તરતજ તેની ધાવને ધવાડવા આપતો, કોઇ વખત ધાવ આઘી પાછી ગઇ હોયતો પાડોશીની સ્ત્રી પાસે લેઈ જઈ ધવરાવી આવતો, રાતની વખતે આડાશ કરી ઉંઘતો ના હોયતો પોતે હીંચકા નાખી હાલરડું ગાઈ ઉંઘાડી દેતો, ને ને કદાચ મળમુત્ર પણ ધોવું પડતું. એમ અનેકતરેહની વિંટંબણા વેઠીને ઝઘડુશાએ શામલાલને સાત વરસનો કર્યો.

હવે શામલાલને તેના પીતાએ કોઇ સારા મહેતાજીની નિશાળે ભણવા મુકયો અને સારી રીતે અભ્યાસ કરતાં તે અગીયાર વરસની વયનો થવા આવ્યો.

ઝઘડુશાએ પુત્રને ઉમ્મર લાયક થયેલો જાણી દીર્ઘદ્રષ્ટિ કરી વિચાર કરવા લાગ્યો કે, હવે શામલાલને પરણાવું તો ઘણું સારૂં થાય કાલની કોને ખબર છે. મારી વૃદ્ધાવસ્થા થવા આવી ઘડી પછી શું થાય છે? તે કોઇ કળી શકતું નથી માટે કાંઇ ચોરસું બેસારી દઉં તો ઠીક આમ વિચારના વમળમાં બેઠેલો હતો તેટલામાં નીચેના ચોકમાંથી કોઇએ હાંક મારી શેઠજી ઘરમાં છો કે?

ઝઘડુશાએ ઉઠીને ચોકમાં જોયું તો ગોરમહારાજને ઉપર

આવતા દીઠા, ઝઘડુશા દાદર સુધી સામો ગયો ને ગોરને આદરસત્કાર કરી અંદર તેડી લાવ્યો; ગોરમહારાજ નમસ્કાર છે. ઘણા દહાડે અમારૂ ઘર પાવન કર્યું એમ કહી ગોરને બેસવા આસન આપ્યું.

ગોરમહારાજે કુશળતા પુછી અને ઝઘડુશાએ ગોરને આવાગમનનું કારણ કહેવા કહ્યું.

ગોર બોલ્યા—શેઠજી ભાઇને સારૂ એક સ્વરૂપવાન કન્યા શોધી લાવ્યો છું. જો આપની ઇચ્છા હોયતો ત્યાં ચાંલા કરી લગ્નનું મુહુર્ત નક્કી કરીએ.

ઝઘડુશાએ કહ્યું—તેતો ઠીક પણ કન્યા કોનીછે કાંઇ ખાવા આપવા પડશે કે નહીં તેનો ખુલાસો કરો પછી હા અગર નાનો ઉત્તર દઊં.

ગોરે જવાબ દીધો—જુવો તમે મારા જજમાન છો તેથી તમને જુઠું જણાવી ફાંદામાં નાંખી ફસાવવા તે મહારૂ કામ નથી, મારો તો તમારા ભલામાં ભાગ છે, અડભંગશા કરી આપણી જ્ઞાતનો એક ગ્રહસ્થ છે તેની સ્ત્રીનું નામ અમથી કરીને છે, ને તેને રૂપાળી નામની એકનીએક દીકરી અતી સ્વરૂપવાન અને ભણેલી ગણેલી છે, ખાવા આપવાનો જઇ એક ખરચ થાય તેમ નથી, તેની સાથે ભાઈના વીવાહ કરવાની તમારી મરજી હોય તો તેમના તરફથી કોઇ સારૂ કુળવાન ઘર અને સુરતીઓ જોઈ ચાંલ્લા કરવાની મને પરવાનગી મળેલીજે.

ઝઘડુશાએ કીધું—વિવાહ કરવાને તો કાંઇ બાદ નથી આપણે તો ફકત માણસ સારા જોઇએ એટલે થયું, વાંધીલા હોય ને વાતવાતમાં વાંધો પાડે તેવા માણસથી બીહીજીએ છીએ.

ગોરે કહ્યું—બીહવાનું કાંઇ કારણ નથી માણસ તો ઠીકાઠીક છે બાકી સ્વભાવની તો માહેતી મેળવી નથી વળી તમારે કયાં તેને ઘેર દીકરી દેવા જવું છે તે સંતાપ છે આપણે તો ઉલટી કન્યા લેવી છે.

ઝઘડુશાએ કહ્યું—વારૂ ત્યારે ઠીક છે જો તમારી ઇચ્છા તેમ કરવાની છે તો હું ના પાડી શકતો નથી. પણ પલ્લાનું શી રીતે છે તેતો નાતશીરસ્તે આપવા લેવાનું છે "કંકુ ને કન્યા ને હજારનું પલ્લુ" ગોરે જવાબ દીધો.

ઝઘડુશાને હૈયે વાત બેઠી ને તરત ખુશીથી હા પાડી, સગાવહાલાંને બોલાવી તે વખતે શામલાલના વિવાહ અડભંગશાની દીકરી રૂપાળી સાથે કર્યાં.

ગોરે કહ્યું—આવતી સાલમાં સંગસ્ત આવે છે માટે લગ્ન પણ ઓણુના લગ્નસરામાં કરી નાંખવું પડશે, કારણ કે સંગસ્ત વર્ષમાં લગ્નની ક્રીયા થાય નહીં, તેથી જો તમારે અનુકુળ આવતું હોય તો સોમવતી અમાસને શુક્રવારનો દીવસ લગ્નને માટે ઘણો શ્રીકાર છે, એવો શુભ દીવસ ફરી ફરી આવવાનો નથી પછી આપણી મરજી.

ગોરમહારાજનું કેહેવું યથાર્થ છે એમ કહી સઘળાંએ અનુમત આપી અને ઝઘડુશાએ તે દીવસના લગ્નની તીથી કબુલ કરી.

લગ્નનો દીવસ નજીક આવ્યો, ઝઘડુશાએ મોટો માંડવો કાઢી સગાવા'લાને નોતરી બે ત્રણ નાતો ઉડાવી દીધી અને પાનસોપારીના બીડાં વહેચ્યાં, બાદ લગ્નને દીવસે મહોટા મહોટા શેઠ શાહુકારોને સાજનમાં લાવી હાર તોરા પહેરાવી હાથમાં ગુલાબછડી આપી બડી ધામધુમથી વરઘોડો ચઢાવી ચૌટામાં ફેરવી અડભંગશાના આંગણે લાવી ઉતાર્યો.

આ વખતે અડભંગશાએ પણ મન મોકળું મુકી દીધું હતું. ઘરની સામી બાજુ એક મોહોટો મંડપ કાઢી તેની અંદર હાંડી, ઝુમ્મર, મુન, વાલસટ, કાગળના ચીનાઇ ફાનસ વિગેરે સળગતાં લટકાવી દીધાં હતાં, પવનથી રોશની એવી તો ઝોલા ખાતી હતી કે જાણે તારાઓ તુટી પડ્યાં, જમીન ઉપર રંગબેરંગી ગાલીચા પાથરીને ઉપર મોટા ગાદી તકીઆ ગોઠવી દીધા હતા. અને મંડપની ચારે બાજુ ગુલાબી રંગના કપડાની ઝાલર સાથે મોટા મોટા બીલોરીકાચના તકતાઓ જડી લીધા હતા, વળી બૈરાંઓ માટે તો અમદાવાદની મો'ટી જેલની જાજમો મંગાવી પથરાવી હતી.

વરઘોડો ઉતર્યો અને વરરાજાને (શામલાલને) ઘોડા ઉપરથી ઉતારી મંડપમાં પધરાવ્યા, ઉપરાઉપરી કોથળાઓ આવ્યા અને તેમાંથી ઝઘડુશાએ શ્રીફળ લઇ સાજનીઆઓને આપવા માંડ્યા, થોડીવારમાં ભાડે આણેલી કંકુશ ભરાએલી

ખાલીખમ થઇ ગઈ અને નજીકના નાળીએર વિના પૈસાની આશાએ પર્ણાવવા પોહોર રાત્ર સુધી પડી રહ્યા. બંને વેહવાઈ સામસામા ભેટ્યા પછી ગોરે વરરાજાને તોરણ કરી ગોત્રદેવી પાસે લાવી વરમાળા આરોપી, વરકન્યાનો હસ્તમેળાપ કર્યાબાદ માહેરામાં બેસાડી ગોર ચોરી બાંધવા ગયો, ગોરે થોડીવારમાં ચોરી બાંધી તૈયાર કરી વરકન્યાને સાથે લાવી મોટા ઘાંટા કાઢી મંગળફેરા ફેરવી દીધા અને અડભંગશાએ યથાશક્તિ પ્રમાણે કન્યાદાનમાં આપી વરકન્યાને પાલખીમાં પધરાવી જાનીવાસેથી તેમના ઘર તરફ વિદાય કીધા. ને ઝઘડુશા પ્યારા દીકરાને રૂપાળી વહુ પર્ણાવી વાજતેગાજતે પોતાના ઘેર લાવ્યા.

રૂપાળીને પર્ણે પુરૂ વરષ તો થયું હશે નહીં તેટલામાં તો શામલાલ કરતાં પણ ઉંચી વધી ગઇ, અને ઘરમાં કોઇ આધેર બૈરૂં શીખામણ દેવા યોગ્ય હતું નહીં તેથી બોલકણી પણ વધારે થઇ કોઇની લાજ શરમ તો રાખતીજ નહી, જમ્યા પછી બપોરે બાપ દીકરો દુકાને જતાં ને સાંજના પાછા વાળુ વખત ઘેર આવતાં, તે દરમ્યાન વચલો વખત રૂપાળી પોતાની સહીપણીઓ સાથે લોકોના ઘર ગણવામાં ગાળતી હતી, ઘરમાં કામ ધંધો તો કરવોજ કોને, કોઈ કાંઇ કહેવા જતું તો તેને કચડવાજ ધાતી, શામલાલ શીખામણના બે બોલ કહેવા જતો તો સામો જુવાબ દઈ એકના અનેક શબ્દ શીર્પાવમાં આપવા ચુકતી નહીં, ઝઘડુશાને તો ઘરડો ઠચરો ઠચરો કરી સામી ઉભી રહી દાંતીઆ કરતી. રૂપાળી શામલાલથી કાંઇક મ્હોટી ઉમરે માલમ પડતી હતી. તેથી શામલાલને સંતાપવામાં કાંઇ બાકીજ રાખતી નહોતી આ બૈરીના બળાપામાં ને બળાપામાં બીચારો શામલાલ તો સુકાઇને દુખલાલ બની ગયો હતો. ઝઘડુશા પણ રૂપાળીના રંગ ઢંગપરથી જાણી ગયો હતો કે આ સંઘ કેદાર પહોંચવાનો નથી.

હવે ઝઘડુશાને જરા આવી પહોંચી માથાના તમામ નિમાળા સફેદ રૂઉની પુણી જેવાં થઇ ગયાં, મોંહની બત્રીશી બહાર નીકળી આવી ડાચાં બેશી ગયાં, અને શરીરની ચામડી કરચલી વળી લટકવા લાગી, હાથ પગ થરથર ધ્રુજવા માંડયા આંખે ઝાંખ વળી પાણી ગળવા માંડયું અને મુખમાંથી લાળ

પડવા લાગી. આથી ઝઘડુશાએ જાણ્યું કે હવે આપણે થોડા દહાડાના પરૂણા છીયે તેથી શામલાલને ઘરસંસારથી વાકેફ કરી સઘળી ઇસ્કામતનું વશીયતનામું કરી તેના કબજામાં સોંપુ જેથી મારા મુવા પછી તેને પુંજીનો કબજો મેળવતાં કાંઇપણ અડચણ આવે નહીં એ વીચારથી ઝઘડુશાએ એક હુંશીઆર વકીલને ફી આપવાની કબુલ કરી તેડી મંગાવ્યો, અને વકીલે ઝઘડુશાની ભલામણ પ્રમાણે ટુંક મુદતમાં એક વિલ તૈયાર કરી તેના હાથમાં મુક્યું, ઝઘડુશાએ તેના નીચે સહી કરી વકીલને તેની ફી આપી વીદાય કીધો. રાત પડી અને ઘરના તમામ માણસોને શયન કરવાનો વખત થવા આવ્યો તે વખતે ઝઘડુશાએ શામલાલને તેની મેઢી અંદરથી બહાર બોલાવી પોતાની પથારી પાસે બેસાડી નિચે પ્રમાણે કહેવા લાગ્યો.

મારા પ્યારા દીકરા હું તને જે છેલ્લી શીખામણ આપુ છું તે તારા કોમળ અંતઃકરણમાં કોતરી રાખજે. સાંભળ? આ ફાની દુનીઆમાં હવે હું અલ્પકાળ દીવસ ગુજારવાનો છું વધારે વખત નહીં રહેવાને આ મારા સફેદ ચળકતા વાળ સાક્ષી પુરે છે માટે હવે મારે તને ઝાહેર કરવું જોઇએ કે તારા બાપના મુવા પછી તારા બાપની મીલકતને મેળવતાં આગળ ઉપર તને અડચણ આવે નહીં તેટલા માટે મેં એક હુંશીઆર વકીલ મારફત તારા નામથી એક વીલ તૈયાર કરાવ્યું છે, અને તે વીલની શરતથી તેના અંદર લખેલી તમામ મીલ્કતનો તું કુલકુલા વારસ થઇ ચુક્યો છું.

હવે આ ત્રીજોરીની કુંચીઓ હું તને સોંપુછું તે તું સંભાળી લે, કબાટના અંદરની ત્રીજોરીમાં સોના રૂપાના મળી વીસ હજારના દાગીના દાભડામાં ભરી મુકેલા છે. વીસ હજાર રોકડા સકાઇની દસ થેલી ઉપરના ખાનામાં આડી બોડવેલી છે. અને નીચલા ખાનામાં ચાર ટકાવાળી પ્રોમીસરી નોટ રૂપીયા પાંચહજારની તથા પરચુરણ શેરો મળી રૂપીયા પંદરહજારના કાગળીઆ મોહોટા ભુંગળામાં ભરી મુકેલા છે.

વળી હાલમાં અત્રે "રત્નપુરોના" રહીશ મેસર્સ કેઠી એસ તરફથી ,'ડાયમન્ડ બેન્ક" ઉઘાડવામાં આવેલી છે ને તે બેન્કે નવ ટકા વ્યાજ આપવાની કબુલાતે ત્રણ કરોડ

રૂપીઆની "લેધરલોન" કાઢી છે, બેન્ક ઘણા સારા પાયા ઉપર ચાલે છે, બેન્કની એજન્ટ તરીકે એક "મીસીસ ન્યુઓલ્ડન" કરી ઇંગ્રેજ સ્ત્રીને બેન્કનું કામ કાજ કરવા નીમેલી છે ને તેના હાથ નીચે માધવલાલ કરી એક સુરતી કાયત કામ કરે છે, તે ઘણો હુંશિયાર અને કાબેલ માણસ છે "મીસીસ ન્યુઓલ્ડન" તેની સલાહથીજ સઘળું કામકાજ કરે છે. જો કે તેણી ઘણી જઇફ ઉમ્મરે પોહોંચેલી છે, અને કમ્મરમાંથી વાંકી વળી ગઇ છે તો પણ શ્રમ લઇ એક નિષ્ઠાથી પોતાનું કામ બજાવ્યા કરે છે. માધવલાલ ઘણીવાર આપણે ઘેર આવે છે અને તેની સાથે આપણે ઘરોબા જેવું છે, તેથી તેનીજ સલાહથી આપણે "દોઢડાખા દલાલ"ની મારફત ચાલીસ હજારની "લેધરલોન"ના ચાર કકડા ખરીદ કીધા છે. બેન્કનો ધણીધોરી હાલ માધવલાલ છે, તેને સોનાની ટેકરીવાળાઓએ લોનનો ભાવ વધારીને બાર ટકા કરી મુકયો છે તેથી લોન શોધી પણ મળતી નથી, આ બેન્કનો ધંધો ઝરણાપન્નાથી કોરા હીરા મંગાવી અતરે ઘસાવી ઓપ ચઢાવી પરભાર્યા વિલાયત પોતાના આડતીઆ ઉપર મોકલી આપે છે, વિલાયતના વેહેપારી આપની "ડાયમન્ડ બેન્કના" હીરાનું તેજ જોઇ બાપડા એકદમ અંજાઇ જાય છે. તેથી મોકળા મને ખીસ્સા ખાલી કરી એકદમ ખરીદ કરી લે છે. હીરાના ખરેખરા દામ તો ત્યાંજ ઉત્પન્ન થાય તેવું જણાય છે. પરંતુ માલની અછત હોવાથી વખતસર બેન્ક માલ મોકલી શકતી નથી તેથી બજારમાં ભાવ આટલેથીજ અટકી પડયા છે, નહીં તો સટોરીઆઓએ કેત્રારના પણ બારના અઢાર કરી મુકયા હોત.

આ લોનના કાગળીઆ બેન્કની આખર સુધી અનામત રેહે તેટલા માટે તમામ ચલણી નોટ જેવાં ચીકણા ચર્મ પત્ર ઉપર વિલાયતી વોરનિસની કાળી શાહીથી છાપવામાં આવેલા છે, અને તેથીજ સદરહુ લોનનું નામ "લેધરલોન" રાખવામાં આવેલું હશે ?

માટે મારે તને કેહેવાનું એટલુંજ છે કે ચાલતાં સુધી

તારે તે લોન વેચી ખાવી નહીં, આગળ ઉપર તેના દામ દુ-પટ થઇ જશે અને તને ઘણો ફાયદો રેહેશે, તે ચાલીસહ-જારના નોટના ચાર કકડા પણ તેજ ખાનાની બીજી બાજુએ ચાસડાની પેટીમાં રૂમાલે બાંધી રાખી મુકયા છે.

બીજું આપણી સોનાની દુકાન સારી સ્થિતિમાં રહે અને જેમ આપણી આબરૂને અડચણ આવે નહીં એવી વર્તણુકથી વરતજે અને દુનિયામાં કુળ દીપક થજે. વલી તારી સ્ત્રી ઘણી નાદાન છે બીલકુલ કહ્યાગરી નથી, બાન વાતમાં વાંક કાઢી એકના અનેક સંભળાવે છે તેને દુષ્ટ લોકોની સોબત કરવા દઇશ નહીં, અને તેના ઉપર કડપ રાખી કબજે રાખજે. જો તેમ તું નહીં વર્તે તો હાલના જમાનાંના લોકો એવા તો ઇ-ર્ષાવાળા છે કે તમો બંનેને ઉંધુ ચત્તુ બતાવી ઘરના હાલ હવાલ કરાવી નાંખશે. કદાચ તારી બૈરીથી તને બનતી રાસ ન આવે તો પણ ભુલે ચુકે બીજી બૈરી કરીશ નહીં, લાખ વીંછીની વેદના સારી છે પણ બે બૈરીનું દુઃખ ભુંડુ છે. તે તો જેને વીત્યું હશે તેજ જાણતો હશે, હવે જાઓ બેટા એ ટલી શીખામણ બસ છે, રાત ઘણી ગઇ છે માટે સુઇ રહો પ્રભાતમાં વેહેલા ઉઠજો. મને પણ હવે નિંદ્રા આવે છે માટે હું પણ શયન કરૂં છું. આ વીલ તૈયાર કરાવેલું છે તે તું લે, ને તેને સંભાળીને તું તારા કબજામાં રાખજે અને કામ પડે તેનો ઉપયોગ કરજે.

બાપ દીકરો બંને જુદા પડ્યા, શામલાલ પોતાની મેઢી ઉપર જઇ સુઇ રહ્યા અને ઝઘડુશા પણ શામલાલના સુખને માટે વિચાર કરતો કરતો નિંદ્રાદેવીને વશ થઇ ગયો. હવે ઝઘડુ-શાની અજલ આવી પહોંચી, કમ્મરમાંથી બેવડો વળી ગયો ટાંટીઆ એક મેક અથડાવા લાગ્યા, હૈડીઓ બહાર નીકળી આવ્યો, અને હાડ પીંજર એકલું દેખાવવા માંડયું શામલાલે દાકતરને બોલાવી દવા કરાવા માંડી પણ સઘળું ફોકટ, ફકત તેર દીવસની ટુંકી મુદતનો તાવ આવ્યો, અને તડાકા બંધ શામલાલને સૂતો મુકી, પણુચોતેર વર્ષની પુરી જઇંદીએ દેહ રૂપી દુનિયામાંથી સાંજના સાડાચાર કલાકે પાણીના પુરની માફક પોબારા ગણી ગયો.

શામલાલ પિતાના મર્ણથી ઘણો શોકાતુર થઇ ગયો, ખાવું પીવું તજી આખો દીવસ માતપિતાને સંભારી રડરડ કરવા માંડયું, ભાઇબંધ દોસ્તદાર તથા સગાંવહાલાઓએ મળીને તેને શીખામણ આપી કે ભાઇ માબાપ તે કયાં સુધી બેશી રહે, આપણે તેમની ઘણીએ જરૂર હોય પણ આવરદાની દોરી ટુંકી હોય ત્યાં કોઇનું કાંઇ ચાલે નહીં, "ખુટી તેની બુટી નથી" સૌકો જાયું છે તે જવાનેજ માટે મિથ્યાશોક મૂકી દે, અને તારા પિતાની જેમ સદ્‌ગતિ થાય તેવા ઉત્તમ કાર્યનો આરંભ કર, આમ રડીને આંસુ લીંટ નાંખીએ તો તે બિચારાઓને રૌરવ દુઃખ ભોગવવાં પડે અને આપણે ઉલટાં પરમેશ્વરના ગુન્હેગાર ઠરીએ.

આ શીખામણથી શામલાલ તરત સમજી ગયો અને પોતાના પિતાનું કારજ કરી સર્વ શોક મુકી દેઇ પિતાનો બતાવેલો સોનાનો ધંધો ચાલુ કરી આનંદમાં દીવસ ગુજારવા લાગ્યો,

પ્રકરણ ૮ મું.

" રૂપાળીની નઠારી ચાલ. "

હવે ઘર સંસારની લગામ રૂપાળી વહુના હાથમાં આવી, તેથી ચાકર નફર તથા વાણોતર ઉપર હુકમ બજાવવા માંડયો અને કેટલાક જુના માણસોને રજા આપી પોતાના મન પસંદ માણસોને પોતાની પાસે રાખ્યાં; રૂપાળીનો રોફ વધી પડયો અને શામલાલને તો તૃણ માફક ગણવા લાગી, સમી સાંજથી બહાર ભટકવા જતી તે પાછી પોહોર રાત્રે ઘેર આવતી, શામલાલ મોડા આવવાનું કારણ પુછતો તો તેના પ્રતિઉત્તરમાં પાંસરો જુવાબ દેવાને તો તેને સોગનજ ખાધા હતા.

આજ મારી માશીને ઘેર ગઇ હતી. આજ ફલાણીને ઘેર જરા કામ હતું, આજ મારા પીયર ગઇ તેથી અસુરૂં થયું, આજ જરા બલાગર આવી માથું દુખતું હતું તેથી પાડોશીના ઘરમાં સુતી હતી. એમ અનેક તરેહના આડાદોહોડા બ્હાના બતલાવી હરરોજ અખાડા કરતી, શામલાલ જ્યારે તેને સોંટી લઇ ખોખરી કરતો ત્યારે સામી ગોળાની ગોફણો ગબડાવી

મોહુવાળી રડવા બેસતી અને પ્રસંગે પ્રસંગે ઝેર ખાઇ મરી જ-વાની કે કુવો હવાડો કરવાની બીક બતલાવતી ઊલટી ઓશી-આળો કરતી.

જે માધવલાલ આગળ આપણે જણાવી ગયા છીએ તે સખ્સ ગધડુશાની હયાતી છતાં કોઈ કોઈવાર તેના ઘરમાં આ-વતો હતો તે દહાડાથી રૂપાળીને તેની સાથે મોહોબતની મડાગાંઠ પડેલી હતી. અદ્યાપી સુધી માધવલાલ શામલાલ પાસે બેન્ક સંબંધી બ્હાનું કાઢી રૂપાળીના મેળાપ માટે અવાર નવાર આવ જા કરતો પરંતુ શામલાલને તેની ચાલ ચલગત સારી લાગી નહીં, તેથી પોતાના ઘરમાં આવતો બંધ કીધો હતો. માધ-વલાલ આવતો બંધ થયો એટલે રૂપાળી બ્હાર જવાનું બ્હાનું કાઢી ઘણીખરી વખત તે માધવલાલના મેળાપ માટે છાનીમાની તેને ઘેર જતી આવતી થઇ. શામલાલને આ વાતની ખબર મળવાથી રૂપાળીને સાયંકાળ પછી બ્હાર જવાને બીલકુલ બંધ કીધું, આજની સાંજના સાત વાગતાં રૂપાળી ઘરમાંથી છાની-માની સટકી જઇ તે સુરતીકાયત માધવલાલને ઘેર ગઇ હતી અને મોડીરાતના મળવાનું નક્કી કરી આઠ વાગ્યાના અમલે પોતાના ઘર તરફ પાછી વળી હતી શામલાલે જોયું તો તે રૂપાળી ઘરમાં હતી નહી, તેથી તેને તરત વહેમ પડયો અને પોતાના માણસોને બહાર શોધ કરવાને હુકમ કરેછે તેટલામાં તો રૂપાળીશેઠાણી ધસમસતાં ઘરમાં પેઠાં.

શામલાલે પુછયું-અત્યારસુધી ઘર છોડી ભુંડણની માફક ક્યાં ભટકવા ગઇ હતી? તેના જુવાબમાં રૂપાળીએ તડાકાબંધ કહ્યું અમે અમારે ગમે ત્યાં ગયા હઇશું તેમાં તારે શી પંચાત છે. આવા જુવાબથી શામલાલને અત્યંત ક્રોધ ચઢયો ને તેની સારી પેઠે સેવા ચાકરી કરી કોપરાપાક જમાડયો. રૂપાળીથી કોપરાપાક પાચન થઇ શકયો નહી, તેથી બ્હાર નીકળાના બ્હા-ના શોધતી શામલાલની સામે ગાળોની ગોફણો ફરતા ફરતી ફેંકતી હતી; "વાંચનાર" તેજ આ રૂપાળી છે જે અર્ધરાત્રીના સમયે શામલાલની સાથે માધવલાલના મેળાપને માટે ગાળોનું યુદ્ધ મચાવી કુવે પડવાનું બ્હાનું કાઢી કુવામાં પથ્થર નાંખી પોબારા ગણી ગઇ હતી અને તેજ પુરૂષ આ આપણો શા-

મલાલ કે જે રૂપાળીને કુવામાં પડી મરી ગયેલી જાણી અફ્સોસ કરતો પાછલીપોહોર રાત્રી બાકીએ નિદ્રાદેવીના પાસમાં પડી ઘસઘસાટ ઘોરતો હતો.

પ્રકરણ ૯ મું.

"બંને ઉપર ફોજદારી કેસ."

"વાંચનાર" તમો હવે જરા રૂપાળીની રમત જુવો. રૂપાળી કુવામાં પથ્થર નાખી નાઠી તેવીજ તે માધવલાલના ઘર નજીક આવી પહોચી. આ માધવલાલનું મકાન ચંદનીચોકની દક્ષીણ દીક્ષા તરફના એક ખુણામાં આવેલું હતું ત્યાં જઇ તરત તેણીએ બુમ મારી નીચલું બારણું ઠોકયું, આ વખતે રત્રીના બે વાગ્યાનો શુમાર થવા આવ્યો હતો, અને મુંબઈ ગુજરાતી નાટક મંડળીનો "રાજબીજ" નો ખેલ જોઇ લોકો હારાદોર ઘર તરફ પાછા ફરતા હતા તે સમયમાં રૂપાળીનો સાદ સાંભળી તરત માધવલાલ ઉઠીને બારીએ આવ્યો અને જોયું તો પોતાની માશુકને નિચલું બારણું ઠોકતાં દીઠી તેથી હર્ષભેર નીચે ઉતર્યો ને બારણા ઉઘાડી રૂપાળીને અંદર લીધી.

નાટક જોઈ આવનાર તમામ જુવાનીઆઓ આ બનાવ જોઇ તરત તે ઘર તરફ ધશા અને બ્હારથી સાંકળ ચઢાવી પાધરા પોલીસને તે વીશેની ખબર આપી પસાર થઇ ગયા.

ફોજદારે રૂપાળી નામની સ્ત્રી ઘરેણું લઇ નાશી ગએલી છે માટે તપાસમાં રહેવું તેની ખબર પ્રથમથીજ સઘળી ચોકીના અમલદારોને આપી ચુકયો હતો, તેથી અહીંના જમાદારને તરત શક પડયો અને તેજ વખત પોલીસની ચોકી મુકી ફોજદારને ત્યાં જાહેર કરવા ગયો.

બ્હારની ધાંધલ સાંભળી માધવલાલ બ્હારી આગળ આવ્યો અને જુવે છે તો પોલીસના સીપાઇઓને મકાન નીચે ફરતાં જોયાં, આથી તે બિચારો ઘણો ઘભરાયો ને તેની તો પોતીઆની પાટલી ઘાલે તો કાછડી નીકળી જવા માંડી, એને તો નક્કી થઈ આવ્યું કે પોલીસને ખબર પડી ગઈ ને પાકા સપડાણા હવે છુટવાનો આરો નથી. બારીએથી ઘરમાં આવ્યો અને ઘરમાંથી બારીએ આવી હાય હાય શું થશે એમ કહી પાછો વળી ઘરમાં આવી બોલ્યો હાય હાય ભોગ મળી ગયા હવે હું શું મોં દેખાડીશ.

રૂપાળીએ ઘભરાટમાં પુછ્યું—સરકાર? નીચે ધમાધમ શેની થાય છે કે જેથી તમો આટલા બધા બે બાકળા બની ગયા છો?

માધવલાલ બોલ્યો—અરે પુરી મોકાણ મંડાણી છે, આપણી વાત સતંદર ઉઘાડી પડી ગઇ છે તેથી પોલીસના સિપાઇઓએ આખું ઘર ઘેરી લીધું છે. પાકી ખરાબી થઇ પ્રભાતમાં આપણ બંનેને પકડી પોલીસ કોરટમાં ઉભાં કરશે ત્યારે શો જુવાબ દઇશું. તારે ગમે તે તું કર પણ હું હવે ઝેર ખાઈ મરી જઇશ.

રૂપાળી જરા ઘભરાઈ તો ખરી પણ હીમ્મત આણી બોલી, આમ બાયલાની માફક બોલી હીમ્મત શું હારો છો, પોલીસ પકડી લઈ જશે તો સરકાર પાંચ પાંચ રૂપિયા દંડ કરશે પછી શું કરનાર છે કાંઇ જીવતો લેનાર નથી. "કરના શો ડરના કયા."

માધવલાલ બોલ્યો—પણ મારી તો અત્યારથી નોકરી ને આબરૂ બંને ગઈ હું લોકોમાં શું મોં દેખાડું, આટલા વરસ બેન્કની ચાકરી કરી ઇજત મેળવી તે પાણીના પુરની પેઠે વહી જવાનો વખત આવ્યો મારા ક્યાં ભોગ લાગ્યા કે તારી સોબત કરી આબરૂના કાંકરા કર્યા, તું તો જેમ કરે તેમ છાજે તેમ છે પણ મારે તો કેહેવત જેવું થયું, "પરનાર સદા ખુવાર, કાંટેકા બિછાના ઓર જુતીકા માર." તારા તો સતર સગાં તને છોડાવવા મેહેનત કરશે પણ મારૂં પરદેશીનું આંહી કોણ સરીગત થાય. માટે હું તો હવે મારૂં મોં બ્હાર બતલાવનાર નથી. એમ કહી ઘરમાંથી પાણી ખેંચવાનું દોરડુ ખોળી લાવ્યો અને ઉંચે લોઢાના કડા સાથે બાંધી ગળામાં ફાંસો નાંખી લટકવા જાય છે તેટલામાં રૂપાળીએ બૂમ મારી. કોઈ આવજો રે આવજો આ માધવલાલ ગળામાં ફાંસો નાખી મરી જાય છે.

તેટલામાંતો ફોજદાર કેટલાક સિપાઇઓ સહીત નીચે આવી પહોંચ્યા, અને ઘરને દીધેલી સાંકળ ઉઘાડી માધવલાલને ફાંસો ખાધા પેહેલાં એકદમ ઉપર ચઢી આવી બંનેને કેદ કરી લીધાં.

સરીયામ રસ્તા ઉપર સિપાઇઓથી સોરબકોર થઈ રહ્યો

પોફાટવાનો વખત નજીક આવવાથી કેટલાક ભારત લોકો સુ-
વેળાથી ઉઠી તે રસ્તે થઈ સરીતા ત્રટે સ્નાન કરવાં જતા હતા,
તેઓ પણ સિપાઇઓની ધમાલ જોઈ ત્યાં ઉભા રહ્યા, આડો-
શીપાડોશી પણ એક પછી એક પોતાના નિયમસર ઉઠી બા-
રીએ આવી ભજન કરવા બેઠા, કેટલાક તો બારીએથી કાળા
ડગલાવાળાને જોઈ નીચે આવી જમાદાર શું છે શું છે
કરી પુછવા લાગ્યાં, પ્રભાત થયો ને લોકોની ભીડ ભારે
થઇ અને એક પછી એક એમ ભરતીમાં ભરાયતાંજ
ગયા. ફોજદારે બંનેને મેડા ઉપરથી નિચે ઉતરવાનું કહ્યું
પણ બેમાંથી એકે નીચે ઉતર્યુ નહીં અને અત્યંત કાલાવાલા
સાથે માધવલાલે પાંચસો રૂપીઆનું એક ચલણી નોટ ફોજ
દારના હાથમાં મુકી બોલ્યો સાહેબ હવે મારી લાજ રાખો
હું પરદેશી નાહક માર્યો જઇશ ને મારી નોકરી જતી રહેશે
મેં ભુલ મોટી કરી છે માટે ગમે તેમ કરી આ વખત આટલો
મારો બચાવ કરો.

ફોજદાર સાહેબ આ હરામની નોટ હજમ તો કરી જાત
પણ કરે શું હોઇયાં થાય તેમ હતું નહી તેથી લાચાર
કારણ કે લોકમાં વાત ચાવી થઇ ગઇ હતી અને હજારો આ-
દમી રસ્તામાં એકઠા થયા હતા, આથી ફોજદારે માધવલાલને
કહ્યું હવે હું કાંઇ કરી શકતો નથી માટે મુંગા મુંગા નીચે
ઉતરો નહીં તો સીપાઇઓ પાસે ધક્કા મરાવી હેઠા ઉતારવા
જરૂર પડશે. આ સ્વાલ બેમાંથી એકે ગણુગાર્યો નહી ને જમીન
ભણી મોં રાખી બંને જણા ત્યાંનેત્યાંજ ઉભા રહ્યાં, ફોજદારે
શીપાઇઓને ઉપર બોલાવ્યા ને બળાત્કારે બંનેને મેડા ઉપરથી
ઉતારી સરીઆમ રસ્તા ઉપર લાવ્યા.

જ્યારે પાસે ઉભેલા લોકોએ તેમને નીહાળીને જોયાં ત્યારે
તો તેઓ ચકીત થયાં અને બુમો પાડી બોલવા લાગ્યાં અરે!
આતો પેલો ડાયમન્ડ બેન્કનો હેડકલાર્ક સુરતી કાયત માધવ-
લાલ અને પેલી શામલાલ શેઠની સ્ત્રી રૂપાળી !! અડભંગશા
ની દીકરી !!! ધીક્કાર પડો તેમના જીવતરને રાંડનાઓએ મા
બાપોની આબરૂના કાંકરા કર્યા, એ પ્રમાણે ઉચ્ચાર કરી લોકો
ફટફટ કરવા લાગ્યા.

ફોજદારે બંનેનું નામ પોતાની ડાયરીબુકમાં નોંધી લીધુ તે ઉપર બંનેની સહીઓ લીધી, અને રૂપાળીનું પહેરેલું ઘરેણું ઝડતીમાં લઈ પોટલી બાંધી સીલસીક્કો કરી જમાદારના સ્વાધીન કીધું. બાદ બંને ઉપર ચોરીનું ત્હોમત મુકી બીડો તૈયાર કરી શીપાઇના હાથમાં સોંપી તહોમતદારોને તુરંગમાં લઈ જવાનો હુકમ કર્યો અને તેજ દીવસના અગીયાર વાગતાં માજીસ્ટ્રેટની કોરટમાં મુદ્દા સાથે હાજર રાખવાનું કહી અશ્વારૂઢ થઈ પોતાના મકાન તરફ ચાલતો થયો.

શીપાઇઓએ તરત આજુબાજુના લોકોને ચાબકા મારી હઠાવવા લાગ્યા અને કેદીઓને વચમાં રાખી માધવલાલની જાનને મંદીરશાળા તરફ દોરી ચાલ્યા, જોવા આવનાર એકઠા થનેમા પણ પુંઠેપુંઠે હુરેહુરેના ગીતો ગાતાં વોળાવાને ઠેઠ મંદીરશાળાના મકાન સુધી ચાવી લાગ્યાં, શીપાઈઓએ તુરંગનો દરવાજો ઉઘાડી કેદીઓને અંદર દાખલ કર્યા અને પાછો દરવાજો બંધ કરી લીધો કહેવત છે કે "તમાશાનું તેડુ નહી ને ઇશકનું મુલ નહી" બંનેને અંદર પુર્યાં છતાં પણ તમાશામાં તલ્લીન થયેલા લોકો ત્યાંથી પાછા હઠવાને હીમ્મત ધરાવતા નહીં, શીપાઇઓ હટોહટો કરી બુમો મારી થાક્યાં પણ કોઇએ ત્યાંથી આઘું ખસ્યું નહી, છેવટે થાકીને તેઓએ હાથમાં ચાબકો લઈ ફટકારવા માંડી, ઊપરાઊપરી સડાસડ થવા લાગી મારથી લોકોમાં નાસાનાસ થઈ ભંડાણ પડયું અને એકત્ર થયેલું ટોળું ચારે તરફ વિખરાઈ ગયું.

ટોળું વિખરાયાની આગમચ એક સખસ સાસબેર પુર જોસમાં પાસે થઈ ઘર ભણી પસાર થતો હતો આ ખંતીલો પુરૂશ કોણ હશે? તેની જરા તપાસ કરીએ. જોઇએ શું ! કે તે તો શામલાલનો વાણોતર વેણીચંદ કરીને હતો કે જે પ્રભાતમાં ઉઠી પોતાના શેઠને ત્યાંશાક ભાજી આણુવાને અર્થે, પૈસા લેવા જતાં રસ્તામાંજ રૂપાળીનું ધાંધલ જોયું અને બંનેને સિપાઇઓ તુરંગમાં લઇ જતા હતાં તે જોઈ પોતે ગભરાટમાં પડી સઘળો વૃત્તાંત પોતાના શેઠને જાહેર કરવા ઝપાટાબંધ જતો હતો.

વેણીચંદ શામલાલને ત્યાં આવ્યો અને ચાકરને બુમ મારી કહ્યુ શેઠને જલદી જગાડ મારે તાકીદથી સંદેશો કેહે-

વાનો છે, આ વખત શામલાલ મોડી રાતના ઉજાગરાથી ભર-ઉંઘમાં પડયો હતો, ચાકરે ઉપર આવી શામલાલને ઉઠાડી કહ્યું સાહેબ ? પ્રભાત થઇ ગયો છે ને વેણીચંદ કાંઈ તાકીદની ખબર કેહેવા બહાર બેશી રહ્યા છે.

શામલાલના પેટમાં તરત ધ્રાસકો પડયો, સઘળી ઉંઘ ઉડી શઈ અને બાવરો બાવરો પથારીમાંથી ઉઠી બહાર આવ્યો, વેણીચંદને જોઇ તરતજ તેને ચેતા પડી ગયાં કે, નક્કી ગઇ કાલ રાતના સ્નાનના સમાચાર છે, તો પણ હિમ્મત આણી વેણીચંદ પ્રત્યે પુછપરછ કરવા લાગ્યો.

શામલાલ—વેણીચંદ તમારે શું કેહેવાનું છે જે કેહે-વાનું હોય તે ઝટ કહી નાંખો જરા પણ વીલંબ કરશો નહી?

વેણીચંદ—અરે સાહેબ! ગજબ જઇ ગયો કાંઇ કેહે-વાનીજ વાત રહી નથી.

શામલાલ—પણ છે શું તે તો કહો?

વેણીચંદ—અરે! શું કહું સાહેબ!! મારૂં તો મોંજ ફાટતુંજ નથી!!!

શામલાલ—ભલા આદમી કેહેવા આવ્યો છે તો કાંઈ પણ કહીશ કે નહીં ?

વેણીચંદ—સાહેબ નાક નીકળી ગયું.

શામલાલ—કોનું ?

વેણીચંદ—તમારૂં ને તમારા બાપનું.

શામલાલ—શાથી ?

વેણીચંદ—રૂપાળી વહુથી,

શામલાલ—કેમ થયું ?

વેણીચંદ—જોયા જેવું થયું,

શામલાલ—પણ મુર્ખ માણસ શું થયું તે તો ભશીમર મારો જીવતો સાંભળીને પડીકે બાંધ્યો છે, ને તને તો આમ નખરાં સુઝે છે.

વેણીચંદ—સાહેબ શેઠાણીઇઇઈ.

શામલાલ—તો અભૂજ ? શેઠાણીને છે શું ? વાઘે ખાધી, ધાડે મારી, કે કુવે પડી મરઈ ગઇ. ભશીમર ઝટ ? આમ અટકી અટકીને બોલી મારા હોસ ઉરાડી દીધા.

વેણીચંદ–અરે મારાં સાબ મરી ગઇ હોત તો સારૂજ હતું તો મોં ઢાંકીને જાત એટલે દેખવુંએ ના પડત ને દાઝવુંએ ના પડત.

શામલાલ–ત્યારે થયું શું? તે કહીશ કે નહીં?

વેણીચંદ–અરે એતો ગઇ.

શામલાલ–કયાં ગઇ?

વેણીચંદ–વહી ગઇ.

શામલાલ–કોની સાથે?

વેણીચંદ–સુરતી કાયત સાથે.

શામલાલ–શું વેણીચંદ આ ખબર તું બરોબર લાવ્યોછું.

વેણીચંદ–અરે હાજી હા? આપના આગળ પ્રભાતમાં જુઠું બોલું અતરઘડી બંનેને પોલીસના સીપાઇ પકડીને કેદખાનામાં લઇ ગયા. આખા ગામમાં તો વાયકા ઉડી ગઈ ને હજુ આપ તો ઊંઘમાં ઉંઘો છો.

ખુનના ત્હોમતનો ભય એકદમ વેણીચંદનું વચન સાંભળી દુર થઈ ગયો તેથી શામલાલનું મન સારી રીતે થયું ને હળવે રહી બોલ્યો? વેણીચંદ એમાં આપણે શું કરીએ ભોગ રાંડના કરશે તેવું ભોગવશે. આપણને આગળ પડવાનું કાંઇ પ્રયોજન નથી. ઉલટા આપણી ફજેતીના ફાળકા વધારે થશે. એમ વાતચીત કરે છે એટલામાં પોલીસનો એક શીપાઇ શામલાલ શેઠ કીદર રહેતેહેં એમ પુછતો પુછતો ત્યાં આગળ આવ્યો, શામલાલ બોલ્યો મારૂં નામજ શામલાલ છે. મીયાં સાહેબ તમારે શું કામછે? મીયાં બોલ્યા–તુમકો ફોજદારસાબ અભીનેઅભી બુલાતેહેં લો ચીઠી તાકીદસે બાંચલો દેર કરનેકા કામ હે નહી. ચાલો મીયાંસાહેબ આવું છું એમ કહી ચીઠી વાંચી શામલાલે લુગડાં પહેર્યાં અને વેણીચંદને લઇ ફોજદારને ત્યાં ગયો, ફોજદાર સાહેબ આ વખતે શીપાઇઓની હાજરી લેતા હતા. તેની પાસે શામલાલ જઇ સલામ કરી ઉભો રહ્યો, અને બોલ્યો સાહેબ મારૂં શું કામછે? ફોજદારે પુછયું–તમારૂં નામ શામલાલ ઝઘડુશા છે? શામલાલે જવાબ આપ્યો–હાજી મારૂં નામ તેજ છે. આ ઉપરથી રાતની બનેલી રૂપાળીની સઘળી કેફીયત શામલાલને કહી સંભળાવી. અને ભલામણ કરી કે, તે બંનેના ઉપર તમારે કોર્ટમાં આવી ફી-

નાળાની અને ચોરીની માજીસ્ટ્રેટ સાહેબને ત્યાં આજનેઆજ ફરીયાદ કરવી જેથી તેઓ છુટી જવા પામે નહીં તેમ નહી કરો તો આગળ ઉપર તમને ઘણો પસ્તાવો પડશે આજના અગીઆર વાગતાં તેઓને કોર્ટમાં ઉભા કરવાના છે, માટે જાઓ જલ્દી પરવારીને હાજર થાઓ. શામલાલ ફોજદારની રજા લઇ ઘેર આવ્યો અને જમીને અગીઆર વાગ્યાનો વખત થવા આવ્યો એટલે કચેરીમાં હાજર થયો. ગામમાં ઠેકાણે ઠેકાણે આનીઆજ વાતો થવા લાગી અને ટોળેટોળાં મળી કચેરી ભણી દોડવા લાગ્યાં ને થોડીજવારમાં કચેરીનું મોહોટું કંપાઉન્ડ લોકોથી ખીચોખીચ ભરાઇ ગયું, સીપાઇઓ પણ આ ધાંધલ જોઈ અકળાઈ ગયા, ને લોકોને નીચે બેસાડવા ધબાધબ પાઘડીઓ ઉપર ધપ્પા મારવા લાગ્યા. થોડી વારમાં શીપાઇઓ કેદખાનામાંથી બંને ત્હોમતદારોને દોરીને કચેરીના બારણા આગળ લાવી બેસાર્યા, તે જોઈ લોકોએ હાહોની હાકલો મારી કચેરીનું કંપાઉન્ડ ગજાવી મુકયું.

શામલાલે વકીલ પાસે અરજી ઘડાવી સાહેબને ચેમ્બરમાં આપી, બાદ કચેરીમાં જઈ પોતાના વકીલ પાસે ખુરશીમાં આવી બેઠો. વખત થયો ને સાહેબ ચેમ્બરમાંથી ઉઠી કચેરીમાં આવ્યા, એટલે સઘળાં ચુપાચુપ થઇ ગયાં, વકીલો વિગેરે કચેરીના માણસો સર્વ ઉભા થઇ સાહેબને માન આપી સહુ સહુની યોગ્યતા પ્રમાણે ખુરશીપર જઇ બેઠા. શીરેસ્તદારે રૂપાળી વાળો બીડો સાહેબના હાથમાં આપી ઇંગ્રેજીમાં સઘળી કેફીયત કહી સંભળાવી, જેથી માજીસ્ટ્રેટ મી. હાયકોપ સાહેબ ત્હોમતદારોને અંદર બોલાવી પાંજરામાં ઉભાં કરાવ્યાં.

આ કામમાં ફરીયાદી શામલાલ તરફથી વકીલ મી. મણીલાલને હાજર રાખવામાં આવ્યા હતા. તથા નંબર બીજાના ત્હોમતદાર માધવલાલ તરફથી વકીલ મી. વાડીલાલ વેલચંદ ઉંઝારીયા હાજર રહ્યા હતા, અને નંબર પહેલાની ત્હોમતદાર રૂપાળી તરફથી કોઈ પણ હીમાયતી હાજર રહ્યો નહોતો કારણ કે ઉપલા બનાવથી તેના પીયરીઆ લાજને લીધે અલગાંજ ઉભાં રહ્યાં હતાં.

શરૂઆતમાં કોરટે ફરીયાદીના વકીલ મી. મણીલાલને શા

મલાલની જુબાની લેવા હુકમ કર્યો, ને શામલાલને સાક્ષીના પાંજરામાં ઉભો કરી કોરટે સોગન આપી તપાસ ચાલુ કરી.

" ફરીયાદીના વકીલની તપાસ, અને શામલાલની જુબાની. "

સવાલ–તમારૂં નામ ને તમારા બાપનું નામ શું છે?
જવાબ–સાહેબ, મારૂં નામ શામલાલ ને મારા બાપનું નામ
ઝઘડુશા છે.
સવાલ–તમે શું ધંધો કરો છો?
જવાબ–સોનીવાણીઆનો.
સવાલ–આ રૂપાળીને તમે ઓળખો છો?
જવાબ–હાજી.
સવાલ–તે તમારી કોણ થાય?
જવાબ–તે મારી બઇરી થાય સાહેબ.
સવાલ–ગઇ રાતના તે કયાં ગઈ હતી, તે તમે જાણો છો?
જવાબ–રાતના અગીયાર વાગતાના સુમારે તે મારા ઘરમાંથી પેહેરેલા દાગીના લઇ જતી રહી હતી, તે પછી ક્યાં ગઇ તેની મને ખબર નથી.
જવાબ–ખોટી લડાઇ કરી કુવે પડવાનું બ્હાનું કાઢી નાશી ગઈ હતી.
સવાલ–તમે કેમ તેને શોધી નહીં અગર પોલીસને ખબર આપી નહીં?
જવાબ–સાહેબ મેં ઘણી તપાસ કરી પણ હાથ આવી નહી, તેથી પોલીસને ખબર આપી હું મારે ઘેર ગયો હતો.
સવાલ–ગઈકાલેજ તકરાર થઇ હતી કે અગાઉ પણ થતી હતી?
જવાબ–તકરાર થવાની કાંઇ પણ નવાઇ નથી.
સવાલ–તમારે ને તેને શા સારૂ તકરાર થતી હતી?
જવાબ–નંબર બીજાના તોહોમતદાર માધવલાલને ઘેર નહી જવાના કારણસર.
સવાલ–તોહોમતદાર તમારે ત્યાં આવતો જતો હતો કે?
જવાબ–સાહેબ મારા બાપ છતાં ઘણીવાર મારે ઘેર આવતો હતો અને પછી પણ મારી પાસે આવતો હતો, પ-

રંતુ તેની ચાલ સારી નહી માલમ પડવાથી મેં મારા ઘરમાં આવતો બંધ કીધો હતો.

સવાલ–તમારી બઇરીની ચાલ વીશે તમે શો મત જણાવોછો?

જવાબ–હું કદી પણ સારો મત આપી શકતો નથી.

સવાલ–કોરટમાં જે દાગીના રજુ કરેલા છે તે તમારા છે?

જવાબ–જી હા, તે મારા પોતાના છે.

"તોહોમતદારના વકીલ મી. ઉંઝારીયાની ઉલટ તપાસ"

સવાલ–માધવલાલ કઇ બેન્કમાં નોકર છે તે તમે જાણો છો?

જવાબ–હાજી ડાયમન્ડ બેન્કમાં.

સવાલ–તેનો હોદ્દો ને પગાર શું છે તે તમે જાણો છો?

જવાબ–હા, તે હેડ કલાર્ક છે, ને તેનો પોણોસો પગાર છે.

સવાલ–તેની ખરાબ ચાલછે, એમ તમે ખાતરી કરી આપોછો?

જવાબ–તે ખાતરી કરવી કોરટના હસ્તકમાં છે.

સવાલ–જુઓ તમે પોલીસને ખબર આપી છે કે મારી બઇરી રૂપાળી દાગીના લઈ નાશી ગઇ છે તો તે દાગીનાનો નુંધ કયાં છે?

જવાબ–મેં પોલીસને એવી ખબર આપી છે કે પેહેરેલા

જવાબ–જ્યારે તમે તેણીના ઉપર ચોરીનું તોહોમત મુકી પોલીસમાં ફરીયાદ કરી, ત્યારે તેજ વખત છીનાળાનું તોહોમત નહીં મુકતાં અત્યારે મુકયું તેનું કારણ શું?

જવાબ–પાછળથી આજ સવારમાં મને ખબર મળી કે માધવલાલ નામના સુરતી કાયતના ઘરમાંથી અરધી રાતના સમયે બંનેને પકડવામાં આવેલા છે ને તેઓ એકમેક પ્રેમ ધરાવે છે તે ઉપરથી છીનાળાનો પાકો શક રહેલો છે. (તપાસ પુરી)

(બાદ માજીસ્રેટ સાહેબે પોલીસ ફોજદારને જણાવ્યું કે આ કેસ બાબત શી રીતે બીના બનેલી છે, તે કોરટની રૂબરૂ સોગન ઉપર કહી જવી તેથી ફોજદારે સોગનનામુ લેઈ કેફીયત કેહેવા શરૂ કરી-

"ફોજદારની જુબાની."

મારૂં નામ શેખમહમદ ને મારા બાપનું નામ દીન મ-

હુમદ છે, હું નામદાર સરકારની પોલીસ કોમનો એક અમલદાર છું ગઈ કાલ તારીખ ૩૦ મી માર્ચ ૧૮૮૦ ના રોજ રાત્રે એક વાગ્યાના અમલે રોન ફરવા નીકળતો હતો, તેટલામાં શામલાલ ઝઘડુશા નામના એક સખસે મારી પાસે આવી ફરીયાદ કરી કે તેની સ્ત્રી રૂપાળી પહેરવાનું ઘરેણું લઈ કેથે નાશી ગએલી છે તે હજુ આવી નથી, એમ કહી ચાલી ગયો હતો.

તેની તપાસ કરવા સઘળી ચોકીના અમલદારોને મેં પ્રથમથી ખબર મોકલાવી આપી હતી, તેથી ચંદનીચોકની ગેટનો એક જમાદાર દોડતો આવી મને ખબર આપી ગયો કે ત્યાં આગળ આવેલા એક મકાનમાં થોડીવાર થઇ એક સ્ત્રી દાખલ થએલી છે, તેટલા માટે ત્યાં આવી તપાસ કરી જવો.

આ ખબરથી હું મારા ઘોડા ઉપર બેશીને તે જગાએ ગયો, અને શકવાળા ઘરની સાંકળ ઉઘાડી કેટલાક સીપાઇઓને લઈ હું મેડા ઉપર ગયો, ત્યાં જઈ જોઉછું તો તે મકાનનો માલીક કે જે આ કોરટમાં હાજર છે તે તથા આ રૂપાળી એક ઓરડામાં ધમાધમ કરતાં હતાં, તેથી તે બંનેને સીપાઇઓ પાસે પકડાવી દાગીના જપ્ત કરી સીલ સીક્કા કરીને બંનેને તુરંગમાં લઇ જવાનો હુકમ કર્યો હતો, અને સદરહુ કોરટમાં સવારના અગીઆર વાગતા મુદ્દા સાથે હાજર રાખવાનું કહી હું મારા ઘોડા ઉપર બેશી મારા મકાન તરફ પાછો ફર્યો હતો.

"ફરીયાદીના વકીલની તપાસ."

સવાલ—તમે તે બંને સખસોને ઓળખો છો?

જવાબ—હાજી

સવાલ—તે સખસો કોર્ટમાં કઈ જગાએ ઉભેલા છે?

જવાબ—ત્હોમતદારના પાંજરામાં ઉભા છે તેજ બે સખસો છે.

સવાલ—બંને ત્હોમતદારોને એકજ ઓરડામાંથી પકડયા હતા?

જવાબ—જી હા.

સવાલ—દાગીના પણ તેઓની પાસેથીજ મળી આવ્યા હશે?

જવાબ—હાજી.

સવાલ—તે વખતે રાતના કેટલા વાગ્યા હતા?

જવાબ—આશરે બે વાગ્યાનો સુમાર થવા આવ્યો હતો.

સવાલ-જે સ્ત્રીને તમોએ પકડેલી છે, તે નંબર બીજાના ત્હોમતદારની છે કે બીજાની?

જવાબ-તપાસ કરતાં માલુમ પડી છે કે તે સ્ત્રી શામલાલ નામના એક આબરૂદાર સખસની છે.

સવાલ-પછી તમે તેને તુરંગમાં મોકલાવી ક્યાં ગયા?

જવાબ-હું મારા ઘર તરફ ગયો હતો.

" ત્હોમતદારના તરફથી વકીલ મી. ઉંઝારીઆની ઉલટ તપાસ "

સવાલ-જુઓ તમે કહી શકોછો કે છીનાળું થયું છે?

જવાબ-નાજી, પરંતુ અરધીરાતના સમયે એક અજાણ્યા સ્ત્રી પુરૂષ એકાંત ઓરડામાંથી મળી આવે તો છીનાળું થયું છે એમ સમજાય.

સવાલ-રૂપાળીને માધવલાલના ઘરમાં ગએલી તમે જોએલી ખરી?

જવાબ-ના, પણ પોલીસ જમાદારે પેસતાં જોઇ ઘરને ચોકી મુકી હતી.

સવાલ-તમે જાતે જોઇ છે કે નહી તેનો જુવાબ આપો?

જવાબ-નહીં.

સવાલ-જે વખતે તમે તે બંનેને પકડ્યાં તે વખતે તમારી સાથે પોલીસના સીપાઇઓ શીવાય બીજું કોઈ હતું?

જવાબ-ફક્ત મારા સીપાઇઓજ તે વખત હાજર હતા, બીજું કોણ હોય, પાછળથી ઘણા માણસો એકઠા થયા હતા.

સવાલ-જે ઘરેણું તમોએ કોરટમાં રજુ કર્યું છે, તે ઘરેણું રૂપાળીને પહેરવાનું છે કે બીજું?

જવાબ-ફક્ત તેમના કબજામાંથી મળી આવ્યું તેજ હું જાણુંછું. (તપાસ પુરી)

ત્હોમતદાર નંબર બીજાની જુબાની લેવા વકીલોને ભલામણ કરી તેથી મી. ઉંઝારીઆએ ઉભા થઇ માધવલાલને સવાલ પુછવા શરૂ કર્યા.

"માધવલાલની જુબાની."

સવાલ-તમારૂં નામ શું છે?

જવાબ-મારૂં નામ માધવલાલ ને મારા બાપનું નામ ગોપાળદાસ છે.

સવાલ-તમે શું ધંધો કરોછો?
સવાલ-હું ડાયમન્ડ બેન્કમાં હેડકલાર્ક છું.
સવાલ-તમોને ગઈ રાતના પોલીસ અમલદારે શા માટે પકડયા છે તે તમે જાણોછો?
જવાબ-ના સાહેબ હું મારા મકાનમાં સુઇ રહ્યો હતો. ત્યાં પોલીસના એક શીપાઇએ આવીને કહ્યું કે ફોજદાર સાહેબ તમને નીચે બોલાવે છે, તેથી હું ઘાબરો ઘાબરો કપડા પહેરી નીચે ઉતર્યો કે તરતજ ફોજદારે મને હાથકડી કરવા શીપાઇને કહ્યું.
સવાલ-તે વખતે કેટલા વાગ્યા હતા?
જવાબ-હું ઉંઘમાં હતો તેથી બરોબર ખબર નથી પણ આસરે અરધીરાતનો સમય વિતી ગયો હતો.
સવાલ-તમારા ઘરમાં તમે એકલા હતા કે બીજું કોઈ હતું.
જવાબ-નાજી મારા ઘરમાં હું એકલો સુઇ રહ્યો હતો, બીજું કોઇ હતું નથી.
સવાલ-નંબર પેહેલાની તોહોમતદાર સ્ત્રી કે જે આ પાંજરામાં ઉભી છે તેને તમે ઓળખોછો?
જવાબ-નાજી, હું તેને ઓળખતો નથી.
સવાલ-ત્યારે આ સ્ત્રીને તમારી સાથે કયાંથી આણી તે તમે જાણો છો?
જવાબ-મને તુરંગમાં લઇ ગયા બાદ કેટલીક વારે શીપાઈઓએ એક સ્ત્રીને અંદર આણી હતી.

"ફરીયાદીના વકીલ મણીલાલ તરફથી ઉલટ તપાસ."

સવાલ-જુવો? તમે કહોછો કે, શીપાઇ ફોજદારનું નામ દઈ નીચે બોલાવી ગયો ત્યારે બારણા અંદરની સાંકળ ઉઘાડી શીપાઈ શી રીતે અંદર દાખલ થયો?
જવાબ-સાહેબ બારણું ઉઘાડું રહી ગયું હશે.
સવાલ-જ્યારે તમે સુઈ રહોછો ત્યારે બારણા દઇને સુઇ રહો છો કે ઉઘાડા મુકી સુઇ રહોછો?
જવાબ-બારણે સાંકળ મારી સુઇ રહું છું.
સવાલ-ત્યારે ગઈ રાતના ઉઘાડા રાખવાનું શું પ્રયોજન હતું તે કહેશો.

જવાબ–સાહેબ ભુલથી વાસવાં રહી ગયાં હશે.
સવાલ–જુઓ આ રૂપાળીને તમે ઓળખો છો.
જવાબ–નાજી
સવાલ–સોગન ઉપર કહોછો કે હું તેને ઓળખતો નથી.
જવાબ–સાહેબ હાલમાં હું તેને ઓળખું છું કે નહીં તેની સરત નથી.
સવાલ–તે શામલાલ સોનીવાણીયાની સ્ત્રી છે, નહી વારૂ?
જવાબ–સાહેબ મને સરત નથી.
સવાલ–શામલાલ ઝઘડુશાનો દીકરો થાય છે એ તમે જાણોછો.
જવાબ–હા સાહેબ થાય છે ખરો.
સવાલ–ઝઘડુશાના જીવતા તથા મુવા પછી શામલાલને ઘેર જતા હતા ખરા કે?
જવાબ–હાજી કોઈ કોઈ વાર તેમની પાસે જતો હતો.
સવાલ–તે વખતે આ રૂપાળીને ત્યાં જોએલી ખરી કે?
જવાબ–જોઈ હશે પણ જાણતો નથી.
સવાલ–જે વખતે ફોજદારે તમને પકડ્યા તે વખતે તમે બંને એકજ ઓરડામાં બેઠેલાં હતાં?
જવાબ–નાજી તદન ખોટી વાત છે. (તપાસ પુરી)

માજીસ્ટ્રેટ–(રૂપાળીને) તમારે કાંઈ કહેવાનું છે? જે હોય તે કોરટને જાહેર કરો.

રૂપાળી–સાહેબ મારા ધણીએ મને રાતના મારીને કાઢી મુકી હતી, તેથી હું મારા પીયર ભણી જતી હતી તેટલામાં મને પોલીસના સીપાઇઓએ પકડીને ફોજદારની પાસે લઈ ગયા હતા અને મારૂ પહેરેલું ઘરેણુ ફોજદારે ઉતારી લઇ મને તુરંગખાનમાં મોકલાવી દીધી હતી, તે શીવાય હું કશું જાણુતી નથી માટે હું નિર્દોષ ગરીબ ગાય જેવી છું, જેથી કોરટ મને છોડી મુકવાને હુકમ કરશે.

માજીસ્ટ્રેટ–વેલ માધવલાલ વૉટસયોર એન્સર.

માધવલાલ–સર, આઇએમ કવાઇટ ઇંગનોરંટ ફોરધીસ કેસ.

માજીસ્ટ્રેટ–ઓલ રાઇટ આઇનો.

માધવલાલ–સાહેબ હું બીન ગુનેગાર છું, ફક્ત આ પોલીસના માણસોએ તર્કટ કરેલું છે, ગરીબ પરવર મારા જેવો

પરદેશી પુરૂષ નાહક માર્યો જાય છે માટે નામદાર સાહેબને અરજ ગુજારૂં છું કે મને નિર્દોષ ઠરાવી મુશીબતમાંથી મોકળો કરશો, જેથી આબરૂ ઇજ્જતથી હું મારી નોકરીનો ઓહદ્દો પાછો મેળવવા શક્તિવાન થાઉં.

માજીસ્ટ્રેટ—મી. મણીલાલ આ કામમાં તમારે છેવટ શું કહેવાનું છે. તેનો ખુલાસો કરવો.

"ફરીયાદી તરફથી વકીલ મી. મણીલાલનું ભાષણ."

નામદાર કોરટને મારે એટલી અરજ કરવાની છે કે, ફરીયાદી શામલાલે જે પુરાવો આપેલો છે, તે ખરેખર સાચેસાચો છે, અને પોલીસ ઇન્સપેકટરે જે ગુનો પકડયો છે તે બરાબર છે. બંને જણાને એકજ સ્થળેથી પકડવામાં આવેલા છે અને વળી અડધી રાતના સમયે તેથી છીનાળું થયું છે એમ નક્કી સાબેત થાય છે. જે દાગીના રૂપાળી લઇ નાશી ગએલી હતી તેજ કોરટમાં રજુ કરેલા દાગીના છે અને તે દાગીના બંને તહોમતદારોના કબજામાંથી મળી આવેલા છે, તેથી ચોરીનો માલ સંઘર્યાનો પણ નંબર બીજાના તહોમતદારના ઉપર ગુનો સાબીત થાય છે. માધવલાલ અગાડી કહી ગયો છે રૂપાળીને ઓળખતો નથી પણ ઉલટ તપાસમાં કબુલ કરેલું છે.

તહોમતદાર તરફથી કાંઈ પણ પુરાવો ઓપોઝીટમાં આપવામાં આવેલો નથી, વળી સુજાત માબાપની દીકરી અરધી રાતનાં કદી પણ પરપુરૂષના મકાનમાં પગ ધરવાની હીમ્મત ધરશે નહીં. શામલાલ જણાવે છે કે નંબર બીજાના તહોમતદાર માધવલાલની ચાલ સારી નહી હોવાથી તેને ઘરમાં આવતો બંધ કીધો હતો, તેમ પોતાની બઇરી રૂપાળીની પણ સારી ચાલ માટે બીલકુલ સારો મત આપતો નથી, તેથી તહોમતદારોનું જુઠાપણું સાફ જણાઇ આવે છે.

નામદાર સરકાર જો આવા ગુનેગારોને છોડી મુકશે તો આગળ ઉપર દીનપરદીન આવા ગુનાઓની વૃદ્ધી પામશે, અને ખંતીલી પોલીસ આવા ગુના અટકાવવાને હીમ્મત ધરી આગળ પડશે નહીં. માટે મારે છેલ્લે એટલીજ અરજ કરવાની છે કે, આવા ગુનેગારોને ફોજદારી કાયદાના વોલ્યુમ ત્રીજાની કલમ ત્રણસો સાડીબેતાલીસનો કુલ લાભ મળવો જોઇએ જે-

થી·હવે પછી ઉપરના ગુનાઓ એકદમ અટકી પડે અને ફરી જનમ લેવા પામે નહીં.

ફરીયાદીના વકીલનું ભાષણ પુરૂં થઇ રહ્યું એટલે તહોમતદારના બચાવ માટે વકીલ મી. ઊંઝારીઆ ભાષણ કરવા ઉભા થયા.

“તહોમતદાર તરફથી વકીલ મી૦ ઉંઝારીઆનું ભાષણ.”

હું નામદાર કોરટને અરજ કરૂંછું કે, મારા મિત્ર મણીલાલે જે ભાષણ આપ્યું છે તેના સામે મારે બે બોલ કહેવાના છે.

નંબર બીજાનો તહોમતદાર માધવલાલ ઘણો એજ્યુકેટેડ મેન છે, અને તે ડાયમન્ડ બેન્કમાં મોહોટો ઓધ્ધો ધરાવે છે, તેથી ખરાબ ચાલનો છે તે માનવું ઘણું અસંભવિત લાગે છે, જો તેવી ચાલનો હોય તો બેન્ક તેને નોકર રાખે નહીં, માટે કાંઈ પણ અદાવતથી તેને પોલીસે ફસાવેલો માલમ પડે છે. ફોજદાર તે બંનેને સાથે પકડવાનું કહે છે, પરંતુ પોતાના શીપાઇઓ શીવાય કોઇ પણ બીજો સાક્ષી આપી સાબીત કરી આપતા નથી, તેથી સતંદર બનાવટ છે એમ સાબીત થાય છે.

શામલાલ જણાવે છે કે રૂપાળી રાતના લઠીને નાશી ગઇ હતી, [illegible] લાલને ઘેરજ ગઇ હતી. તેથી તેના ઉપર પણ ભરોસો રાખવો યોગ્ય લાગતો નથી, કારણ કે ઘરની તકરારથી માણસો ગમે તેવી ખોટી સાક્ષી પુરી શકે.

રૂપાળી જણાવે છે કે મને ઘરમાંથી કાઢી મુકી હતી અને રસ્તામાંથી પોલીસના સીપાઈઓ પકડી ગયા હતા. તે મજ માધવલાલને પણ પોલીસનો શીપાઈ ઉંઘમાં ફોજદારનું ખોટુ નામ દઇ બોલાવી લઈ ગયો હતો, જેથી ખુલ્લે ખુલ્લુ માલમ પડે છે કે આમાં કાંઈ પણ ટ્રેચરી હોવી જોઈએ. વળી મી. મણીલાલ ચોરીનો માલ સંઘર્યાનો જે ગુનો મુકે છે તે તદન ખોટો છે, કોરટમાં રજુ કરેલા દાગીના ફક્ત રૂપાળીને પેહેરવાનાજ માલમ પડે છે, અને શામલાલે પણ અરજીમાં જણાવેલું છે કે પેહેરેલા દાગીના લઈ નાશી ગયેલી છે, તો તે દાગીના કાંઈ ચોરીના કહેવાશે નહી, જો કે તે દાગીના ચોરીના નથી અને મારા અશીલ સાથે રૂપાળીને કાંઈ

સબંધ નથી તો તે પણ ગુનાનો જુવાબદાર મારો અશીલ થતો નથી.

માધવધાલ કદાચ શામલાલને ઘેર તેના બાપ છતાં અવારનવાર જતો આવતો હશે પરંતુ તે ઉપરથી એમ નહીં કહી શકાશે કે ખરાબ ચાલનો છે માટે જણાવવાને રજા લઉછું કે એક એજ્યુકેટેડ માણસ આવા ખરાબ કામમાં ઉભા રહેવા ઇચ્છા કરે નહીં, અને જે કામ થયેલું છે તે અદાવતથીજ થયેલું છે. માટે નામદાર કોરટને અરજ ગુજારૂં છું કે મારા અશીલને ફોજદારી કાયદાના વોલ્યમ ત્રીજાની કલમ ત્રણુસો સાડીબેતાલીસનો કુલ લાભ રદ કરી તેજ વોલ્યમમાં લખેલી કલમ ત્રણુસો સાડીગપતાળીસનો લાભ આપી છોડી મુકવો જોઇએ.

બંને તરફના ભાષણો સાંભળી રહ્યા બાદ માજીસ્ટ્રેટ મી. હાયકોપ સાહેબે જજમેન્ટ લખી નીચે પ્રમાણે વાંચી સંભળાવ્યું.

"માજીસ્ટ્રેટ મી. હાયકોપે આપેલું જજમેન્ટ."

સીટી માજીસ્ટ્રેટ સાહેબની કોરટ	આજ તા. ૩૧-૩-૮૦ "નોતમપુરી"

જે ત્હોમતદારોને કોરટના પાંજરામાં ઉભા કરવામાં આવેલા છે, તેઓના બચાવમાં જે પુરાવા આપવામાં આવેલા છે, તે તથા ફરીઆદીએ જે પુરાવો આપેલો છે, તે તથા તેમના વકીલોએ ભાષણો આપી જે મત જણાવેલા છે, તે સર્વે ધ્યાનમાં લઇ કોરટ તેમને હુકમ ફરમાવે છે કે—

નંબર પહેલાની ત્હોમતદાર રૂપાળી રાતના ઘરમાંથી નાશી ગઇ તે વાત ખરી માલમ પડે છે, ને તે માધવલાલનાજ ઘરમાં ગએલી તે તેના ધણી શામલાલની જુબાની ઉપરથી સાબીત થાય છે, માધવલાલ એક એજ્યુકેટેડ મેન છે ને તે નોકરીનો સારો ઓદ્ધો ધરાવે છે તે ખરી વાત છે, પરંતુ તે ઉપરથી સારી ચાલનો છે તેમ કહી શકાશે નહીં, કોઇ પણ પુરૂષ પોતાની બૈરીની સારી ચાલ હશે તો હાથે કરી હળવી પાડી ફજેતી કરાવવા કદી માગશે નહીં, પરંતુ કુલક્ષણી સ્ત્રીઓના પતી કંટાળીને ઝાહેરમાં ખરેખરી બીના જણાવવાને

જરાએ આંચકો ખાતા નથી, જેથી શામલાલે જે જુબાની આપી છે તે ઉપર હું પુર્ણ ભરૂંસો રાખુંછું.

રૂપાળી જે દાગીના લઈ નાશી ગઈ છે તે તપાસ કરતાં તેના અંગનાજ માલમ પડે છે, તેથી તે સ્ત્રીધન છે માટે ચોરીનો ગુનો સાબીત થતો નથી વળી પોલીસના સીપાઈઓની તાકાત નથી કે અરધીરાતના એક આબરૂદારના ઘેર જઇ ગેર વર્તણુકથી વર્તી તેને ઘરમાંથી બ્હાર લાવી કેદ કરે, પરંતુ તેણીના ધણી શામલાલે ખાત્રીપૂર્વક પોલીસને બાતમી આપેલી હતી કે તેણી નાશીને ડાયમન્ડ બેન્કના સુરતી કાયત કલાર્કને ત્યાંજ ગઇ હોવી જોઇએ. ને તે શક ઉપરથી પોલીસના માણુસોએ તે બંનેને તેજ ઘરમાંથી પકડેલા છે તેથી ખુલ્લી રીતે ગુનો સાબીત થાય છે.

ત્હોમતદારોએ જે જુબાની આપેલી છે, તે તદ્દન ખોટી અને પોતાના બચાવ માટે આપેલી છે, માટે તે જુબાની તદ્દન નાપાયાદાર ને અવિશ્વાસ રાખવા લાયકની છે. જેથી તેમની જુબાની ઉપર જરા પણ ભરૂસો રાખવામાં આવતો નથી.

ઝડતીમાં આવેલું ઘરેણું કોરટ નંબર પહેલાની ત્હોમતદાર રૂપાળીના સ્વાધીન કરવા હુકમ કરેછે, અને ચોરીના ગુન્હા માટે બંનેને નિર્દોષ ઠરાવે છે, પરંતુ છીનાળાના ગુન્હા માટે જોઇતો પુરાવો મળી આવ્યો નથી, તોપણ શક ઉપરથી નામદાર સરકારની કોરટ હવે પછી તેમની ચાલ સુધારવાને માટે ફોજદારી કાયદાના વોલ્યમ ત્રીજાની કલમ ત્રણસો પુર્ણાતેત્રાબી મુજબ તેમના ઉપર રહેમ નજર રાખી, એકાવન એકાવન રૂપીઆનો દંડ અગર દંડ ના આપે તો એક એક માસના સખ્ત કેદખાનાની સજા ફરમાવવા હુકમ કરે છે.

હુકમ સાંભળતા વારજ લોકોમાં સોર મચી રહ્યો. માજીસ્ટ્રેટ સાહેબ ઉઠીને ચેમ્બરમાં ગયા, ને બંને ત્હોમતદારોને સીપાઇઓ પાંજરામાંથી કાઢીને બ્હાર લઇ ગયા, લોકો એક પછી એક વાતો કરતા વેરાઇ ગયા અને શામલાલ પણ ચુપ ચુપ પોતાના ઘર તરફ ચાલતો થયો, માધવલાલે અંદર જઈ કરેલા દંડ બદલ તરતજ ખીસ્સામાંથી એક સો રૂપીઆની નોટ કાઢી શીરેસ્તદારના મોં આગળ રજુ કરી અને બાકીના

રૂપીઆ પાછા લઈ તે પણ ત્યાંથી પસાર થઈ ગયો, રૂપાળીની વતી કોઇએ ડંડ ભર્યો નહી તેથી સાંજ પડતા સુધી પોલીસે તેમના કબજામાં રાખી કોરટના બ્હાર બેસારી મુકી હતી, તેટલામાં તેના માબાપને કોઇએ ખબર પોચાડવાથી પરભાર્યા પોતાના કોઇ માણસને ડંડ ભરવા મોકલી રૂપાળીને છોડાવી ઘેર લાવ્યા. પછી તેણીને આવી ખરાબ ચાલ માટે તેના મા બાપે ઘણા વચનોના ડા'મ દીધા, અને તેની મોહોટી ભોજાઇએ તો ઘણા મેણા માર્યા જેથી તે દીવસે તો તેણીએ નીચું મોઢું રાખી સર્વે સુણ્યાજ કીધુ.

પ્રકરણ ૧૦ મું.

"રૂપાળી સાસરે આવી, લોકો સાથે લઢી પાછી પીયર ગઇ."

બીજા દીવસનો પ્રભાત થયો કે તરતજ રૂપાળીના બાપે તેણીને સાસરે જવાનું કહ્યું, પરંતુ રૂપાળીએ માંથામાં વાગે એવી સાફ ના પાડી કહ્યું તમો મારી નાખશો તોપણ હું તેને ઘેર જવાની નથી. તેથી અડભંગશાએ તથા તેની મા અમથીએ સારી પેઠે સમજાવીને કહ્યું કે, જો તું હવે પછી ત્યાં નહીં જાય તો તારો પગ ત્યાં જવાને ભારે થઇ પડશે. અને પછીથી તે તને ઘરમાં પેસવા દેશે નહીં, વળી કદાચ બીજી બૈરી કરશે તો તારો જન્મારો ધુળ મળી જશે. હું તારી સાથે માણસ મુકવા મોકલુંછું તે તને ઘરમાં મુકી જશે, તને અંદર જવા ના દે તોપણ પરાણે ઘરમાં પ્રવેશ કરજે પછી કાંઇ તને અડચણ પડશે નહી, તેમ છતાં જો તને મારફાડ કરે ને અંદર પેસવા દે નહીં તો આપણા માણસ સાથે પાછી આવજે પછી તે ટાડુશાને જોઇ લેઇશું?

આ પ્રમાણે રૂપાળીને સમજાવી પોતાના એક સગા સાથે શામલાલને ત્યાં વીદાય કીધી. અહીયાં શામલાલે પોતાના માણસોને સખ્ત હુકમ કરી રાખ્યો હતો કે તેની બૈરી રૂપાળી અણચીતી ઘરમાં પેસવા આવે તો સાવચેત રેહેવું ને અંદર ઘુસવા દેવી નહી, તેથી શામલાલના માણસો સવારથીજ બ્હારના ઓટલા ઉપરજ બેશી રહ્યા હતાં, તેટલામાં રૂપાળી તેના સગા સાથે ત્યાં આવી પહોંચી અને અંદર પેસવા જાય છે. તેવીજ બેઠેલા માણસોએ અંદર જતી અટકાવી બ્હારજ ઉભી રાખી.

રૂપાળીએ ઘરમાં જવા ધાંધલ કરવા માંડયું અને બુમ રાણ કરી ઓટલાના પગથીઆ વચ્ચે જઇ બેઠી, આ ધમાધમ સાંભળી શામલાલ મેડા ઉપરથી તરતજ નિચે આવ્યો અને બેઠેલી રૂપાળીને એક લાત મારી હડશેલી પાડી ક્રોધાંધ થઈ બોલ્યો.

શામલાલ-રાંડ કમજાત તું કોના ઘરમાં પેસવા માગે છે જ્યાં તારા માંટીનું ઘર હોય ત્યાં જા.

રૂપાળી-જાય ક્યાં મારી નાખીશ તોપણ હું હઇયાંથી જવાની નથી.

શામલાલ-રાંડ કાળા મોંની તારૂં શું ડાચું દેખાડવા અ-હીં આવીછું. લાજ હોય તો ઢાંકણીમાં પાણી લઇ ડુબી મર નામજાદી તેં તો તારા બાપનું કુળ બોળ્યું ?

રૂપાળી—રડયા ઘરમાં ન્હોતી ઘાલવી તો પરણીને શું કરવા લાવ્યો હતો.

શામલાલ—કુલટા હું તારા આવા કુલક્ષણ જાણુતો ન્હો તો કે તું આવી નામજાદી નીકળીશ.

રૂપાળી—શેયા નામજાદી તારી માવશે ક્યારે ન્હોતી, પગ તળે બળે છે તેતો તપાસ પછી મને કહેવા આવજે.

શામલાલ—ચંડાળ તારૂં કાળું કરી અહીંયાંથી ઉઠે છે કે નહીં, નહીંતો અડદાળો કાઢી નાખીશ.

રૂપાળી—માર જોઊં રડયા, તારા હાથેથીજ મરવું છે ઘ-રમાં ઘાલીશ કે ખરચ આપીશ તોજ ત્યાંથી ઉઠવાનીછું.

શામલાલ—ઘરમાં તો રાખવાની ક્યાં છે પણ રંડા ખ-રચને માટે પણ તારા કપાળમાં દમા લવારના ઘરના ડાહામ દેવાના છે સમજી.

રૂપાળી—ડાહામ તો તારા વા'લેસરી હોય તેને આપ્ય સમજ્યો? આ સાંભળી શામલાલનો મીજાજ હદપાર ગયો ને રૂપાળીનો હાથ પકડી પાંચ દસ કદમ દુર ખેંચી જઈ ખુબ આદાપાક આપ્યો. રૂપાળીએ ચીસાચીસ કરી મુકી તેથી લોકો ભેગા થઈ ગયા, ને વચમાં પડી રૂપાળીને મારથી મુકાવી તે ણીને ઘરમાં ઘાલવા માટે શામલાલને સમજાવવા લાગ્યા પણ શામલાલ એકનો બે થયો નહી, રૂપાળીએ છાજીઆ લેવા માં-ડ્યા અને મોટા ઘાંટે મોં વાળી રડારોળ કરી આખો મેહલ્લો

ગજાવી મુકયો. આ ભુસરાણુ સાંભળી મેહેલ્લામાંથી કેટલાક સ્ત્રી પુરૂષો દોડતાં ત્યાં આવ્યા અને સ્ત્રીઓ તો અરસપરસ તાળી પાડી મો'ટા ઘાંટા કાઢી લાંબા લાંબા હાથના ચાળા કરી વાતો કરવા મંડી પડી.

શીવગંગા—અલી શણગાર જોયું કે? આતો રૂપાળી શેઠાણી ઘરમાં પેસવા આવ્યાં જણાય છે?

શણગાર—હા અલી જો તો ખરી રાંડ ખુલ્લું માથુ મુકી બેફાટ બોલે છે તે.

ચંચળ—રાંડ કમાયણને શું? 'જેણે મુકી લાજ તેને નાનું સરખુ રાજ' રાંડને લાજ હોય તો ફરી મોં પણ દેખાડે?

શીવગંગા—મારી બાઇ નીકળી ગઇ તેને લાજ શાની હવે ભર બજારમાં બેસવાનું બાકી રહ્યું છે.

ચંચળ—અલી બ્હેન જોને? લોક લાજથી પણ ડરે છે હાય હાય જાણે આતો એક માતેલો આખલો.

શણગાર—અલી ચંચળ શામલાલ આ બધુ જાણતો નહી હોય તે ફરંદીને આટલી બધી ફાટવા દીધી હશે?

ચંચળ—જાણે બધુએ પણ કરે શું? ભુંડાથી ભુત નાશે ધણી બીચારો અલાની ગાવડી છે, આતો પાપનો ઘડો બહુ દીવસથી ભરાએલો તે સાથે લાગ્યો ફુટયો.?

શીવગંગા—અલી શણગાર, હવે જો શામલાલે એને ઘરમાં ઘાલી તો નક્કી સમજજે કે સુવાડીજ દીધો.

શણગાર—મારી બાઇ હવે તો ઘરમાં ઘલાયજ કેમ ઘરમાં ઘાલી કે આ વકરેલી વાગણ જીવતો પણ રેહેવાદે એમ જાણે છે, આતો કાઢી છે તે કાઢી છે ફરી ઘરમાં પેસવા નહી દે તો સુખી થશે, નહીંતો શામલાલના પણ ઝઘડુશાની પેઠે હાલહવાલ થવાનાજ?

ચંચળ—અરે બીજી પરણવા માંગશે તો કયાં ગામમાં મળતી નથી પાંચહજાર ખરચ થશે હવે તો ગાંડો હોય તે ઘરમાં ઘાલે.

આવાં વચન સાંભળતાંજ રૂપાળી ચંચળ તરફ ધશી આવી અને વચનોનો વરસાદ વરસાવા લાગી.

રૂપાળી—મારી લાડવાઇ શોકયો તમારી આંખમાં ન ખમાતું હોય તો મારા ન્હાના માંટીનું ઘર માંડવા આવો.

ચંચળ—મેર રાંડ નાતરાબળી, અમે ક્યારે તારૂં નામ દેવા આવીએ છીએ તે કુતરાની માફક બાઝવા આવે છે.

રૂપાળી—રાંડો ત્રણે જણીએ લાંબા લાંબા હાથના ચાળા કરી કીયા તમારા માંટીને સંભળાવવા આવીઓછો? તમે સારીઓ છો તે હું સારી પેઠે સમજુછું. જુઓ રાંડો પારકે દુઃખે પેટ બાળવા આવીઓ છે.

ચંચળ—અલી નામજાદી નવા નવા માંટી કરે છે તેતો નવાંધી જણાય છે. હજી ગઇકાલનું પગ તળે બળે છે તે તો સંભાળ. લે, લે, સતી હતી તો માંટીએ ઘરમાં ઘાલી હશે ને?

રૂપાળી—ચુડા ભાગીઓ તમારા ભાઇ બાપ મરે મને કઢાવીને મારા માંટીનું ઘર માંડવા આવજો.

શણગાર—મારી ન્હાની સાસુ ચુડા ભાગ્ય તારી મા માશીના સમજી રાંડ કસ્બાતણ વધારે જીબ કાઢી તો ભોંય ભેગીજ કરી નાંખીશ.

બહુ બોલંબોલાથી છેવટ મારામારી ઉપર વાત ગઇ. સામ સામી ઝટીઆં ખેંચવા લાગીઓ અને એક મેકના સાલા ચીરી નાંખ્યા, લોકો વચમાં પડયા ને ચારેને વઢતાં છુટા કર્યા મેહેલાની બીજી સ્ત્રીઓએ ત્રણેને ખુબ ઠપકો આપી ઘર તરફ વીદાય કીધી, અને રૂપાળીને સમજાવીને કહ્યું કે હાલ તું તારા પીયર પાછી જા, પછી સૌ સારાવાના થઇ રહેશે, હમણાના તાજા બનાવથી શામલાલ તને ઘરમાં ઘાલવાનો નથી ને અમથું થુંક ઉરાડવું તે નકામુ છે. વળી વધારે બોલીસ તો દેવતામાં ઘી હોમવા જેવું થશે, માટે સમજુ હોય તો તું તારે આવી છે તેમ તારા પીયર પાછી ચાલી જા, પાછળથી થંડુ પડશે ત્યારે શામલાલ તેની મેળેજ તને બોલાવી ઘરમાં ઘાલશે.

આવી રીતના લોકોના જુવાબથી રૂપાળી શાંત પડી અને બડબડતી જેવી આવી હતી તેવીજ પોતાના સગા સાથે પીયર ભણી પાછી વળી.

પ્રકરણ ૧૧ મું.

શામલાલ બીજી પરણ્યો, અને રૂપાળીની ખરચ માટે કોરટમાં ફરીયાદ.

આજકાલ કરતાં એક વરષ વીતી ગયું, સર્વે વાત વીસારે

પડી રૂપાળી પણ ફરીથી શામલાલને ત્યાં આવી નહી તેમ શામલાલે પણ તેણીને ઘેર તેડી નહીં.

હવે શામલાલને ઘરમાં માણસ વગર ઘણી અડચણ પડવા લાગી કારણ કે બૈરાં વગર ઘરનો કારભાર ઉપાડી લે તેમ કોઈ હતું નહીં, પોતે દુકાને જાય તો ઘર, ઘરના માણસોના સ્વાધીન કરી જવું પડતું હતું, તેથી તેઓ પણ પોતપોતાને ફાવતું આવતું તેવી વર્તણુકથી ચાલતા હતા જેથી ઘરમાં પણ ભારે નુકશાન થવા લાગ્યું, પોતે બીજી બૈરી કરવા ઘણાએ વીચાર કરતો પરંતુ બાપની શીખામણ યાદ લાવી વારંવાર મનને મારી રાખી વિચારના વમળમાં ગોથાં ખાતો હતો કે મારા પીતાએ બીજી બૈરી પરણવા કેમ ના પાડી હશે? શું કારણ હશે? કાંઇ પણ કારણ હોવું જોઇએ નહીતો મારા પીતા મરતી વખતે મને આવી શીખામણ આપી જાય નહીં, કહેવત છે કે "વડાનું કહ્યું ન માને તો ખત્તા ખાય" માટે મારે પણ મારા પીતાનું વચન માન્ય રાખવું જોઇએ, એવા વિચારમાં ને વિચારમાં ઘણા દીવસ દુઃખે સુખે વ્યતીત કીધાં.

શામલાલને તેના સગાવા'લા તથા મિત્રમંડળ વિગેરે ઘણી વખત સમજાવતા કે ભાઈ હવે તું બીજી બૈરી કર આ બૈરી હવે તારૂ ઘર માંડે તેમ અમોને લાગતું નથી, તેમજ તેણીને ઘરમાં ઘાલવાથી જીવનું જોખમ કરે તેવો ભય ઉત્પન્ન થાય છે, માટે હવે જો અમારૂ કહ્યું માન્ય રાખ્ય, અને કોઈ સદ્‌ગુણી અને વિવેકી સ્ત્રી શોધી કાઢી તેની સાથે લગ્ન કર. જેથી ઘરનું બારણું તો ઉઘાડું રહે?

આથી શામલાલનું ચિત્ત તે તરફ દોરાયું, ને તેના સગાઓ આગળ બીજી બૈરી કરવાને હા પાડી, જેથી તેના સગાઓએ એક કુળવાન ગ્રહસ્થનું ઘર શોધી કાઢી તેની પંદર સોળ વરસની દીકરી નામે ગુલાબ સાથે શામલાલનું સગપણ નક્કી કર્યું. અને લગ્ન પણ તરતજ કરી દીધું આ લગ્નમાં તો રૂપીઆનો રેળજ વળી ગયો હતો, જેમ "નાગરમાં ગાગર રૂપીઆ ભરે તો કન્યા વરે" તેમ આ લાડશ્રીમાળીની નાતમાં પણ કન્યાની અછતને લીધે તેમ ચાલતું હતું.

આથી શામલાલના ઘરમાંથી પણ લગ્ન સંબંધી કામમાં

રૂપીયા પાંચ સાત હજારના આશરે નીકળી ગયા હતા વળી સોનાના સટ્ટામાં તથા શેર સટ્ટામાં રૂપીઆ વીસપચીસ હજાર ગુમાવી બેઠો હતો, જેથી રોકડા પરચુરણ શેરો તથા પ્રોમેસરી નોટો વીગેરે શામલાલ સુવેળાથીજ સફા ફરી બેઠો હતો. આ વખત ફક્ત તેની પાસે ડાયમન્ડ બેન્કના ચાલીસ હજારના ચાર નોટ તથા પુરચુરણ ઘરાણું અને પોતે રહેતો હતો તે એક મકાન શીવાય કશુ જોવામાં આવતું ન્હોતું.

ગુલાબવહુને પરણી લાવે દસબાર માસ થવા આવ્યાં તેટલામાં તેણીને શ્રીમંત રહ્યું ને નવ માસ પૂર્ણ થએ તેને એક કાંતીમય પુત્રનો જન્મ આપ્યો. આથી શામલાલના સુખમાં વધારો થયો, અને પુત્ર દીનપરદીન ઉછરી મોટો થવા લાગ્યો જેથી બંને સ્ત્રી પુરૂષ પુત્રનું મુખ જોઇ હમેશા આનંદમાં દીવસ ગુજારવા લાગ્યાં, એક દીવસ બપોરના બાર વાગતાં દંપતિ મેડાના છજામાં બેશી હાશ્યવિનોદ કરતાં હતાં અને નાનો પુત્ર સુંદરલાલ પાસેની ગાદી ઉપર પડી ન્હાના કુરકુરીઆની માફક માવીતરોને જોઇ ગોટીલા ખાઇ ગેલ કરતો હતો, તેટલામાં પોલીસના એક શીપાઇએ નીચેથી બુમ મારી શામલાલ શેઠ ઘરમાં છે કે? શામલાલ સાદ સાંભળતાને વાર બારીએ આવી જુવે છે તો સરકારના એક શીપાઇને હાથમાં કાગળીઓ લઇ ઉભો રહેલો દીઠો કે તરતજ શામલાલ તેને પુછવા લાગ્યો.

શામલાલ—જમાદાર સાહેબ અમારી ક્યા જરૂર છે.

શીપાઇ—તુમારા નામકી શામલાલ હે?

શામલાલ—હા મારૂં નામજ શામલાલ છે.

શીપાઇ—તો હજરત, આપ કે ઉપર માજીસ્ત્રેટ સાહેબને સમન નિકાલાહે સો લીજીએ ઓર કલ બડીફજરમેં વાં કોરટમાં હાજર હોના ઓર એ સમન્સકી નક્કલ લેલો ફીર એ કાગજકી અંદર સમન્સ પહોંચનેકી સહી કરદો.

શામલાલ—જમાદાર અમારા ઉપર સમન શાનો, અમે કાંઇ સરકારનો ગુનો કર્યો નથી તે અમારા ઉપર ફરીયાદ હોય?

શીપાઇ—વોતો કયા માલુમ મગર કોઇ રૂપાળી કરકે ઓરત હે ઊને તમારી ઉપર ફરીયાદ કીહે.

શામલાલ—કાયકી ફરીયાદ હે વો તુમેરેકુ માલુમ હે.

શીપાઈ—હમકુ કયા માલુમ નાહક શીર ફીરાતે હો, તુમ જાનો ઓર વો જાનો, હમસે પડપુછ કરનેકી કયા જરૂર હે, જલ્દી એ કાગજપર સહી કરદો હજીતો બ્હોત ઠેકાણે જાવાનું છે.

શામલાલ—અચ્છા અચ્છા જમાદાર સાહેબ લાવો સહી કર દું? શામલાલ નિચે આવ્યો ને સમન લઇ કાગળમાં સહી કરી આપી કે તરત શીપાઇ સહી લઇ ચાલતો થયો, શીપાઇના ગયા પછી ગુલાબવહુએ પુછયું સ્વામીનાથ સમનમાં શું લખેલું છે. તેથી શામલાલે સમનની નકલ વાંચી ગુલાબવહુને વાટેફ કરી કે તમારી શોકય રૂપાળીએ સરકારમાં ધાન લુગડાંની આપણાં ઉપર ફરીયાદ કરી છે તેથી આવતે કાલ સવારમાં માજીસ્ટ્રેટ સાહેબની કચેરીમાં હાજર થઇ જવાબ આપવા સરકાર તરફથી આ સમન્સ કાઢવામાં આવેલો છે, ગુલાબે પુછયું સ્વામીનાથ તેનું શું થશે? તેના ઉતરમાં શામલાલે જણાવ્યું કે તેની તારે કાંઈ ચીંતા કરવી નહીં સરકાર ખરચ અપાવશે તો આપણે તેને આપવા તૈયાર છીએ ગુલાબે કહ્યું—પણ ઘોજારી ઘરમાં આવવા માગશે તો પછી શું કહેવાના હતા?

શામલાલ બોલ્યો—એ વાત બનવી ઘણી મુશ્કેલ છે, સરકાર કાંઈ તેની ચાલચલગતથી અજાણી નહી રહે કે એકદમ તેણીને ઘરમાં લઇ જવાનો હુકમ કરે ગુલાબ કહે તે તેમ કરશે તો શું કરવાના હતા, કાંઇ સરકારને ના પડાય તેમ છે કે નહી લઇ જાઉં, શામલાલે જુવાબ આપ્યો—એતો હું બધું એ સરકારને જાહેર કરીશ કે સાહેબ તે ખરાબ ચાલની છે માટે હું ઘરમાં ઘાલવાનો નથી. કદાચ મને ઝેર દઇ મારી નાંખે તો હું શું કરૂં; ગુલાબ બોલી પણ જોજો હો, એને ઘરમાં ઘાલવાની તો વાતજ કરશો ના ઘરમાં આવી તો એમજ જાણુજો કે સૌને હતા નતા કરી નાંખશે.

શામલાલ બોલ્યો—અરે તું બેઠી બેઠી જોયા તો કર પ્રભુ કરશે તો તે વખતજ આવવા દઇશ નહીં, આપણને વાંકુ કાઢતાં કયાં વાર છે, એમ વાતો કરતાં કરતાં વખત વીતી ગયો ને સાંજ પડવાનો સમય થવા આવ્યો તેથી બંને જણા જમવા ઉઠયાં, જમી રહ્યા બાદ શામલાલ કપડાં પેહેરી એક હુંશિયાર વકીલને ઘેર ગયો, ત્યાં તેને સર્વે બીના સમજાવી

દસ રૂપીઆનું નોટ ફી બદલ આપી વકીલાતનામું લખી આપી સવારના માજીસ્ટ્રેટની કોરટમાં હાજર થવાનું કહી પોતા મકાન તરફ પાછો વળ્યો.

શામલાલ મોડી રાત સુધી કાલે કોરટમાં શું જવાબ આપવો એમ વિચારમાં ને વિચારમાં જાગતો હતો તે વખતે ગુલાબ વહુ તો કેવારની અંદરના ઓરડામાં સુંદરને લઈ સુઇ રહી હતી, શામલાલને પણ ઉંઘ નહીં આવવાથી વચલા દિવાનખાનાની ગાદી ઉપર આમ તેમ આળોટી રહ્યો હતો, બાદ કેટલીક વારે ઉંઘનો એક ગલ્બો એવા તો જોરમાં ચઢી આવ્યો કે તુરતજ કુંભકરણની માફ નસ્કોરાં બોલાવવા લાગ્યો.! પ્રાઃતસકાળ થયો કે તરત શામલાલે શૈયામાંથી ઉઠી દંતધાવન કરી થંડા પાણીએ નાહીને પોતાનું ખટકર્મ કરી લીધું બાદ પોતાની સ્ત્રી ગુલાબને કોરટમાં જાઉં છું એમ કહી ઝટ પોતે કોરટ ભણી ચાલતો થયો, આ વખતે સવારના સાત વાગ્યાનો અમલ થવા આવ્યો હતો, ફરીઆદણ રૂપાળી પણ તે વખતે તેના વકીલ સાથે કોરટમાં હાજર થઇ હતી સવારની કોરટ હતી તોપણ લોકોની ઠઠ ભારે ભેગી થઇ હતી, શામલાલ કોરટમાં આવ્યો અને પોતાના વકીલને મળી સઘળી બીના ફરીથી સમજાવી ખુરશીપર જઇ બેઠો.

બરોબર આઠ વાગ્યાના અમલે માજીસ્ટ્રેટ સાહેબ ચેમ્બરમાંથી કચેરીમાં આવ્યા અને સહુને સલામ લઈ ન્યાયાસનપર બેઠાં. શરૂવાતમાંજ શીરસ્તેદારે રૂપાળીવાળો કેસ માજીસ્ટ્રેટ સાહેબના મેજ ઉપર રજુ કર્યો, સાહેબે તે હાથમાં લઈ વાંચી જોયો ને વાદી પ્રતિવાદીને અંદર બોલાવવા હુકમ કર્યો.

શીપાઇએ બુમ મારી કે બંનેના વકીલો હાજર છીએ એમ કહી કોરટમાં ઉભા થયા, અને વાદી પ્રતિવાદી પણ પોતપોતાના વકીલો પાસે જઈ ઉભા રહ્યાં, પ્રથમ માજીસ્ટ્રેટ સાહેબે ફરિયાદણના વકીલ મી. મેળાપચંદને પુછ્યું તમારે શી તકરાર છે તે કોરટ રૂબરૂ કહી જવી, જેથી મી. મેળાપચંદે ફરિયાદણ રૂપાળી તરફથી નીચેની બીના ઝાહેર કરી.

" વાદીના વકીલ મી. મેળાપચંદનું ભાષણ. "

હું નામદાર કોરટને મારી અસીલ બાઈ રૂપાળી તરફથી અરજ ગુજારૂં છું કે તેણી એક ખાનદાનની દીકરી થાય છે, અને કેટલાંક વર્ષ ઉપર તેણી પ્રતિવાદી શામલાલ કે જેઓ આ વખતે કોરટમાં હાજર છે, તેમની સાથે હિંદુશાસ્ત્ર પ્રમાણે પરણી હતી, જેથી કરીને ખરી રીતે તેને ખાવિંદ તરીકે ગણવામાં આવે છે.

હાલમાં તેને હિંદુશાસ્ત્રનો આકટ તોડી તેણીને ઘરમાંથી બહાર કાઢી મુકી છે, ફરીયાદણ ઘણી વખત તેના ઘરમાં જવા માગતી હતી પરંતુ તેને ઘરની અંદર નહી પેસવા દેતાં, મારફાડ કરી તેણીને પીયર કાઢી મુકતો હતો, ફરીયાદણે ઘણા દિવસ સુધી ઘરમાં જવાને વાટ જોઈ, તેમ તેના ઘણા સગાવા'લા સાથે ઘરમાં ઘાલવા કેહેવરાવ્યું, પરંતુ જરાપણ દાદ દીધી નહીં, વળી પાછળથી તેને બીજી બૈરી કરી છે તેથી હવે ઘરમાં ઘાલવાનો બીલકુલ સંભવ રેહેતો નથી માટે નામદાર કોરટને અરજ કરૂં છું કે તેણીને ભરણ પોષણ માટે પ્રતિવાદી પાસેથી દરમાસે રૂપૈયા પચીસ પ્રમાણે પગાર લેવા હુકમનામું કરી આપવું, અગર તેણીને મારફાડ નહી કરવાના જામીન આપી પોતાના ઘેર લઈ જવા હુકમ કરવાને સાહેબ ધણી છો!

ફરિયાદણના વકીલનું ભાષણ સાંભળી માજીસ્ટ્રેટ સાહેબે પ્રતિવાદી શામલાલના વકીલ મી. મોતીલાલને પુછ્યું.–તમારે તમારા અસીલ તરફથી શું જાહેર કરવાનું છે તે કોરટને કહી સંભળાવવું.

" પ્રતિવાદીના વકીલ મી. મોતીલાલનું ભાષણ. "

હું નામદાર કોરટને મારા અસીલ તરફથી જણાવવાને રજા લઉં છું કે ફરિયાદણ રૂપાળી તેની ખરેખરી સ્ત્રી થાય છે તેમાં હું કાંઇ પણ વાંધો લેતો નથી પરંતુ તેણી ઘણી ખરાબ ચાલની છે, અને તારીખ. ૩૦–૩–૮૦ ના રોજની બીનાથી કોરટ જાણીતી છે, જેથી પ્રતિવાદીને તેણીને ઘરમાં ઘાલતાં પોતાના જાનમાલ સંભાળવાની ઘણી ધાસ્તી રેહે છે, માટે ફરિયાદણને ઘરમાં નહીં ઘલાવતાં નામદાર કોરટ તેણીની ચાલચલગત જોઇ જે કાંઈ ખરચ અપાવવા માંગશે તે પ્રમાણે આપવા મારો અસીલ કબુલ કરે છે.

માજીસ્ટ્રેટ—વેલ, શામલાલ તેણીને ઘરમાં ઘાલતાં તમને અડચણ છે?

શામલાલ—નામદાર તેણીની ચાલ બીલકુલ ખરાબ છે, ને તેને ઘરમાં ઘાલવાથી અમને ઝેહેર ખવરાવી મારી નાખવાનો સંભવ રેહે છે, માટે સાહેબ મારી સ્થિતિ જોઇ તેણીને ખરચ બાંધી આપો તે આપવા હું કબુલ કરૂં છું.

માજી—તમે ખરચ આપશો તે ખરી વાત છે. પરંતુ ખરચ આપી છુટી મુકવાથી સ્ત્રીઓ બે ફીકરી થઈ જાય છે, અને અનીતિના ઉંડા કુવામાં વગર અટકાવે ઉતરી પડે છે અને આગળ ઉપર સુધરવાનો સંભવ રહેતો નથી માટે હું તમને ભલામણ કરૂં છું કે હાલ તેણીને તમારે ઘેર લઇ જવી, અને ત્યાં તેને નોંખી રાખી તેના ઉપર સારી રીતે દેખરેખ રાખી દુષ્ટ માણસોની સોબત કરવા દેવી નહીં,

શામલાલ—પણ સાહેબ અમને મારી નાખવાનો ઇલાજ કરે ત્યારે અમારે શું કરવું જીવનું જોખમ થાય ત્યાં જુવાબદાર કોણ?

માજી—હું તેને સખ્ત હુકમ કરૂં છું કે તેણી ફરીથી તમારી સાથે ખરાબ વર્તણુંક વર્તે નહીં, એમ છતાં જો જાણુમાં આવે તો તમારે તે વિષેની કોરટને અરજ કરવી જેથી કોરટ તેને જોઇતી શીક્ષા કરશે. શામલાલ સાહેબનો સવાલ સાંભળી સ્તબ્ધ થઇ ઉભો રહ્યો અને સાહેબે રૂપાળીને ટેબલ નજીક બોલાવી કહ્યું, કેમ તું તારા ધણીના ઘરમાં જવા ખુશી છે કે નહીં?

રૂપાળી—ના સાહેબ, મને તો મારી નાંખશો તો પણ તેના ઘરમાં જવાની નથી; મારી મારીને મારા હાડકાં ખોખરાં કરી નાંખ્યા છે, ઘરમાં પેસવા દેતો ન્હોતો તો પુરૂ ખાવા પીવાને પણ ક્યાંથી આપવાનો હતો?

માજી—તું કેવી ચાલની છે તે હું સારી પેઠે જાણું છું. આ કોરટમાં તું પ્રથમ આવી ગએલી છું તે મારી ધ્યાનમાં છે, માટે જા? ધણીના ઘરમાં પેશીને સારી ચાલથી ચાલ નહીં તો જેલખાનું જોવું પડશે, ખરચ આપવા તારો ધણી તૈયાર છે, પરંતુ તારી નઠારી ચાલને લીધે કોરટ તને ખરચ અપાવતી નથી અને ઘરમાં જવાનો હુકમ કરે છે.

રૂપાળી—સાહેબ મને મારી નાખશે એના જામીન લ્યો, તો હું ઘરમાં જાઉં.

માજી—નહીં નહીં જામીન તારા અને તેના બંનેમાંથી કોઇના લીધામાં આવશે નહીં, તને પેસવા નહી દે ને હેરાન કરે તો, સાક્ષી રાખી કોરટને ફરી ફરીયાદ કરજે પછી કોરટની ધ્યાનમાં આવશે તેમ કરશે. ઉપર પ્રમાણે કોરટે સમજુતી આપી ફેંસલો આપ્યો. અને બંનેને કોરટમાંથી જવાની રજા આપી. કોરટમાંથી બંને જણા પોતપોતાના ઘર તરફ ગયા, શામલાલે કોરટમાં બંનેની બનેલી હકીકત પોતાની સ્ત્રી ગુલાબને કહી સંભળાવી. જેથી ગુલાબને ઘણું દુખ થયું પણ કરે શું? સરકારે કરી આપ્યું તેમાં કોઇનું ડહાપણ ચાલે નહી તેથી મનમાં સમજીને જે થયું તે ખરૂં એમ બોલી પોતાના ઘર કામે વળગી, આણી તરફ રૂપાળી પણ પોતાના પીયર આવી અને કોરટમાં બનેલી હકીકતથી પોતાના બાપને વાકેફ કર્યો અને મેં વાળી રડવા બેઠી.

અડભંગશાનો પીતો રૂપાળીને રડતી જોઈ એકદમ ઉંચો ચઢી આવ્યો અને ખુંખારીને બોલ્યો, કાંઇ નહીં બેટા ધીરજ રાખ્ય એ નાણાવટીના દીકરા પાસેથીજ ખરચ લેવું. કોરટે ખરચ ના અપાવ્યું તો આપણી નાત કયાં મરી ગઇછે, આપડે તો એને ઘેર કાણુ માંડવાએ જવું નથી, રૂપાળીની મા અમથી પાસેજ બેઠેલી હતી તે બોલી ઉઠી ત્યારે ચુડીઓ પેહેરી બેશી શું રહ્યાછો, જાઓ નાત ભેગી કરવા શેઠને ત્યાં અરજી આપો, અને નાત વચ્ચે બોલાવીને તોડુસાના દીકરા પાસેથી મોંમાં ખાસડાં મારી ખરચ લ્યો, જુવોછો શું?

અડભંગશા બોલ્યો? અરે આ ચાલ્યો શેઠને ત્યાં અરજી આપી આજનેઆજ નાત એકઠી કરૂંછું પછી જોઉંછું કે તે શું કરેછે; અડભંગશા ઉઠયો અને લુગડાં પહેરી અરજી લખી તૈયાર કરી શેઠને ત્યાં આવ્યો શેઠ આ વખતે પગપર પગ ચઢાવી ગાદી ઉપર બેશી તમાકુના ફાકડા લઈ રહ્યા હતા તે અની પાસે જઇ અડભંગશાએ સલામ કરી શેઠને અરજી આપી શેઠ અરજીનો સાર વાંચી ગોરને બોલાવી હુકમ કર્યો કે આજ સાંજના સાત વાગતાં નાત એકઠી કરવાની છે માટે સર્વે ના-

તીલા ભાઇઓને ત્યાં જઇ ખબર દઇ આવકે સાંજના સાત વાગતા શેઠના તએલે નાત એકઠી થવાની છે તેથી સર્વે ભાઇઓ તે અવસરે મુકામપર વહેલા પધારજો. ગોર વારૂ કહી નોતરાં દેવા ચાલ્યો ને અડભંગશા શેઠની રજા લઇ ઘર તરફ વળ્યો.

પ્રકરણ ૧૨ મું.

“નાતે ખરચ નહિ અપાવતાં રૂપાળીને શામલાલના કબજામાં સોંપવી.”

સાયંકાળ થવા આવી અને સાત વાગ્યા એટલે નાતભાઇઓ એક પછી એક આવતા ગયા, થોડીવારમાં આખી નાત ભરાઇ ગઇ શામલાલ પણ આ વખત હાજર રહ્યો હતો. મોટા આગેવાન શેઠીઆ આવીને પોતપોતાની જગાપર જઇ બેઠા. એટલે પછીથી પરવારીને નગરશેઠ તએલામાંથી બહાર આવ્યા અને ગાદીતકીએ અઠીંગુ દઇ બેઠા, બાદ નાતને ફરમાવ્યું કે જેને અરજ કરવી હોય તેને બેલાશક કરવાની છુટ છે, તેથી પ્રથમજ અડભંગશા ઉભો થયો ને બે હાથ જોડી નાતને અરજ કરી બોલ્યો—સાહેબ મારી દીકરી રૂપાળીને તેનો ધણી શામલાલ કેટલાંક વરસ થયાં ઘરમાં ઘાલતો નથી તેમ ખરચ પણ આપતો નથી ને બીજી બૈરી કરી બેઠોછે, મારી દીકરી ઘરમાં પેસવા જાય છે તો ધક્કા પાટુઓ મારી અદમુઇ કરી નાંખેછે ને ઘરમાં પેસવા દેતો નથી, માટે નાતે મળી મારી દીકરીને શામલાલ પાસેથી ધાન લુગડાં માટે ખરચ અપાવવા મહેરબાની કરવી નહીતો મારી દીકરી રૂપાળી તેને જીવ આ લશે તે સ્ત્રીહત્યા તમને લાગશે રે ભાઇઓ !!

નગરશેઠ—જુઓ અડભંગશા, ટમે આટલા બઢા આકડા ન ઠઇએ એટો ઢીમે ઢીમે હુઊ ઠશે ને નેડના પાની નેડમાં જશે, કેમ કચ્ચડાશેઠ ખડું કહુછુ ને.

કચરાશા—હાસ્ટો; વડી ઉટાવડે આંબા પાકે ટેમ છે કે ડોડી લઇએ !

નગરશેઠ—એડે પન ચાડભાઇઓ હેડો કને, ટેવીશે ટએલા જઇ જડા વચાડ કડીએ એમાં છું. મોટીશા ટમે હેડો ને જોડે કપુડશાને પન લ્યો એટો બઢાનો મટ પુછવો જોઇએ. ચારે જણા ઉઠયા ને તએલાની એક બુરજીમાં પંચાત કરવા બેઠા

ને માંહોમાંહે સલાહ લેવા લાગ્યા?

નગરશેઠ—કેમ કચડાશેઠ આનું શું ઠાડયું, જવાપ આપ્યા વગર કાંઈ સીઢી છે, સાલી હા નાટો કેવી. કડવું શું?

કચરાશા—વડી કહેવું હુ શું ને કડવું હુ શું ? આપડે આપડે ગાંડે વીંટાલીને આપો કને, અડભંગશાની દીકડી આપડી કયાં અજાણી છે, ટે ખડચની પંચાટ કડીએ, કચેડીવાળાએ પન ખડચ અપાવ્યું નહી ટો આપડે વઢયા? આપડે ટો હુકમ કડો કે, શામલાલ ટને ઘડમાં ઘાલે ને અડભંગશા ટેની દીકડીને સાસરે મોકલે એટલે ઠયું, પંચાટ કડી રહ્યા, કેમ મોટીશા ટમારી શું ઢયાન છે ?

મોતીશા—હાજી મારો પણ તેજ મત બેસે છે, હું તમારા મતને મળતો છું.

નગરશેઠ—કેમ કપુડશા ટમારો શું મટ છે, ટે કહો ? મારા સાબ જરી બોલટાએ નથી !

કપુરશા—સાહેબ મારો વચાર તો એમ થાય છે કે, તેમની પંચાતમાં પડવુંજ નહીં, પન છેવટે તમારા વચારને મળતો મારો વચાર આવે છે.

—ટારે ઠયું માડા સાબ, આપના ચાડે જણાનો અને નગરશેઠ સડખો મત આનવો જોઈએ, તો હવે ચાલો બાહાડ જમ ટમ ફડમાવી ડઈએ ? એટલે નીરાંટ "ચારે જણા નક્કી કરી બુરજમાંથી બ્હાર આવ્યા, અને નગરશેઠે લગાર મોટો ઘાંટો કાઢી કહ્યું."

નગરશેઠ—શામલાલ, ટમારા ઉપર તમારી ઘડવાળી રૂપાળીએ ઢાન વાસ્ટે નાટને અડજ કડી છે, માટે ટમારો ટે વીશે નાટને શું જવાબ ડેવાનો છે ?

શામલાલ—સાહેબ તે કેવા ચાલની છે તેની નાતના ભાઇઓને માહેતી છે, નાત મારા માથાની મુગટ તરીકે છે, ગુનેગાર કોણ છે તેનો તોલ કરી નાત જે હુકમ ફરમાવશે તે પ્રમાણે ચાલવા તઇયાર છું.

નગરશેઠ—એમટો બઢા વચાડ કડીનેજ ટોડ મુકેલો છે, કેમરે ભાઇઓ હુકમ ફરમાવીએ છીએ, તમારે બઢાને કબુલ મંજુડ છે?

"સર્વે નાતના ભાઇઓએ તરત હા પાડી, ને નગરશેઠે હુકમ કર્યો."

નગરશેઠ—શામલાલે પોતાની વહુને હાલમો ઠોડા દાહાડા ઘડમાં જુદી રાખી, ખાવા પીવાનો બંદોબસ્ટ કરી આપવો અને માડઝુડ કડવી નહીં, ટેમ અડભંગશાએ પન પોટાની ડીકડી રૂપાલીને શીખામણ દઇ શામલાલના ઘડે મોકલવી, શામલાલ તેને માડઝુડ કડેને ખાવા પીવાનું નહી આપટા કાડી મુકે ટો સાક્ષી ડાખી, શહરહું નાટમાં અડભંગશાએ ફડી અરજ કડવી ટો નાત ટે વિશેનો આગડ ઉપર વધાડે વચાડ કડશે, ઊપડના હુકમને ટાંબે બંને જના નહી ઠાયટો બંને જના નાટના ગુનેગાડ ઠડશે ને પાછળઠી ટેમનું ઢાડવામાં આવશે ? આવી રીતનો હુકમ ફરમાવી, શેઠ તો ઉઠીને તબેલામાં ચાલતા થયા અને નાતના માણસો માંહોમાંહ વાતોએ વળગ્યાં ?

દોલાશા—અરે ભાઇ હજી જુવો તો ખરાં બંદોબસ્ત નહી થાય તો કેટલાંક વેવિશાળ તડાકા બંધ તુટી જશે.

ડાહ્યાશા—આ તેમ થશે તો ગરીબ બચારા પરનાતની પરણી લાવી ઘર માંડશે; કાંઈ છતે દીકરે નખોદ જવા દેશે ? હાલતો "પોલું દેખે ત્યાં પેશી જત" એવું છે, પુછનાર કોણ છે?

દોલાશા—અરે ભાઇઓ હાલમાં તો કન્યાના કામ વધી પડ્યાં છે, સૌને બાગબંગલા વાડી હવેલીઓને ગાડી ઘોડા જોઇએ છીએ. મોટી મોટી દીકરીઓ કરી; છેવટે મોટુ ઘર ના મળે તો ખાટી છાશ ઉકરડે નાખી ઘરડા ગરદન લાકડે માંકડું જોઈ લોહીના તરશા માબાપો બાળાઓનો ભવ બાળે પણ ગરીબોને ઘેર કેમ દેવાય.

ડાહ્યાશા—પણ જ્યાં હજારો રૂપીયાના પહ્લા પેહેરામણીના હીસાબ રહ્યાના ત્યાં ગરીબોના શા આશરા, પહ્લા પેહેરામણીનો બંદોબસ્ત થાય તો હમણા ગરીબોના ઘર મંડાય.

હઠીશંઘ—પણ ડાહ્યાશા તમે કેમ સમજ્યા નહીં, પઇસાવાળાઓને ત્યાં પઇશાવાળાઓની આપ લે થઇ ત્યાં ગરીબની શી ગરજ રહી, હમણાં બંદોબસ્ત બરોબર થાય તો, નાતનું છોકરૂં નાતમાં વરે, બીજે જાય કયાં, બસો રૂપીઆનો કમાઉ

ઘરનું ઘર, અને મુરતીઓ સારો હોય તો પછી જોઇએ શું? પઇસો કોનો રહ્યો છે ને રેહેવાનો છે!

દોલાસા—હશે ભાઈ હરી કરે તે ખરૂં, બને છે તે જોયું, ને બનશે તે જોઇશું. આમને આમ વધારે દહાડા ચાલશે તો આગળ ઉપર નાતના ઘર અડધા થઈ જઇ કઇકના નામ જડા-મુળમાંથી જતા રહેશે, પ્રભુ પ્રભુ આપણે તો કહીએ છીએ કે અમારી નાતના આગેવાન શેઠીઆઓની મીચેલી આંખો ઉઘાડે, ને તેમના હ્રદયમાં રામ ઉતરો કે જેથી નનાયકી નાતને, કાયદામાં કેદ કરી આસન્યામાં આણે તો સઘળા નાતીલા ભાઇઓ પાસે ટકે અને પરીવારથી સુખી થાય ને થંડા પેટે સ્વરગે જાય.

એમ વાતો કરતાં કરતાં, શેઠની વાટ જોતાં રાતના બાર વાગવા આવ્યા, પરંતુ શેઠ તો તબેલામાં પેઠા તે પેઠાજ. ફરીથી બહાર નીકળ્યાજ નહીં. તેથી નાતના ભાઇઓ એક પછી એક વીસરજન થવા લાગ્યા, ને થોડીવાર પછી સઘળા વેરાઈ ગયા, શામલાલ પણ પોતાના ઘર તરફ વળ્યો, ને અડભંગશા પણ નાતના શેઠીઆને ગાળો દેતો દેતો પોતાના ઘર ભણી ચાલતો થયો.

બીજે દીવસની સાંજે અડભંગશાએ નાતના ફરમાવ્યા મુજબ રૂપાળીને સમજાવી તેના સાસરે શામલાલને ત્યાં વદાય કરવા માંડી ત્યારે રૂપાળી રડવા બેઠી ને જવાને આનાકાની કરવા માંડી, ત્યારે અડભંગશાએ તેને ધીરજ આપી કહ્યું. બો બેહેન હવે આપણા હાથમાં બાજી નથી, નાતનું કેહેવું માન્ય ના રાખીએ તો ઉલટા ગુનેગાર ઠરીએ, ને નાત આપણને ડંડે. આજ તું ત્યાં જા ને જો. તને ઘરમાં પેસવા ના દે ને મારફાડ કરવા આવે તો નાતે ફરમાવ્યા મુજબ બે જણાને સાક્ષી રાખી પાછી આવજે. પછીથી નાતમાં ફરીયાદ કરી આપણે એને જોઈ લઇશું? એવી રીતે સમજાવી રૂપાળીને તેના બાપે શામલાલને ઘેર માણસ સાથે વીદાય કીધી.

શામલાલે રૂપાળીને ઘરમાં આવતી જોઇ મેડા ઉપરથી નીચે આવ્યો? અને બારણું ઉઘાડયું કે તરત રૂપાળી અંદર પેઠી, મેડા ઉપર ચઢવા જાય છે તેવીજ શામલાલે ઉપર ચઢ-

તી અટકાવી બોરો ? ખબરદાર ઉપર ચઢી છે તો, તારી વાત મેં જાણી તારા માટે આ નીચલો ઓરડો ખુલ્લો મુક્યો છે તેમાં તારે રહેવું. આવતા કાલથી એક માસનું અનાજ તને ખાવા માટે આપવામાં આવશે, અને સારી ચાલથી ચાલીશ તો લુગડાં વીગેરેનો પણ બંદોબસ્ત થશે, પણ યાદ રાખજે કે જો, રજા શીવાય બહાર ગઈ તો, ખાલજ ખેંચી કાઢીશ ? ને લાત મારી તગેડી મુકીશ.

રૂપાળીએ એક પણ સવાલ સામો આપ્યો નહીં, ને ચુપ ચુપ બતાવેલા ઓરડામાં જઈ ડાહીડમાક થઈ બેઠી.

ગુલાબવહુ ચોકની બ્હારીએથી આ બધું જોતી હતી, તેને તો એટલું બધું ઓછું આવ્યું કે, દીવાનખાનામાં બેસી ધુસકે ધુસકે રડવા લાગી ને મનમાં કહેવા લાગી કે હાય હાય વળી આ મારી શોકય મારા સુખમાં ભાગ પાડવા કયાંથી આવી, એમ બળાપો કરી છાની રહી ને મન વાળી છોકરાને રમાડવા લાગી, વાંચનાર ? શોકયનું સાલ સ્ત્રીઓને કેવું દુઃખદાયક થઈ પડે, કાં સારી હોય કે ભુંડી, પરંતુ સ્ત્રીઓને શોકયનું નામ દીધું હોય તો બિચારી ઉભીને ઉભી ચિતાગ્નિમાં બળી પોતાનું નાજુક બદન ખાખ કરી મુકે છે, તેનો આ પ્રતક્ષ દાખલો છે. માટે સમજીને સ્નેહી મીત્રો એક ત્રિયાનું સુખ મળવું મુશ્કેલ છે તો દ્વિત્રિયાથી શું સુખ પામવાના હતા?

અને સ્વદારાઓ ઉપર શોકયો આણી શું સાર કાઢવાના હતા? એ તો ઉલટી તમારા સુખની હાની કરી, ઉલટું દુઃખ વ્હોરી લો છો, બીજું કાંઈજ નથી ઓરમાન માના જુલમ તમે જોયા નથી, શોકયોના દીકરાઓને ઝેર દીધેલાં સાંભળ્યાં નથી અને ધણીઓને ઢોળી પાડતા જોયા નથી ત્યાં સુધી તો તમે બે બૈરી કરવાનો વાંછના કર્યા કરશો, પરંતુ મિત્રો જીવતા જેને તે સુખનો સ્વાદ લીધેલો છે. તેતો બીચારા જખ મારી જણાવે છે કે મર્ણાનગતે પણ કોઈ સુખી અગર દુઃખી પુરૂષે અલ્પ સુખને માટે એક ઉપર બીજી બૈરી કરવી નહી, લ્યો સાહેબ તે જોયું અને ફરી જોશો ત્યારેજ ખબર પડશે.

પ્રકરણ ૧૩ મું.

ડાયમન્ડ બેન્ક ભ.ગો, અને શામલાલનું ગાંડા બનવું.

રૂપાળીને જુદી રાખ્યા પછી કેટલાક દીવસ સુધી તેણી શામલાલના ઘરમાં સારી વર્તણુકથી વર્તવા લાગી, તેથી શામલાલ પણ તેને જોઇતી વસ્તુ પુરી પાડતો હતો, આ જોઈ ગુલાબની આંખમાં અદેખાઇ ભરાઇ આવતી, પરંતુ શામલાલ તેને સમજાવતો કે રૂપાળીની ખરાબ ચાલ સુધારવા માટે હું તેને જોઇતો સરંજામ આપું છું કારણ કે પછીથી તેને બ્હાર જવાનું બ્હાનું મળી આવે નહીં, એવી રીતે કહી વારંવાર ગુલાબના મનનું સમાધાન કરતો, આ વખતે શામલાલના પુત્ર સુંદરલાલની ઉમ્મર પાંચ સાત વરસની થવા આવી હતી અને તે ઘણો ચાલાક ને રૂપમાં સુંદર હતો.

આજ બપોરના બાર વાગ્યાને સુમારે શામલાલ પાસે ન્હાનો સુંદર રમતો હતો, અને શામલાલ ગાદી ઉપર આડો થયો હતો, તેટલામાં પોસ્ટ ઓફીસનો એક સીપાઇ (ડેલી ન્યુસ) નામનું છાપું શામલાલને હાથમાં આપી ચાલતો થયો.

તરતજ છાપાની વાટ જોઇ બેશી રહેલ શામલાલે તે છાપુ લઇ એક આરામના ચેર ઉપર બેશી, નવાજુનાની જાહેર ખબર વાંચવા માંડી, જેમાંની એક જાહેર ખબરમાં નિચેની બીના ટાંકવામાં આવેલી હતી.

જાહેર ખબર.

અમો નીચે સહી કરનાર મી. 'કેન્ડી એસ' ની ડાયમન્ડ બેન્કના સઘળા પાર્ટનરોને દીલગીરી સાથે જણાવવા રજા લઇએ છીએ કે ચાલતા માસની તારીખ ત્રીજીએ સદરહુ બેન્કના બે કરોડ રૂપીઆની કીમ્મતના મોહટા હીરા લઈ મેલ સ્ટીમર 'ઇજીપ્ટીયા' લંડન જતાં રસ્તામાંજ રેડસીમાં તોફાન થવાથી અણચીંતી તે સ્ટીમર લાથી ગએલી છે. અને તેમાંનો તમામ માલ નાશ થયેલો છે હીરાઓ ઉપર વિમો ઉતરાવવામાં આવેલો નથી તેથી ભાગીદારોને ઘણુંજ ભારે નુકશાન થયેલું છે, અને બેન્કનો તમામ વહીવટ એજંટ લીકવીડેટરોના હસ્તકમા સોંપેલો છે, જેથી તપાસ કરતાં તેમાં જે કાંઇ લારણ નીકળશે તે સહુ ભાગીદારોને વરાડ પડતા વહેંચી આપવામાં આવશે એવો ઠરાવ નક્કી કરવામાં આવ્યો છે.

માટે જે કોઈ ભાગીદારોને તે વીશેની તકરાર અગર અગર

અરજ કરવાની હોય તેમને ચાલતા માસની તારીખ ત્રીસમી સુધીમાં નિચે લખેલા ઠેકાણે જાતે હાજર થવું અગર લખી. તવાર અરજી મોકલી આપવી.

તાજ તારીખ તમાકુ માહે ચુનો સને સોપારી	લી મી. એમ. ડી. એસ. સોલીસીટર. એન્ડ મી. ડી. ડી. ક્રોસ મલબારી લોકિઉસ્રો. મુ. રત્નપુરા ફોર્ટસ્ટ્રીટ.

આ લખાણ વાંચતાને વાર પેપર શામલાલના હાથમાંથી નીચે જમીનપર પડી ગયું ને બેભાન થઇ ડાગળી છક બની હાયનોટ, વેયનોટ, હાય બેન્ક વેય બેન્ક કરી બકબકાટ કરવા લાગ્યો, નાહાનો સુંદરલાલ પાસેજ રમતો હતો તે આ બનાવ જોઈ બીધો ને બાપા બાપા કહી શામલાલને બોલાવવા લાગ્યો.

તેને પણ હાય નોટ વેય નોટનો જુવાબ મળવા લાગ્યો, આથી સુંદરલાલ બીહીને તેની પાસેથી નાશી ગયો ને દાદર ઉતરી તેની મા ગુલાબવહુ પાસે આવતો રહ્યો.

ગુલાબે સુંદરને ધસમસ્તો પોતાની તરફ આવતો જોઇ, પુછયું સુદર બેટા તું તારા બાપ પાસે ઉપર રમતો હતો તે નીચે કેમ આવતો રહ્યો? તેના જવાબમાં સુંદરે કહ્યું કે મા! બાપા તો હાઉ હાઉ કહી બીવરાવે છે, તેથી હું તો હવે એમની પાસે જઉંશ નહીં. ગુલાબ વિચારમાં પડી અને તરતજ હાથમાંનું કામ હેઠું મુકી મેડા ઉપર ગઇ ને જુવે છે તો શામલાલને પથરાવતી કબાટનાં ખાનાં ભાગતો જોયો, ગુલાબ તે તરફ દોડીને શામલાલના હાથમાંથી પથરો પડાવી લઇ બોલી સ્વામીનાથ, તમે આ શુ કરોછો? તેના જવાબમાં પણ હાય નોટ વેય નોટ, હાય બેન્ક વેય બેન્ક કરી કરી ખાના પછાડવા લાગ્યો અને માંહે પડેલા કાગળીઆમાંથી એક પછી એક લઇ કુરજા કરવા શરૂ કર્યા. ગુલાબ તો આ દેખાવ જોઇ ઘાભરી બની ગઇ ને શું કરવું તે સુજે નહી છેવટે મનને નક્કી થયું કે રાંડ રૂપાળી મારી શોકયે ધણીને કાંઈ કામણ કરી ગાંડો બનાવી દીધેલો હોય એમ જણાય છે.

અંદરનું લોહી એકદમ ઉછળી આવ્યું, ને લડાઈનું સુર માહ્યું, કાગળીઆ કામના હશે એમ જાણી તરત શામલાલના હાથમાંથી પડાવી લીધા, અને ખાનાં માહ્ય મુકી કબાટ

વાશી દીધું, કુંચીઓ કેડમાં ખોશી અને ગુસ્સામાં ને ગુસ્સામાં નિચે ચોકમાં રૂપાળી કમખાની કસો ગુંથતી હતી ત્યાં આવી બેધડક બોલવા લાગી.

ગુલાબ--રાંડ શંખણી માંટીને તે શું કરી નાંખ્યું કે ગાંડાગંતર થઇ ગયો?

રૂપાળી તો તેનાથી સો ચંદાવા ચઢે તેમાંનું પુતળુ તેથી તેણીએ પણ મુખ સ્વાદનો ખુબ સપાટો મારવો શરૂ કર્યો.

રૂપાળી–રાંડ વ્યંતરી વિચાર કરીને બોલજે, મરેને તારા માંટીનું નામ દેનારી. જો રાંડ ખોટાં ખોટાં આળ મુકવા આવી છે તે.

ગુલાબ--તારે કઈ તારી માના માંટીએ કરી નાંખ્યું, હમણાં તો સાજા સારા હીંડતા જેવા હતા, તેટલામાં તું નહીં તો બીજું કોણ કરી જાય, રાંડ હત્યારી?

રૂપાળી--વ્હાલાભુંડી વગર વાંકે વાંક કાઢી ઘરમાંથી કાઢવી હશે, સારૂં ભલું જોઇ તારા પેટમાં અંગારા ઉઠતા હશે, તો માંટીને ના કહેવુંતું કે ઘરમાં ના ઘાલશો?

ગુલાબ—ઘોઆરી, ઘરમાં ઘાલી ત્યારેજ ઘર ઘાલ્યું તો, માંટીને મેઢ બનાવી કેવાં ડાહ્યા ડમરાં થઇને બેઠાં છો.

રૂપાળી અલી, તું તો શાણી સીતા જેવી છું તેમાંજ વરને વશ કરી રાખ્યો છે, મેં કામણ કરી ગાંડો કર્યો હોય તો માશી બે આંખે અંધાપો આવજો, નહીં તો તારીને તારા છોકરાની બંનેની આંખો ફુટશે.

ગુલાબ--રાંડ પેટબળી આરો છોકરો ક્યારે તારૂ નામ દેવા આવે છે, તે મારા છોકરા સુધી ગાળો દઉછું, આંખ્યો ફુટેને તારા માબાપની, મારા છોકરાને અંબામા ખમા કરે.

રૂપાળી-- જો રાંડ બાપ સુધી ગઈ તો તારી વાત તેં જાણી, વિચાર કરીને વચન કાઢજે, નહીંતર જોયા જેવું કરી આપીશ.

ગુલાબ--અલી એ, તું શું મને કરી નાંખવાની હતી, તારાથી થાય તો મને ઘરમાંથી કાઢી મુકજે, બીજા શા ઘોડા છોડી મુકવાની હતી.

રૂપાળી—ઘરમાંથી તો કાઢવા તું તઇયાર થઇ છે, ખોટાં

ખોટાં આળ મુકે હું ડરવાની નથી, તારા મમ્મત ઉપર તો આંહી બેશી મોજ મારીશું, તું તારે હઇયામાં હોળી સળગા વ્યાજ કરજે.

ગુલાબ--મોજ મારવી હવે શી બાકી રહી છે, માથે છેડો નાંખ્યો તેને શું ? લાજ વહાલી હોય તો મોટાં નામવાળી વાંદરીની પેઠે વળગતી આવેજ ખરી.

રૂપાળી—વાંદરી તું, તારી મા, તારી બેન, તારી માશી, તારી મામી, તારી ફુઈ સમજી ? રાંડ દીકરો દેખીને જોને ફાટી છે તે, ગામમાં દીકરા કોઈ જણતીઓજ નહીં હોય.

ગુલાબ—એકથી હજારવાર દીકરાવાળી, દીકરાવાળી દીકરાવાળી, રાંડ વાંઝણી તારે જોઇએ તો તું દીકરા લે, તને કોને વારી રાખી છે.

રૂપાળી--પેટબળી, વાંજણી, વાંઝણી કહી, મેહેણા દેવાય તેટલાં દે પણ હુંએ જોઉચ્છું તો ખરી કે તું દીકરાનું સુખ કેટલા દીવસ ભોગવે છે.

ગુલાબ—રાંડ તારૂ ચાલે તો મારા છોકરાને ઝેર દઇ મારી નાંખજે, પછી હું પણ જોઇશ કે તું ફાંશીના લાકડે કેવી લટકે છે.

રૂપાળી--રાંડ અભાગ્યણી, અહીંથી હવે તું જાય છે કે નહીંતો લોહીલુવાણ કરી નાંખીશ.

ગુલાબ—જાય કયાં, રાંડ તારા બાપનું ઘર છે તે દમ ભરાવે છે, આ તારી સામે ઉભી, માર જોઉં, તારી માએ સવા શેર સુંઠ ખાધી હોય તો.

રૂપાળીને રીસ ચઢી ને એક તમાચો ગુલાબના મોં ઉપર જોરથી ઝાડી દીધો, જેથી બીચારીનું મોહોડું લાલચોળ થઈ ગયું. રૂપાળી તમાચો મારી પાછી ફરે છે તેટલામાં ગુલાબે ગાલ પંપાળતાં પંપાળતાં એક ધક્કો એવો માર્યો કે રૂપાળી ચોક વચ્ચે ચત્તાપાટ પડી ને દાંત પડી જઈ અંદરથી ધડધડ લોહી નીકળવા લાગ્યું. આથી તો રૂપાળી વાઘણ ખુબ વકરી, ને દાંત કચકચાવતી ઉઠી, ગુલાબનું ગળુ પકડી જોરથી ખુબ દાબ્યું. જેથી ગુલાબ ગુંગળાવા લાગી, ને બેભાન થઇ ભોંય પર પડી, આ બનાવ જોઇ નાહાના સુંદર બાળકે રડારોળ क-

રી મુકી પણ ગોઝારીએ ગરદન છોડી નહીં, સુંદરલાલને ખુબ રડતો સાંભળી, પાસેની પાડોસણ નામે હરકોરબાઇ એકદમ અંદર દોડી આવી અને જુએ છે તો રૂપાળીને ગુલાબની ગરદન પકડેલી જોઈ, અને ગુલાબના મોંઢામાંથી ફીણના પરપોટા બહાર આવેલા દીઠા.

આ દેખાવ જોઇ ઘરડી હરકોરબાઇતો ગભરાટમાં પડી બુમો પાડવા મંડી પડી, અરે ? શામલાલ, શામલાલ કોઈ આ વજોરે આવજો. આ ગુલાબને રૂપાળીએ મારી નાંખી, દોડજોરે દોડજો, અને નાહાના સુંદરલાલે પણ સાથે લાગુ કકળાણ કરી મુક્યું.

આ બુમો સાંભળી આજુબાજુના લોકો એકદમ શ્વાસભેર દોડતા આવ્યા, અને રૂપાળીના પંજામાંથી ગુલાબને મુક્ત કરી લોકોએ રૂપાળીને સારી પેઠે મેથીપાક આપ્યો.

ગુલાબ કેટલીક વારે શુદ્ધીમાં આવી, ત્યારે સઘળાંએ તેને લઢાઇ થવાનું કારણ પુછ્યું, ત્યારે ગુલાબે કહ્યું કે સુંદરના બાપા ઓચીંતા ગાંડા થઇ ગયા છે, તેથી હું તેને પુછવા ગઇ કે તેનું કારણ તું કાંઈ જાણે છે, તેટલામાં તો મને એકના અનેક સંભળાવી મારા આ હવાલ કર્યા. તમે બધાં જો ના આવી પહોંચ્યાં હોત તો હુંતો કેવારનીએ મરી ગઇ હોત. હાય હાય, મારી અને મારા સુંદરની શી વલે થશે, એના બાપને સાવ ઘેલછા થઈ ગએલી છે. બીલકુલ ભાન રહેલું નથી, અને આ ગોઝારી અમને બંનેને એકલા ધારી આજની પેઠે જરૂર મારી નાંખશે. હવે અમે શું કરીએ, ને ક્યાં જઈએ ? એમ કરી ગુલાબે વિલાપ કરી રડવા માંડ્યું, તેને જોઈ સુંદર પણ આક્રંદ કરી રડવા લાગ્યો, ને ગુલાબને રડતાં રડતાં પુછવા લાગ્યો.

બા તું શું કરવાને રડું છું તું કેમ કાંઇ કેહેતી નથી, મારા બાપાને શુ થયું છે, બાપુ બોલને ચ્યમ બોલતી નથી, મને તારા ખોળામાં બેસવું છે, ને મને રમાડ જોઉ, એક બચ્ચી લઇ મને વહાલી થઈ જા, તું રડે તો તને મારા છમ છે બા, લે તું રડતી છાની રહી જા, હું બાપાને નીચે બોલાવું ? તે તને રડવા નહીં દે તો, એમ કહી પોતાના ધોતીઆ

વતે તેની મા ગુલાબના આંસુ લોવા લાગ્યો આથી ગુલાબનું હૈયું વધારે ભરાઈ આવ્યું, ને છાતી ફાડ રડવા લાગી, તે જોઇ પાસે બેઠેલા સર્વ જણાને ગુલાબ ઉપર દયા આવવા લાગી, અને રૂપાળીને ફીટકાર દેવા લાગ્યાં.

આ વખત રૂપાળી એક ખુણામાં બેશી ટગર ટગર જોયા કરતી હતી તે એકદમ આગળ આવી લોકોને કહેવા લાગી.

રૂપાળી—મરો નખોદીઆઓ, તમે બધાએ મારા ઘરમાં પેશી ધાર્યું છે શું ? બ્હાર નીકળો છો કે નહીં ? નહીં તો ટાંટીઆં કાપી નાંખીશ. રાંડ પાખંડીનું ઉપરાણું લઇ મને ડરાવવા આવ્યા હશો પણ તમારી ડરાવી ડરૂં તેમ નથી, સમજ્યાં, તમારા જેવા તો મારાથી કાંઇએ વટાણા વાવી ગયાં.

૧ પુરૂષ—શીકોતરી સમજ્યા વગર કેવાની કુતરીની માફક ભશભશ શું કરે છે, તારા જેવી ટાંકીઓ કાપનારી તો ક્યાંએ મરી ગઇ સમજી, ટાંટીઓ કાપવો હોય તો આઘી આવ જરી, પછી તારો કપાય છે કે અમારો.

રૂપાળી—તો રહ્યા તારા બાપનું શું લીધું છે કે તું વ-ચમાં વળગવા આવ્યો છું, અમે અમારે સંબંધી છીએ તે અમે તેમ ભરી પીશું; તેમાં તને શી ચુંક આવે છે.

૧ પુરૂષ—ગોઝારી ગરીબડી ગાયને, ગળે વળગીતી તે મરી ગઇ હોત તો ખબર પડત કે ફાંશીના લાકડે લટકતી વખતે, ચુંક કોને આવે છે, એ તો તારા સારા નશીબે, હર-કોર બાઈ આવી પહોંચી, નહીં તો કેવારની એ લોઢાની ચુ-ડીઓ પહેરી મારા દાદા પાસે વદાય કરી દીધી હોત.

હરકોર—અરે ભાઈ હું જો સુવેળા ના આવી પહોંચી હોત તો ગુલાબવહુ તો કેવારનીએ સ્વધામ પહોંચી ગઇ હોત, અરે રામ રામ, બચારા નહાના સુંદરની શી વલે થાત. પ્રભુ પ્રભુ, તું કરે તે ખરૂ, કેહેવત છે કે જેને રામ રાખે તેને કોણ ચાખે.”

૧ પુરૂષ—હરકોર બાઈ પણ રાંડ શંખણીને એટલો અ-રેકાર છે કે, મારો ધણી શાથી ગાંડો થઇ ગયો તેણે ખાધું છે કે નહીં તેની તપાસ કરવી તો રહી ને ઉલટી આતો વા-ઘણની પેઠે વળગી, રાંડ જેનો તેનો જીવ લેવા તૈયાર થાય છે.

રૂપાળી—પાઘડી બળ્યા! રાંડ રાંડ કહી કોને ગાળો ભાંડે છે, રાંડ તો તારી મા હોય તે થાય સમજ્યો! નકટાની માફક વચમાં શું જોઈ બોલવા આવ્યો છું. હિમાયતી લઇને આવ્યો છું તો રડ્યા, બાયલા, તેની વતીનું ઘર માંડવા તું આવ્ય, હું જાણીશ કે વળી એક શોકય વધારે.

આવાં કડવાં વચનથી તે મદદગાર પુરૂષનો પીતો ઘણો ગરમ થઇ ગયો ને રૂપાળીને ગળચીથી પકડી મારવા જાય છે, તેટલામાં ગુલાબ વચમાં પડી કહેવા લાગી કે ભાઇ? આમાંથી વાત વધી જશે." ને ઉલટો ચોર કોટવાળને દંડશે." માટે તેના બોલવા સામુ તમે જોશો નહીં, હશે જે બની તે ખરી, કર્મે શોકય લાગી તે મટવાની નથી?

રૂપાળી—શોકયની આડખીલી હોય તો ઝેર દઈ મારી નાખ્ય એટલે પત્યું, પછી બેઠાં બેઠાં રાંડને રંડવો, બે મોજ મારજો, પણ જીવતી છું ત્યાં સુધી તો જંપીને બેસવાનું ઘણું મુશ્કેલ છે, પારકા સુખમાં ભ..ગ પાડવો એ લાડવો નથી. તારો બાપ જાણતો નહોતો કે દીકરીને શોકય ઉપર દઉં છું તે માટે દુઃખ પણ ભોગવવું પડશે.

ગુલાબ—બાઈ મારો બાપ આંધળો મુવો તો, તે તારા જેવી, શોકય ઉપર દુઃખ ભોગવવા દીકરી દીધી, મારા જેવી હજારો બાળકીઓ, તારા જેવી ક્રૂર શોકયોના સપાટામાં મુંઝાઈ મરતી હશે, તેની સંભાળ લેનારો સર્વેશ્વર વગર બીજો કોઈ નથી.

એમ કહી ધુસકે ધુસકે રડવા લાગી, તેથી હરકોર બાઈએ તેને ધીરજ આપી, અને હૃદય ભરાઇ આવવાથી જુસ્સામાં સૌની સમક્ષ બિનધડક કહેવા લાગી.

હરકોર—કુળ અને પૈસાના લોભી મા બાપો, પોતાની વા'લી કુમળી કુમારિકાઓને મોટી ઉમ્મરની કરી, પાછળથી પતિ નહીં મળવાની જેમ ખોટી છાશ ઉકરડે ફેંકી દે છે, તેમજ રીતે, પોતાની બાર વરસની બાળકીઓને એંશી વરસના ખરડા ડોસા સાથે દોરી આપી, અગાધ દુઃખના અર્ણવમાં હડસેલી પાડી મનમાં આનંદ માને છે. કેટલાંક શોકય ઉપર દીકરી દઈ સુખ માને છે, અને કેટલાક બાર વર્ષનાં છોકરા સાથે, પોતાની પુખ્ત ઉમ્મરે પોહોંચેલી જુવાન બાળાને

જોડી દે છે, એ બધામાં પૈસો લાજ ને કુળનો લોભ શીવાય કશું જોવામાં આવતું નથી, અરે ? એ ત્રણેમાં આગ ઉઠો, એ પ્રમાણે વર્તનારા લોભી માબાપોનો રૌરવ નરકમાં વાસ થાઓ, અરે હજારો હજારવાર ધિક્કાર પડો તેમની જીંદગીને, એ ત્રણે બોજામાંથી નિકળતાં દુષ્ટ પરિણામો કેવાકારે બ્હાર આવે છે, તે સહુના જાણ્યામાં છતાં, આંધળા અને અનાડી માબાપો, દીપકનું તેજ જોઇ જેમ, પતંગીઓ, સુવર્ણની લાલચે, ઝંપલઈને બળી ભસ્મ થાય છે. તેમજ તેઓ લોભમાં પડી વા'લી પુત્રીઓના સુખનું સત્યનાશ વાળી, છેવટે તેજ લાભના ભોગ પોતે થઇ પડે છે ?

હે ભગવાન અમારા આર્ય બંધુઓના ક્રુર હૃદયોમાં તું ક્યારે, વાસ કરીશ, કે જેથી ફરી તેઓની ખોટી સમજનો અંત આવે અને દુષ્ટ રીવાજનો સતંદર દાટ વળી, વા'લી પુત્રીઓના સુખની વેલ વૃદ્ધિ પામે, એજ મારી તારા પ્રતે નમ્ર વિનંતી છે,

હરકોરબાઇ આ પ્રમાણે બોલી રહ્યા, ગુલાબવહુને કેહેવા લાગ્યાં કે, બાઇ હવે છાની રહે, ને ઉપર ચાલ, રૂપાળીના સામે તું એક પણ ઉત્તર આપીશ નહીં, તે બોલે તો તંને બોલવા દેજે પણ તુ બોલીશ નહીં, આખરે હારશે તે નાસશે, માટે ચાલ ઉપર જઇ જોઇએ કે શામલાલ શાથી ગાંડો થઈ ગયો છે, ને તેનું ખરૂં કારણ જણાય તો, કોઇ હુશીયાર વૈદ કે દાકટરની દવા શરૂં કર્યે, કે જેથી ઝટપટ આરામ થઈ ડાહ્યો થઇ જાય, આમ લડવાથી કે રડવાથી કાંઇ દી વળવાનો નથી, આવી રીતે સમજાવી હરકોરબાઈ અને બીજા બધા, ગુલાબવહુ સાથે શામલાલવાળા મેડા ઉપર ગયાં, અને રૂપાળી પાછળ તાગોટા કુટી, દાંતીઆ કરતી, ત્યાંને ત્યાંજ બેશી રહી ?

આ વખતે પણ શામલાલ હાથમાં છાપું લઇ આરામચેર્સ ઉપર સુતો સુતો, હાય બેન્ક, ચાળીસ હજારના નોટ, હાયનોટ, વોયનોટ, તું બુડી ગઈ ભાગી ગઇ, બહુ લેઈ ગઇ, થોડા પાછા આપ, ભઇશાબ કહું છું, પગે લાગુ છું એકવાર પાછા આપ, એમ બોલી વારંવાર રડવા અને દાંત કાઢવા માંડતો ?

આ દ્રષ્ટાન્ત જોઇ સઘળાં અજબ થઇ ગયાં, ને એક એકના સામું જોવા લાગ્યાં, પણ કોઈને કાંઇ ખરૂં કારણ માલમ પડયું નહીં, છેવટે જે પુરૂષ ગુલાબનું ઉપરાણું લઈ રૂપાળી સામે લઢવા તૈયાર થયો હતો, તે પુરૂષ ઘણો ચાલાકને તર્કશક્તિવાળો જણાતો હતો, તેને શામલાલના બોલવા ઉપરથી તોલ બાંધી ગુલાબવહુને પુછવા લાગ્યો ?

પુરૂષ—ગુલાબવહુ, શામલાલે કોઇ બેન્કના નોટ રાખ્યા છે?

ગુલાબ—હા, ભાઇ, ડાયમન્ડ બેન્કના તેમના નોટ પિતાના છતાં રાખેલા છે.

પુરૂષ—તે નોટો કેટલા રૂપીયાના આશરાના છે, તેની તેમને ખબર છે.

ગુલાબ—હા, આશરે ચાલીસ હજાર રૂપીઆની કીંમતના મારા જાણુવામાં છે.

તે હુંશિયાર આદમી તરત સમજી ગયો, ને મનમાં વિચાર કરવા લાગ્યો કે, કહો ના કહો પણ બેન્ક તરફના બુરા સમાચાર, છાપામાં આવ્યા હોવા જોઇએ કારણ કે શામલાલ છાપા સામું જોઇનેજ વારંવાર, હાયનોટ વોયનોટ કર્યા કરે છે, માટે લાવ છાપું લઇ જોઉં તો ખરો, તેમાં કાંઇ બેન્ક તરફની બીના જાણુવામાં આવે છે, એમ વિચાર કરી શામલાલના હાથમાંથી આસ્તે રહી છાપું ખેંચી લીધું. છાપું લેવાં શામલાલ કુદયો પણ તેને સહુએ મળી પકડી રાખ્યો, પછી તે પુરૂષ હાથમાં છાપુ લઇ, તેની ચારે બાજુએ ધ્યાન રાખીને મનની અંદર વાંચવા માંડયું, વાંચતાં વાંચતાં છાપાની પાછલી બાજુએ એક કોલમના અર્ધા ભાગમાં તેજ બેન્કની બીનાની જાહેર ખબર વાંચવામાં આવી, જાહેર ખબર વાંચી રહ્યો કે તે પુરૂષે એક મોટી હાય મારી, અને અફસોસ ત્યાંને ત્યાંજ વિચારના તરંગમાં તણાવવા લાગ્યો ? કેટલીકવાર સુનમુન થઈ ઉભો રહ્યો પણ કાંઈ જુવાબ વાળ્યો નહીં તેથી ગુલાબ અધીરી બની તે પુરૂષ પ્રત્યે પુછવા લાગી:

ગુલાબ—ભાઇ કહોને તેમાં શું લખેલું છે; તમે કેવારના કેમ બોલતા નથી.

પુરૂષ—બાઇ ગુલાબ શું કહું, તમારા ગ્રહ આજ કાલ

વાંકા બેઠેલા છે, તેથીજ તમારે બધી તરફથી બળાપો કરવાનો વખત આવેલો છે.

ગુલાબ—ભાઈ શું કરીએ જેવાં અમારાં નશીબ, લલાટે લખ્યું હશે તે કોઇ મિથ્યા કરી શકનાર નથી, માટે જે લખ્યું હોય તે કહો ?

પુરૂષ—ડાયમન્ડ બેન્કને નુકશાન જવાથી દેવાળુ આવેલું છે, ને અત્યારે તમારા ચાલીસ હજાર રૂપીઆ ડુબી ગયેલા છે, શામલાલને ગાંડા થવાનું કારણ તેજ જોવામાં આવે છે, કારણ કે ચાલીસ હજારનું નુકશાન છાપામાં વાંચી, હૈયાભ્રમ થઈ જઇ ડાગલી ખસી ગઇ હોય તેમ ખુલ્લું માલમ પડે છે હવે ડાગલી એકદમ ઠેકાણે આવવી ઘણી મુશ્કેલની વાત છે, માટે ટંટો ફીસાદ છોડી દઇ શામલાલની આગતા સ્વાગતા કરી, હીમ્મત આપો, ને દવાદારૂ શરૂ કરો કે જેથી ટુંક વખતમાં, તેનો જીવ ઠેકાણાસર આવી જાય, વળી બેન્કનું સરનામું [લીકવીડેટરો] પંચાતીઓના હાથમાં સોંપવામાં આવ્યું છે, તેથી જો કાંઇ તારણ નીકળશે તો તમારા ભાગના વરાડે, તમને પણ આપવામાં આવશે; અને તેમ થયું તો શામલાલ તુરત ડાહ્યા થઇ જશે.

હવે જાઓ રાંધો અને તેને કાંઇ ખવરાવો કે તેનો મગજ થોડો ઘણો થંડો પડે અમારા સરખું કામકાજ હોય તે અમને કહેજો એટલે અમારાથી બનશે તે મદદ અમે પણ કરીશું એ પ્રમાણે વૃદ્ધ હરકોર બાઇએ પણ શીખામણ આપી ગુલાબવહુને શાંત કીધી બાદ કામકાજ હોય તો કહેજો કાંઇ વાતે ગભરાશો નહી એમ કહી સર્વે જણા રજા માગી ગુલાબ ઉપર દયા આણતાં પોતપોતાને સ્થાનકે ગયાં.

પ્રકરણ ૧૪ મું.

રૂપાળીએ નવીના છોકરાને ઝેર દેતું, તે પાપ ફુટવાથી તેનાપર ફરીયાદ માંડવી.

ડાયમન્ડ બેન્કના માઠા સમાચારથી શામલાલની સ્થીતિ દીનપર દીન બગડવા લાગી ગરીબડી ગુલાબ આથી ગભરાવા

લાગી, અને તેને માંથે અનેક ચિંતાઓ આવી પડી કે હવે કરવું કેમ ? રંડા રૂપાળી તો બે વખત ખાઇ પીને નીરાંત વાળવી હતી પણ ગુલાબ તો પેટ ભરી અંન્ન પણ ખાતી નહોતી. કારણ કે એક તો પતીને ઘેલછા લાગી છે તેની સાર વાર કરવાની ફીકર અને બીજી ફીકર કર્કશા રૂપાળીએ તેને છોકરાવાળી કહી અદેખાઇ લાવી હતી તેથી કદાપી તે છોકરાને ઝેર દે કે બીજુું કાંઈ કરે તેની ફીકર. આથી તેતો બીચારી રોજ શરીરે સુકાતી ચાલી, છેવટે તેણીએ વિચાર કર્યો કે આમ ઉચાટ કર્યાથી કંઇ લાભ થવાનો નથી, માટે કોઇ ડાકટરની દવા કરી હોય તો ઠીક. એમ ધારી તેણે ડાકતર દેલતરામની દવા ચાલુ કરી, ડાકટર ઘણા ડાહ્યા હોવાથી તેના દિલમાં ગુલાબની આવી સ્થિતિ જોઇ દયા આવી તેથી તેણે પણ શામલાભની દવા ચિત્ત રાખી કરવા માંડી. સુંદર હવે સમજણો થવાથી તેને નિશાળે બેસાડવા ગુલાબને કહ્યું, ગુલાબે પણ આ વાત માની; કારણ કે હવે ઉમ્મર લાયક થવાથી છોકરાને ઝાઝો વખત રમતમાં ગાળવા દેવાથી છોકરો રેઢીઆળ થઇ જાય તેમ તેને ઘણો વખત શામલાલની સારવારમાં રહેવું પડતું હોવાથી સુંદરની ખબર રાખી શકાય નહીં તેથી તે જરા આઘો પાછો થાય તો તેને શોધવા જવું પડતું હતું. વાસ્તે જો તે નિશાળે જાય તો એક તો ભણતાં ગણતાં શીખે અને વળી તેને પણ સાંજ સુધી જતાં તે પતિ શેવામાં રહી શકાય તેથી તેણે સારા મહુરતે મુળશંકર મેહેતાની ખાનગી નિશાળે મૂકયો.

હવે એક દહાડો ડાકટર શામલાલને જોવા તેના ઘેર આવ્યા. ત્યાં આવી નાડી બાડી તપાસી તેને દવા કેમ આપવી તેની ભલામણ કરી પાછા જતા હતા તેવામાં રૂપાળી જે હેઠળના ઓરડામાં રહેતી હતી તેણે શામલાલના સમાચાર પુછયા. આ વખત ગુલાબ બારીએ ઉભી ઉભી જોતી હતી તેના મનમાં દયા આવી કે અહો જીવ ! તે ગમે તેવી છે તો પણ તેને પતિને માટે કેટલું બધું લાગે છે ! માટે હવે મારે વિરોધ કહાડી નાંખવો જોઇએ એમ ધારી તેણે રૂપાળીને ઉ-

પર બોલાવી અને બન્ને શોકયો હળી મળી સ્વામી શેવા કરવા લાગી. સાંજે રૂપાળી હેઠળ વાળુ કરવા ઉતરતી હતી તેને ગુલાબે રોકી અને કહ્યું કે હવે અહીંજ વાળુ કરી લ્યો મેં રાંધ્યું છે. થોડી ખેંચતાણ કર્યા પછી રૂપાળી ગુલાબ તથા સુંદર સાથે બેસી જમ્યા. બાદ એંઠવાડ બેંઠવાડ કહાડવા લાગી ગુલાબે શામલાલ સારૂ શીરો તૈયાર કરવા માંડ્યો. અને સુંદર પીતાની પથારી પાસે બેઠો બેઠો સ્લેટપર અક્ષર ઘુંટવા લાગ્યો ઘરના કામકાજથી પરવારી બન્ને શોકયો શામલાલના ઓરડામાં આવી, રૂપાળીએ તેને ટેકો આપ્યો, એટલે ગુલાબે ધીમે ધીમે તેને ખવરાવવા માંડ્યું. શામલાલ પણ આ વખતે શાંત જણાતો હતો તે આ બનાવથી ચકીત થયો!

કેટલાક દિવસ આમ સલાહુસંપમાં બે શોકયોએ કહાડ્યા ગુલાબનો હવે પુર્ણ ભરૂસો રૂપાળી ઉપર બેઠો તેથી દરેક કામ કાજ રૂપાળી કરે તે તેણી પસંદ કરવા લાગી રૂપાળીએ જાણ્યું હવે લાગ ઠીક છે. તેથી તેણીએ એક દહાડો એક અજાણ્યા ગરીબ માણસને પૈસા આપવાની લાલચ આપી ઝેર લેવા મોકલ્યો નાણાના લોભી માણસે તેને તે લાવી આપ્યું. રૂપાળી તેથી ખુશી થઈ અને તે ઝેર લાવી આપનાર માણસને ઇનામમાં શું આપવું તેના વિચારમાં પડી એવામાં તેને યાદ આવ્યું કે ગુલાબે મને પેલાં નોટ આપ્યાં છે તેમાંથી એક કડકો આને આપું તો કોણ જાણનાર છે? તે પુછશે તો કહીશ કે ફલાણા દાગીનાવાળાને આપ્યું છે. એમાં એ શું જાણનારછે? કારણ કે હવે કારભાર તો બધો મારા હાથમાં છે ના? તેથી તેણે નિર્ભય થઇ તેમાંથી એક નોટ લાવી પેલા ઝેર લાવનાર માણસને ઇનામ તરીકે આપ્યું તે લેઈ તે તો ઘણોજ હરખાતો દારૂના પીઠા ભણી ચાલ્યો.

અહીં સાંજ પડી કે સૌ જમવા બેઠાં. જમતાં જમતાં સુંદરની થાળીમાં ઝેર નાંખવાનો રૂપાળી લાગ જોતી હતી પણ ગુલાબ પાસે બેઠેલી તેથી ફાવ્યું નહીં અને આ વખત તો સુંદર ઘાતમાંથી ઉગર્યો પણ હજુ તે પાપી રંડા નીરાશ ન થતાં ફરી લાગ ખોળવા લાગી. એવામાં તેમના જમી રહ્યા

પછી ગુલાબ શામલાલને મેડે શીરો ખવરાવવા ગઈ પણ આજ તેની તબીયત જરા વધારે નરમ હોવાથી તેણે બરોબર ખાધું નહી. તેથી તેણે રૂપાળીને બોલાવી પાછો આપ્યો. આ વખત સુંદર મેડે પીતાની પથારી પાસે બેઠો હતો તેને રૂપાળી કહેવા લાગી કે ચાલ બેટા સુંદર તને શીરો ખાવા આપું. સુંદરને ગળ્યું ખાવા ઉપર ઘણો પ્રેમ હોવાથી તે તુરત રૂપાળી સાથે નીચે રસોડામાં ગયો. ત્યાં આ ક્રૂર કામ કરનાર ચંડાળણીએ શીરા ભેગું પેલું ઝેર ભેળવી દઈ નીરપરાધી સુંદરને ખવરાવ્યું. અજાણ્યા બાળકને ગળપણુની જોડે તે જણાયું નહી અને તેતો હોંસે હોંસે ખાઇ ગયો અને હાથ મ્હોં ધોઇ પાણી પી પાછો મેડે જઇ બેઠો. રૂપાળી પણ ઘરનું કામકાજ કરી આવી ઉપર બેઠી અને બંને જણીઓ શામલાલની સારવાર કરતી હતી આ વખત ગુલાબને રૂપાળીનું મ્હોં કાળના જેવું વિક્રાળ ને કાળાશ મારતું જણાતું હતું. પણ તે બીચારીને ક્યાં ખબર છે કે રંડા રૂપાળી નથી પણ માણુસના લોહીની ભુખી ડાકણ–ચુડેલ છે?

રાત્રીના આડેકનો સમય થયો એવામાં ડોકટર દોલતરામ શામલાલની ખબર કહાડવા આવ્યા તેઓ શામલાલની પથારી આગળ ખુરશી નાંખી બેઠા છે અને શામલાલને શીખામણની વાતો કહી સંભળાવે છે એવામાં સુંદરના પેટમાં અમળાવવા લાગ્યાથી તે બુમો પાડવા લાગ્યો અને જમીનપર આળોટવા મંડયો અને થોડીવારમાં તેના હાથ પગ ખેંચાઇ જવા લાગ્યા. આ જોઇ ડાકટર શામલાલ પાસેથી ઉઠી સુંદરની નાડી જોવા લાગ્યા, તો નાડીનું બીલકુલ ઠેકાણું નહોતુ. તેથી એકદમ બીજા ચીન્હ તપાસ્યાં તો તેને કોઇએ ઝેર આપ્યાનાં ચીન્હ જણાયાથી નીચે પોતાની ગાડી ઉભી હતી તેમાં બેસાડી સુંદરને લઇ ડાકટર દવાશાળા તરફ ગયા ગુલાબ પણ ડાકટર સાથે જતી હતી તેને ડાકટરે એકાંત બોલાવી સમજાવી કે બાઇ, તું અહીં રહે કારણ કે તારા છોકરાને કોઇએ ઝેર ખવરાવ્યું છે અને મારા ધારવા પ્રમાણે તે કામ તારી શોકયનું છે તેથી તું અહીં રહી તેનાપર જાપતો રાખજે હું જતી જ-

ખત ચતુરે ખબર આપી સીપાઇને અહીં મોકલું છું. તેટલો વખત તું તેણીને ગમે તે બ્હાને હેઠળ ઉતરવા ન દેતાં ઉપર જ રાખજે. છોકરાને હું ઉની આંચ આવવા દેનાર નથી એમ કહી તરત ગાડીમાં બેસી ત્યાંથી પોતે ચાલ્યો ગયો.

રૂપાળીનું મ્હોં હવે તો ચોખ્ખું ઘુવડ જેવું જણાતુ હતું તેણી મનમાં વીચારવા લાગી કે જો રાંડ ડાકટરને ત્યાં ગઇ હોત તો નીરાંત થાત કે ઘરમાંથી ધાપ મારી વણાટીઆવાળી જવા ફાવત હશે એર પણ રાંડ દીકરાવાળી દીકરાવાળી કરતી તો મટશે. અરે પણ પેલો પાઘડીબળ્યો ડાકટર એને લઇ ગયો છે તે દવા પાઇ સારો કરશે તો કેમ કરવું? કરવું શું? વળી ફરી લાગ જોઇશું કોણ જાણે છે કે એ ઝેર ખવરાવ્યું છે? અને હજુ એમાંનું વધ્યું છે તે મેં પડીકીવાળી ઘાઘરાના નાડે બાંધ્યું છે તે કોણ જાણે છે. આવા આવા વિચારો કરતી બેઠી છે. બીજી તરફ ગુલાબ શોકયના વિચારમાં પડી છે કે હવે કરવું શું? નક્કી એ રાંડેજ છોકરાને ઝેર ખવરાવ્યું છે, પણ આ વખત બોલવું નહીં, નહીંતો રાંડ નાસી જાય કે મારો ટોટો પીસી નાંખે એવામાં નીચે સીપાઇએ બારણું ઉઘાડવા બુમ પાડી કે તરત ગુલાબે હેઠળ જઇ બારણું ઉઘાડયું કે બે સીપાઇ તથા જમાદાર અંદર દાખલ થયા તેમને ગુલાબ ઉપર લઇ ગઇ અને રૂપાળી ત્યાં બેઠી હતી તેને દેખાડી કે સીપાઇઓ તેને પકડી કેદ કરી એટલે પુછવુંજ શું? એ તો પછી જેમ આવે તેમ લવવા મંડી ગઈ અને સીપાઇઓને તથા ગુલાબને બે સુમાર ગાળો દેવા લાગી કે—

રૂપાળી—તમારૂં નખોદ જાયરે તમારૂં તમે મને શું કરવા પકડો છો? આ રાંડ કર્કશાએજ પાછી મને પકડાવી.

ગુલાબ—ગામની શોકય! મને શું કરવા ગાળો ભાંડે છે? પકડાવી તો તારા પાપે તેમાં મારે શું તે કયારની કુતરીની પેઠે મને વઢે છે.

જમાદાર—અબે એ ગદ્ધી! કયું ચુપ નહીં રહેતી હય કે! કીસકું તીસકું ગાળીયાં કયા દેતી હય? શું કુત્તીકી માફક ભોં

ભોં કયા કર રહી હયે (સીપાઇને) દંસ્કુ નીચે ઉતારો, રંડા પક્કી છીનાળ લગતી હય! બેશક ઇન્નેજ ઝેર ખીલાયા હોગા.

સીપાઇએ જમાદારના હુકમને માન આપી રૂપાળીને લખડધક્કે ચોકીપર લઈ ગયા અને ત્યાં જઈ ઝેર ખવરાવ્યાનું મનાવવા માંડયું.

અહીં ગુલાબ ઘરમાં એકલી પડી અને બીચારી રડવા લાગી કે હવે મારી શી ગતી થશે? અરે પ્રભુ તારા વગર મારૂં કોણુ બેલી છે? પતીને ઘેલછા લાગી! પુત્ર મ્હોતના મ્હોંમાં પડયો હવે મારી કોણુ ખબર લેશે? એવામાં ડાકટરને ત્યાંથી એક માણુસ આવ્યો અને તેને ખબર આપી કે સુંદરના શરીરે ઠીક છે. તેના પેટમાંથી ડાકટરે ઝેર કહાડી નાંખ્યું છે. અને હવે તેને આરામ થવા માંડયો છે માટે સવારમાં ડાકટર તેને લઇને તમારે ત્યાં આવશે. તમે કાંઈ ચીંતા કરશો નહી પ્રભુએ આ વખત તમને ખરેખરી મદદ કરી છે. એવી રીતે ધીરજ દઇ તે માણસ ત્યાંથી ગયો. ગુલાબે આ વાત શામલાલથી છુપી રાખી હતી, કારણ કે તેમને આ વાત જણાવ્યાથી ઉલટો તેતો વધારે હબક ખાઈ જશે માટે તે મનવાળી આખી રાતનો ઉજાગરો વેઠતી અનેક વિચારો કરતી શામલાલની પથારી પાસે પડી રહી.

બીજે દીવસે પ્રભાતમાંજ ડાકટર સુંદરને લઇ ફોજદાર સાથે શામલાલના ઘેર આવ્યા સુંદરને જોતાંજ ગુલાબની આંખોમાંથી આ વખત અશ્રુનો પ્રવાહ ચાલતો થયો અને તેની છાતી ધબકવા લાગી. અને સુંદરને બચીઓ લેતાં લેતાં તેને પુછવા માંડયું, બેટા, હવે તને સારૂં છે ના?

સુંદર–હા પણ બા મોટી મા કયાં ગઇ? તેણે મને શીરો ખવરાવ્યો હતો તેવો શીરો અત્યારે ખાવો છે?

ફોજદાર આ સાંભળી સુંદરને પુછવા લાગ્યો—

ફોજદાર–તને શીરો કોણે આપ્યો હતો?

સુંદર–મારી મોટી માએ કોને.

ફોજદાર–તને કઇ વખત ક્યાં આપ્યો હતો?

સુંદર–સાંજે, બાપાએ ન ખાધી તે મને રસોડામાં લઈ

જઇ ખવરાવ્યો અને મેં તે ખાધો. (ગુલાબ તરફ ફરીને) કેમ ખરૂને બા?

ગુલાબ–હા, બેટા.

ફોજદાર–પછી તેં પાણી કયાં પીધું હતું?

સુંદર–રસોડામાંજ પવાલું ભરેલું હતું તેમાંથી? પછી હું મેડે આવી બાપાની પથારી પાસે બેઠો હતો. એવામાં આ ડાકટર સાહેબ આવ્યા. તે બાપાની સાથે વાતો કરતા હતા, તેવામાં મને ચુંક આવવા લાગી અને મને લાલ પીળા રંગ દેખાવા લાગ્યા અને શરીર ખેંચાવા લાગ્યું. કેમ ખરૂને ડાક્ટર સાહેબ?

ફોજદારની પણ પક્કી ખાત્રી થઇ કે નક્કી ઝેર દેનાર રૂપાળીજ છે. ડાકટરે પણ રૂપાળીની ખરાબ ચાલ માટે પોતે જે જાણતા હતા તે ફોજદારને જણાવ્યું, તેથી ફોજદારના મનમાં તે વાત ઠસી ગઇ. અને પોતે ત્યાંથી જતી વખત ડાકટરનું સર્ટીફીકેટ સુંદરની કાચી જુબાની પોલીસની જુબાની વીગેરેની નોંધ લઇ બપોરે બધાને કોર્ટમાં હાજર થવાનું જણાવ્યું ફોજદારના ગયા પછી ડાકટર ગુલાબને ધીરજ દઈ શામલાલને દવા આપી પોતાના ઘર તરફ ગયા અને કહેતા ગયા કે તમને હું અગીઆર વાગે તેડવા આવું તે વખતે તઇઆર થઇને રહેજો.

ડાકટરના ગયા પછી ગુલાબ ઉઠી નાહી ધોઈ નવાં કપડાં પ્હેરી કુલદેવીને ઘીનો દીવો કરી પગે લાગી. સુંદરને પણ પગે લગાડયો. પછી કંકુના છાંટા નાંખી અક્ષતથી વધાવી સુંદરને તેણે ચાંલ્લો કરી અક્ષત ચોડ્યા. પછી લાપસી રાંધી મા દીકરાએ ખાધી; શામલાલને પણ ખવરાવ્યું અને ન્હેલી ઘરમાંથી તાગી ડાકટરની રાહ જોતી બેઠી. એટલામાં અગીઆર વાગ્યા કે ડાકટર આવ્યા તેમની સાથે ગાડીમાં બેશી શામલાલ ગુલાબ તથા સુંદર ઘેર તાળુ વાસી કોર્ટમાં ગયાં.

પ્રકરણ ૧૫ મું.

રૂપાળી ઉપર ફરીયાદ, કેસ ચાલવો, તહોમત સાબીત થવાથી સેસન કમીટ કરવું અને રૂપાળીને દેશનીકાલની સજા.

કોર્ટનો વખત થયો કે સાહેબ ચેમ્બરમાંથી કચેરીમાં આવ્યા, સૌએ તેમને ઉભા થઇ નમી માન આપ્યું અને પોતપોતાની યોગ્યતા પ્રમાણે બેઠા, એટલે ફોજદારે સીપાઇઓ પાસે એક બંધવાને રજુ કરાવી કોર્ટને અર્જ કરી કે—

આ બંધવો—જેને આપ નામદારની સમક્ષ પાંજરામાં ઉભો કર્યો છે તે ગઇકાલે રાત્રે હદથી જાદે દારૂ પી સરીયામ રસ્તા ઉપર તોફાન કરતો હતો પોલીસે તેને ધમકાવવાથી ઉલટો તે પોલીસના સામો થઇ તેને અપમાન આપવા લાગ્યો એટલે પોલીસે તેને કેદ કરી મારી પાસે રજુ કર્યો. મેં તેની ઝડતી લેવરાવી ત્યારે તેની પાસેથી ત્રણ રૂપીઆ તેર આના ત્રણ પાઇ નીકળી. આ પૈસા તું કયાંથી લાવ્યો તે તેને પુછતાં તેણે મને દારૂના નીશામાં ખરૂં કહી દીધું કે મને રૂપાળીબા નામની એક સ્ત્રીએ મેં તેને ઝેર લાવી આપ્યું તેથી ઇનામમાં રૂપીયા પાંચની નોટ આપી હતી તે મેં દારૂવાળાને ત્યાં વટાવી હતી તેથી નામદાર કોર્ટે આ નીશાબાજ હરામીને યોગ્ય શીક્ષા કરવી જોઇએ નહીં તો દિનપ્રતિદિન આવા નઠારા નીશાબાજો વધવાથી પ્રજાને ભારે હેરાનગતી ભોગવવી પડશે. તથા જે રૂપાળીને તેણે ઝેર લાવી આપ્યું છે તે બાઇએ તે ઝેર પોતાની શોકયના છોકરાને ખવરાવ્યું હતું પણ સારા ભાગ્યે ડોકટર મી. દોલતરામ જેઓ હમણાંજ ડોકટરી પરીક્ષામાં પાસ થઇ એલ, એમ, એન્ડ એસની ડીગ્રી મેળવી આવ્યા છે તેઓ તે બાઇના ધણી શામળદાસને જોવા ગયા હતા તેમને તે છોકરાને તે ઝેરની અસરથી મરતાં બચાવ્યો તથા પોલીસને ખબર આપી હતી તેથી તે રૂપાળીને પણ રાત્રેજ કેદ કરી હતી. તેને પણ હું અત્રે લાવ્યો છું માટે નામદાર સરકારની ધ્યાનમાં આવે તેમ તેમના માટે ધારશો.

માજીસ્ટ્રેટે રૂપાળીનો કેસ પેહેલો સાંભળવા તેના કાગળીઆ શીરસ્તેદાર પાસેથી માગી લીધા અને પોતે તે પૂર્ણ લક્ષ રાખી વાંચ્યા બાદ એકદમ એ કામ સેસનકમીટ કર્યું, તે વખતે રૂપાળીના વકીલ બી, સી, મોદીએ ઘણી તકરાર લીધી કે આપ નામદારે તે કેસ પૂર્ણ તપાસી પછીથી સેસનકમીટ કરવો જોઇએ.

માજીસ્ટ્રેટ—મી. મોદી! તમે નાહક તકરાર કરી કોરટનો વખત ગાળોછો તે ઠીક કરતા નથી. એ કેસના કાગળીયા મેં વાંચ્યા છે. અને તેથીજ મારી ખાત્રી થઈ છે કે તમારી અસીલ બાઈ રૂપાળીએ તે છોકરાને ઝેર દીધુ છે, એ બાઈ કેવી વર્ત્તણુંકની છે તે બાબતની મને ઘણી ખાત્રી છે તેના ઉપર તેના ધણીએ ઘણી વખત ફરીયાદી માંડી છે અને તેથી કરી કોરટે તેને ઘણી વખત દયા ખાઈ જુજ શીક્ષા કરી છોડીછે. છતાં પણ તે તેની ખરાબ—અથવા—પાપી કહીએ તોપણ ચાલે તેવી કુટેવ તજી નથી. માટે હવે મારે મારી ફરજ તરીકે નામદાર સરકારના કાયદાને માન આપવું જોઇએ અને તેટલાજ કારણથી હું એકદમ આ કામ સેસનકમીટ કરૂં છું.

માજીસ્ટ્રેટનો આ જવાબ સાંભળતાંજ મી. મોદી નારાજ થઈ ગયા લોકો પણ માંહોમાંહે વાતો કરવાં મંડી ગયા કે ઠીક થયું હવે રાંડ ફાંસીને માંચડે ચડવાનીજ ઘણાં પાપ કરતી હતી, કોઇ કંઈ કહેવા જતું તો ઉલટી કરડવા ધાતી હતી. હવે કેવી જખમારીને નવ લાખની હવેલીમાં બીરાજે છે! એ તો એજ દાવની! લાજ મુકી મરજાદ મુકી અને રંડા નીકળી ગઈ! બીચારો ધણી પણ સુખી ન થયો અને રાંડે શાંએકામણ ટુમણ કર્યાં કે બાપડો ગાંડો થઈ ગયો! નહીં તો કેવો ભલો માણસ હતો. જેનું કામ હોય તેનું અડધી રાતે કરતો હતો. અરેરે ભગવાન ભલા માણસના જ્યાં ત્યાં ભોગ પણ અંતે "સત્યમેવ જયતે" થયા વિના રહેજ નહીં ને નહીંતો રાંડનું પાપ પકડાયજ કેમ? એટલામાં સીપાઈએ આવી સૌને છાંના રહેવા કહ્યું. અને રૂપાળીને પાંજરામાંથી કહાડી જેલખાને મોકલી, જે વખતે તેને બહાર કહાડી તે વખતે-તેની તરફ આંગળીઓ કરી ધીઃક્કારની નજરે જોવા લાગ્યા રસ્તામાં કેટલા

કોએ ગાળો વટીક દીધી રૂપાળી આ વખત સૌ મુગે મ્હોડે સાંભળ્યા કરતી હતી કારણ કે જો જરી બોલવા જાય તો સાથે આવેલા સીપાઈ દાદા ડબ ગોદો ઠોકે! આવી હાલતમાં તેણીને તે દીવસે તો જેલખાનામાં લઈ ગયા. દાકડર, શામલાલ, ગુલાબ અને સુંદર પાછા ઘેર આવ્યા શીરસ્તેદારે તે કેસના કાગળીયાના રદીયા તૈયાર કરી સેસનજજને ત્યાં મોકલી આપ્યા. જે વાંચી સેસનજજે જરૂર પડતા સાક્ષીઓ ઉપર સમન કહાડ્યા અને માજીસ્ટ્રેટે પેલા ઝેર લાવી આપનાર માણસને એક માસની સજા ઠોકી તેને રૂપાળીની જોડે કેદખાનામાં હવા ખાવા મોકલ્યો.

આખરે માજીસ્ટ્રેટને ત્યાંથી સેસન કમીટ થયેલો કેસ સેશનજડજની કોર્ટમાં આવ્યો તેમણે સાક્ષીઓ ઉપર સમન કહાડી સર્વેને બોલાવ્યા કોર્ટના વખતે સૌ ત્યાં હાજર થયા. તેમ છાપાવાળાઓએ પણ પોતાના પત્રમાં આ બાબતની ખબરો છાપેલી હોવાથી ઘણા લોકો તે જોવા ભેગા થયા. એટલે કોર્ટ તરફથી જુબાનીઓ લેવી ચાલુ થઈ.

"ડાક્ટર દોલતરામનો જુબાની."

સવાલ—તમારૂં નામ શું તથા તમારા બાપનું નામ શું છે?

જવાબ—મારૂં નામ દોલતરામ તથા મારા પીતાનું નામ ગહાભાઈ છે.

સવાલ—તમારી ઉમ્મર કેટલી છે તથા તમે શું ધંધો કરોછો?

જવાબ—મારી ઉમ્મર અઠ્ઠાવીશ વરસની છે અને હું એલ, એમ એન્ડ એસની પરિક્ષામાં પાસ થઇ ડીગ્રી મેળવી હાલ ડોકટરનો ધંધો કરૂંછું.

સવાલ—તમે આ રૂપાળીને ઓળખો છો? તથા તે કેવી વર્તણુંકની છે?

જવાબ—હાજી, સાહેબ તેણીની ખરાબ ચાલ માટે મારા સાંભળવામાં ઘણી વખત આવ્યું છે.

સવાલ—સુંદરને ઝેર કઈ વખત આપવામાં આવ્યું તથા તે કોણે આપ્યું તે જાણોછો?

જવાબ—હું શામલાલને જોવા ગયો, તે વખતે એકાએક સુંદરને

ચુંક આવવાં લાગી અને તેનું શરીર તપાસતાં મને ઝેરનો શક આવવાથી મેં તેને મારી હસ્પીતાલમાં લઈ જઈ વામીટ કરાવ્યું તો તેમાંથી ઝેર માલમ પડયું તે કોણે આપ્યું તે મને ખબર નથી; પણ રૂપાળીની ખરાબ ચાલથી તેનાપર મને શક આવે ખરો. અને તે મારા ધારવા પ્રમાણે રાત્રે આઠેક વાગ્યાના સુમારે આપવામાં આવ્યું હશે, મેં તે બાબતની પોલીસને ખબર આપી હતી.

સવાલ—તે ઝેર નીશાદાર હતું કે પ્રાણઘાતક હતું?

જવાબ—પ્રાણઘાતક સાહેબ.

સવાલ—તમે આ બધું પ્રતિજ્ઞાપૂર્વક કહ્યું છે?

જવાબ—હાજી, મેં જે કહ્યું છે તે ઇશ્વર સમક્ષ સમજી સરકારના હુકમને માન આપી સાચુંજ કહ્યું છે.

"માદ સુંદરની જુબાની."

સવાલ—તારૂં નામ શું તથા તારા બાપનું નામ શું?

જવાબ—મારૂં નામ સુંદરલાલ તથા મારા બાપનું નામ શામલાલ

સવાલ—તારી ઉમ્મર કેટલી છે? તથા તું શું કામ કરેછે?

જવાબ—આશરે આઠેક વરસની સાહેબ ને હું નીશાળે જઉં છું–ભણુંછું.

સવાલ—તને ઝેર કોણે આપ્યું હતુ?

જવાબ—મારી મોટી મા છે કેની, તે રોજ મારી બા સાથે લડતી અને બાજતી હતી તે સાહેબને કહુના એક દહાડો તો મારી બાને ગળે ટુંપો દીધો પણ મેં બુમ પાડી ને તેથી આડોશીપાડોશી દોડી આવ્યાં ત્યારે તેણે મારી બાને મુકી. કાલે સાંજે મને રસોડામાં લઇ જઇ શીરો ખવરાવ્યો અને પાણી પણ ત્યાંજ પાયું. પછી હું બાપા પાસે હતો તેવામાં ડાકટર આવ્યા, બાપાની નાડી જોવા લાગ્યા એવામાં કેની મને એ કદમ પેટમાં ખુબ અમળાવવા લાગ્યું અને જીભ ખેંચાવા લાગી તેથી હું તો ડબ દઇને ભોંય પડી ગયો સાહેબ. પછી તો સાહેબને કહું જો મને તો લાલ લીલા પીળા રંગ દેખાવા લાગ્યા, અને આંખે અંધારા આવ્યાં પછી શું થયું તેની મને

ખબર નથી. પછી જ્યારે હું ઉઠયો કેની, ત્યારે તો ડાકટર સાહેબ મારી પાસે બેઠેલા ત્યાંતો મને ઉપરાઉપરી બકારીઓ થઇ એટલે જીવને જરા ઠીક પડયું ને પછી તો જયાં જોઉં તો મોટા મોટા આવડા (હાથના ચાળા કરી બતાવે છે) શી-શાની હારો મને દેખાઈ.

સવાલ–તને અગાઉ કદી આવું થયું હતું?

જવાબ–ના'રે સાહેબ એતો કેની, મારી મોટી માંએ મને કાંક ખવરાવ્યું તેથી થયું, એ મુઇ મારી મા, તથા મારા બાપા સાથે બહુવાર લડે છે સાહેબ, માટે તમે તેને અટકાવો તો મને બહુ વાહાલા લાગો અને હું રોજ તમારે ઘેર છે કેની રમવા આવી તમારા છોકરાઓ સાથે ખુશીથી રમું.

સાહેબ આ સાંભળી ખડખડ હસી ગયા, અને લોકોમાં પણ હસાહસ ચાલી તથા નિર્દોષ બાળકની આ બાળચેષ્ટાથી સૌને અપાર દયા છુટી, છેવટે પોલીસ ફોજદારને જણાવ્યું કે આ કેસ બાબત શી બીના છે તે કોરટની રૂબરૂ પ્રતિજ્ઞા પૂ-ર્વક સાચેસાચું કહી સંભળાવો. ફોજદારે સોગન ખાઈ જુબાની આપવા શરૂ કરી.

(ફોજદારની જુબાની.)

મારૂં નામ શેખમહમદ ને મારા બાપનુ દીનમહમદ છે. હું નામદાર સરકારની પોલીસ કોમનો એક અમલદાર છું, ગઇ તારીખ ૧૩ માહે માર્ચને રોજ એક સીપાઈએ આવી રૂપાળી નામની સ્ત્રીએ પોતાની શોકયના છોકરાને ઝેર દીધાની વાત મને કહી તેથી મેં તેને કેદ પકડવા પોલીસને હુકમ આપી હું તેને પોલીસને જે ડોકટર મી. દોલતરામે ખબર આપી હતી તેમને ત્યાં ગયો. તે વખતે ડોકટરે છોકરાને ઉલટીની દવા પાઇ હતી અને તેની નાડી હાથમાં લઇ તપાસતા હતા. ત્યાં બેઠો, થોડીવારે તે છોકરાએ ઉલટી કરી તેમાંથી ઝેર ની-કળ્યું તે મેં નજરે જોયું; અને પછી ત્યાંથી તરત ચબુતરે જઇ રૂપાળીને ઘણીક રીતે ધમકાવી તેની જડતી લેતાં તેના

નાડાના છેડેથી ઝરની પડીકી મળી આવી તે મેં કોર્ટમાં અગાઉ રજુ કરી છે. તેમ તેમાં સામેલ થનાર માણુસે માજી શ્રેટને ત્યાં કબુલ કર્યું હતું તે કોર્ટના જાણવામાં હશે. (પછી રૂપાળીને પુછયું કે તારે કાંઇ કહેવું છે.)

રૂપાળી–સાહેબ, મારે માથે આ બનાવટી તરકટ છે અને તેણે મને દુર કરવાના ઇરાદે આ કામ પોતે કર્યું છે માટે હું નીર્દોષ ગરીબગાય જેવી છું જેથી કોરટ મને છોડી મુકી મારા પ્રત્યે દયા દાખવશે, હું વધારે કહેવા કાંઈ ઈચ્છતી નથી.

"શામલાલની જુબાની."

સવાલ–તમારૂં તથા તમારા બાપનું નામ શું? તથા તમે શું ધંધો કરોછો?

જવાબ–મારૂં નામ ખાતો પીતો (હસાહસ) હું ડાયમન્ડ બેંકના શેર ખરીદી લઉં પણ તે રાંડે દેવાળું કાઢયું અને મારા રૂપીયા ખાઇ ગઇ તેથી તમે પાછા અપાવોને સાહેબ (હસાહસ)

સવાલ–આ તમે શું બોલોછો? આતે કોરટ છે કે ઘર છે?

જવાબ–અરે ઘરને શું સળગાવવું છે? મારા રૂપીઆ અપાવોને વળી (હસાહસ) જો એ ઘોઝારી મારા રૂપીયા ન ખાઈ ગઈ હોય તો મારા બાપની સોગન સાહેબ (હસાહસ) તે કાંઈ થોડાએ નહીં પણ ચાલીસ હજારનો ઢગલો ! ઓ મારા બાપરે એ એ (ભારે હસાહસ)

(છેવટે ડાકટરે જાહેર કર્યું કે એ માણુસના ચાલીસહજાર રૂપીઆ ડાયમેન્ડ બેંકમાં દબાઈ ગયાથી તે હાલ ગાંડો થઇ ગયો છે માટે કોર્ટે તેની જુબાની બંધ રાખવી એ સારૂં છે, એના મગજને ખામી થવાથી એની જુબાની બંધ રાખી સરકારી વકીલ પાસે દરેક સાક્ષીઓની ઉલટતપાસ કરાવી છેવટે જજમેન્ટ નીચે મુજબ ઘડી કહાડયું.)

"શેસન જડજે આપેલું જજમેન્ટ."

સેસન જડજ સાહેબની કોરટ } આજ તા ૨૩-૭-૮૪ "નૌત્તમપુરી"

જે ત્હોમતદારને કોરટના પાંજરામાં ઉભી કરવામાં આવેલ છે, તેના બચાવનો એકે પુરાવો તેની જુબાની શીવાયે ન હોવાથી તથા તેની વીરૂદ્ધના સાક્ષીઓની જુબાનીઓ અને એકંદરે તે કામના લગતા સઘળા પૂરાવા તપાસતાં કોરટ તેમને હુકમ ફરમાવે છે કે;—

બાઇ રૂપાળીએ તેની શોકય બાઈ ગુલાબના બાળક પુત્ર સુંદરલાલને ઝેર દીધેલું એ વાત ખરી લાગે છે. કારણ કે તે બાઈ ઘણા ગુન્હામાં કોર્ટમાં આવી છે છતાં કોર્ટે તેને સારી વર્તણુક ચલાવી પતી સાથે સંપી રહેવા શીખામણ દઇ જુજ શીક્ષા કરી જતી મેલી હતી તોપણ તે ન સુધરતાં નીચ કર્મ કરી કંકાસીયણ થઈ અને તેની ખાત્રી માટે ડોકટર મી૦ દોલતરામની તથા સુંદરલાલ બાળકની જુબાનીપર વધારે ભરૂસો રાખી તે નીચ વર્તણુકની નઠારી સ્ત્રી હોવાથી પણ સ્ત્રીહત્યા ન કરતાં તેને જન્મ દેશનીકાલની સજા કરવામાં આવે છે.

આ ઉપરથી છોકરાઓની લાલચે કે પૈસાની ખુમારીથી, અથવા બીજા કોઈપણ કારણોથી જે જે લોકો બે બે સ્ત્રીઓ કરે છે તેમને સમજવાનું છે કે શામલાલ જેવા કુળવાન અને સુખી તથા સમજુ માણસને પણ અનેક આપત્તીઓમાં પડવાનું મુખ્ય કારણ બે સ્ત્રીઓજ છે અને સૌ નજરે જુઓશે કે તેજ માણસની અત્યારે કેવી કરૂણાજનક સ્થીતી થઇ છે. હજુ પણ નામદાર સરકારની છાયા નીચે રહેનાર ભલી પ્રજા સમજી પોતાની જ્ઞાતીમાંથી આવા કુચાલો કહાડી નાંખશે તો સુખી થશે.

જન્મ દેશનીકાલની સજાનો હુકમ સાંભળતાંજ રૂપાળીના હોંસકોંસ ઉડી ગયા અને પાંજરામાં ને પાંજરામાંજ પછરાઇ પડી. સીપાઇઓએ તેને સચેત કરી જેલખાને લઇ જવા બહાર કહાડી લોકો તેને ફીટકારની નજરેથી જોતા હતા, પણ તેમના કોમળ હૃદયમાં હવે દયા આવી તેથી સૌ ઉદાસી ચેહેરે તેની પુઠે ગયા અને છેવટે જેલના બારણેથી પાછા વળી

તેના ગુણ અવગુણનું વિવેચન કરતા ઘર તરફ ચાલ્યા ગયા. ડાકટર શામલાલને અને ગુલાબને તથા સુંદરને ગાડીમાં બેસાડી તેમના ઘેર મુકી આવ્યો ઘેર આવતાંજ ગુલાબને પણ જાણે ઘર ખાવા ધાતું હોય તેમ દેખાયું. કારણ કે ભલી ભુંડી પણ શોકય ઘરમાં હોવાથી હજારો માણસ જેવી વસ્તી જણાતી હતી. તે વખતે તેને ઉજ્જડ ભાસ્યું. અને અબળા જાતીના અંતઃકરણમાં જે દયાના અંશો રહેલા છે તે દયાના અંશોથી તેને રૂપાળીના માટે ઘણું લાગી આવ્યું; તેથી સાંજે વાળુ કરવા બેઠી પણ પુરૂં પેટ ભરીને ખાવું ભાવ્યું નહી અને સૌ તરફથી તેનું હૃદય શુનકાર મારી રહ્યું હોય તેમ લાગ્યું તેવામાં રાત્રે પાછા ડાકટર આવ્યા તેમણે તેને સમજાવી ધીરજ આપી શાંત પાડી શામલાલની દવાની સુચના આપી પોતે પાછા પોતાને ઘેર ગયો. ગુલાબે શામલાલને દવા પાઈ. પોતે પણ સુવાનો સમય થવાથી પાસે પથારી કરી સુતી સુંદર તો બીચારો તે પહેલાંજ નીરાંતે ઉંઘતો હતો. તે નીર્દોષ બાળકને પોતાના માબાપની કેવી સ્થિતિ છે તેની કયાં ખબર છે કે આજ કાલ અમારી દસા કેવી માઠી ચાલે છે ? !

પ્રકરણ ૧૬ મું.

દશારાની દોડધામ, ડાયમન્ડ બેન્ક પાયાપર આવવાથી શામલાલનું સુધરવું.

ઉપલા બનાવને કેટલોક વખત વીતી ગયા પછી દશેરાના તહેવારના દીવસે આ નૌતમપુરીમાં ભારે આનંદ વર્તી રહ્યો છે. બાળકો નવાં નવાં લુગડાં પહેરી બાપની સાથે સાંજે મેળામાં ફરવા જવાની ખુશાલીમાં આજ્ઞાધીન થઇ ગયા છે ! સ્ત્રીઓ સારૂં સારૂં ખાવાનું બનાવવાની ખટપટમાં પડી છે. ભટ્ટજી મહારાજો જજમાનોની મુલાકાત લેવાની આ-

શાએ ખભે કોથળી ભરાવી ઘેર ઘેર આંટા મારી રહ્યા છે! કંદોઇ લોકો ગ્રાહકોનું મન લલચાવવા દુકાનમાં ભારે ઠાઠ દેખાડવા હાંડી, તકતા, ઝુમર, અને ઘડીયાળો ભરાવવા લાગ્યા છે! ગાડીઓવાળા ઘોડાઓને નવરાવી સાફ કરી ગાડીઓની ગાદીઓ ખંખેરી શેઠની સ્વારી માટે તૈયાર થવાની તાલમેલમાં પડયા છે! એવામાં એક છાપાવાળો ન્યુસપેપરોનો થોકડો લઇ વેહેચવા નીકળ્યો છે, તેની પાસેથી એક ફાંકડા ચહેરાના હસમુખા છોકરાએ એક નકલ લઈ જરા ઉપર ટપકે વાંચી જોયું અને તેમાં કંઈ તેના લાભની બાબત તેના જાણવામાં આવવાથી તે નકલ પોતે વેચાતી ખરીદ કરી તે છાપાવાળાને પૈસા આપી પોતે હરખાતો હરખાતો પોતાના ઘર તરફ દોડયો.

હવે અહીં આપણી વાર્તાના નાયક શામલાલની તબીયત દીનપ્રતિદીન સુધરવા લાગી છે. તે પોતે દિવાનખાનામાં એક આરામ ચેર્સપર સુતાં સુતાં "રામ ચરિત્ર" નું પુસ્તક વાંચતો હતો તેવામાં નાનો સુંદર જે હવે વાંચતાં લખતાં સારી પેઠે શીખ્યો હતો તેથી ઉમ્મરના પ્રમાણમાં સમજણ પામ્યો હતો. તે હાથમાં એક ન્યુસ લઇ દોડતો દોડતો દીવાનખાનામાં આવી બોલ્યો;—

"બાપા, બાપા, લ્યો આ વાંચો! ડાયમન્ડ બેંકની હાલત સુધરી છે તથા તે પોતે ખમેલા નુકશાનનો બદલો પોતાના ગ્રાહકોને તા. ૧૨–૨–૯૩ એ વાળી આપવાની છે માટે તે વખતે તે કંપનીના શેર હોલ્ડરોએ પોતાના શેરો લઇ કંપનીના મકાનમાં હાજર થવું. શામલાલ આ ખુશ ખબર સાંભળી એકદમ ન્યુસ સુંદર પાસેથી લઈ વાંચવા મંડી ગયો અને સુંદરે કહેલી બીના ખરી પડવાથી ઘણોજ હરખમાં આવી ગયો અને સુંદરને સેંકડો બચ્ચીઓ હેતના ઉમળકાથી લેવા લાગ્યો એવામાં ગુલાબ કંઇ કારણસર મેડે આવી હતી તેને આ વાતની ખબર પડવાથી તે પણ અતીશય હરખમાં આવી ગઈ

અને હરખના ઉભરાતા હૈયે ઇશ્વરની હજારોવાર સ્તુતી કરવા લાગી. એવામાં અતીશય હરખના લીધે શામલાલને મુછા આવી તેને ગુલાબે ઘરમાંથી ગુલાબજળ લાવી છાંટયું સુંદર હાથમાં પંખો લઇ પીતૃભક્તિ કરવા લાગો એટલે થોડીવારે શામલાલ સચેત થયો. અને જાણે નવાજ જન્મમાંથી ઉઠયો હોય તેમ આશ્ચર્યથી સર્વના તરફ ધારી ધારીને જેવા લાગ્યો. અને ફરી ન્યુસ લઇને તે ફકરો વાંચ્યો તેની ખરીજ ખાત્રી થઇ કે ડાયમન્ડ બેંક સુધરી અને હવે તેને તેના રૂપીઆ પાછા મળે એમ છે ત્યારે તે શાંતી પામ્યો અને તેની ભ્રમના ભાગી ગઇ. એવામાં સાંજ પડી એટલે શામલાલ તથા સુંદર ન્હાઇ ધોઇ કુળદેવીની પુજા કરી જમવા બેઠા. અને કંસાર ઘી જમીને બાપ દીકરો સારાં સારાં વસ્ત્રો પહેરી મેળામાં ફરવા ગયા, એવામાં તેમને ડાકટર સામા મળ્યા. તેઓ તો શામલાલની એકદમ આવી સ્થિતિ જોઇ અચરત પામ્યા, છેવટે શામલાલે બેંકની ખબર આપી અને તેથી ડાકટરની ખાત્રી થઇ કે શામલાલની સ્થિતિ તેથીજ સુધરી છે .તેઓ ત્યાંથી સાથે સાથે મેળામાં ફર્યા. આ વખતે સુંદરને તેના પીતા શામલાલે તથા ડાકટરે કેટલાંક રમકડાં અપાવ્યાં તે લઇ સૌ ઘર તરફ પાછા વળ્યા. એવામાં ડાકટરે શામલાલ પાસે રજા માગી ત્યારે શામલાલે કહ્યું અરે! ચાલોની ડાકટર ઘેર તો ચાલો આજ આનંદનો દિવસ છે માટે પાન સોપારી તો ખાવા "દીડો સામલાલના આગ્રહથી ડાકટર તેના ઘેર ગયા ગુલાબે આ વખત સરવેને ફુલોથી વધાવ્યા અને પાણીનો લોટો તેમના માથેથી ઉતારી બહાર ઢોળી દીધો, અને સૌ દિવાનખાનામાં બેઠાં બેઠાં વાતો કરવા લાગ્યાં સુંદર પાન બનાવવા લાગ્યો. શામલાલ સોપારી કાતરતાં કાતરતાં બોલ્યો.

"ડાકટર મેં તો સોગન ખાધા છે કે આ વેંહેંચણી મ-ળ્યા પછી સરનો ભાવ ઉંચો આવે કે તરત સર વેચી નાખી નગદ રૂપીઆ ઘરમાં ગાંઠવા કારણ કે વધારે વ્યાજના લોભ-માં દુરથી નાસી આવેલા અજાણ્યા લોકો કે જેમનું ઠામ ઠેકા-ણું કે નામ જાત જાણ્યા વિના હજારો રૂપીઆ ધીરવા અને તે લોકો પારકા પૈસે હજારો રૂપીઆ પેંદા કરી પાછા સ્વદે-શમાં સટકી જાય તેના કરતાં હું તો પોતાના દેશના દેવાળી-આ માણસને તે રૂપીઆ ધીરવામાં ડહાપણ સમજાુું."

"હા તમારૂં કહેવું વ્યાજબી છે." ડાકટરે શામલાલનાં મતને ટેકો આપ્યો.

એવામાં સુદરે પટીઓ તૈયાર કરી ડાકટરને તથા શામલા-લને આપી અને પછી પોતે મેળામાંથી નવાં ખરીદી લાવેલાં રમકડાં ગોઠવવા મંડયો ઘણો વખત થવાથી ડાકટર પણ ઘર તરફ જવા ઉઠયા કારણ કે તેઓને રાત્રે જમવાનો રીવાજ હોવાથી જમવાનો પણ વખત થયેલો અને વળી રાત્રીની રો-શનાઈ જોવા જવું હતું. તેથી શામલાલ જો કે સેકન્ડ કરી એટલે સુંદર પણ દોડતો દોડતો આવી કહે કે કેમ ડાકટર સાહેબ મારી સાથે સેકન્ડ નહીં કરો કે?

"શા માટે નહી?" ડાકટરે હાથ આપતાં કહ્યું.

"કાલે પાછા આવજો હોકે?" સુંદરે સેકન્ડ આપતાં કહ્યું.

ડાકટર વારૂ કહી ચાલ્યા ગયા એટલે સુંદર પાછાં રમ-કડાં ગોઠવવામાં ગુંથાયો એવામાં ઘડીયાળમાં આઠ વાગ્યા કે તરત તે પડતુ મુકી દોડતો આવી કહેવા લાગ્યો કે બાપા, બાપા! ચાલોની! આઠતો વાગ્યા! રોશનાઇ જોવાનો વખત થયોની!

"હા બેટા ચાલો!" કહી શામલાલ સુંદરને આંગળીએ વળગાડી ઘરમાંથી બહાર નિકળ્યો.

બાપ દીકરાને આ સુખ અનુભવતું જોઈ ગુલાબ બારીના જોતી બેઠી. અને પ્રભુનો પાડ માનવા લાગી કે-હે જગદીશ્વર કૃપા નિધાન! તારી ગતીની બલીહારી છે! તું હરનીશ આ... આગળ મુખ અમને ભોગવવા ભાગ્યશાળી રાખજે!!!

સમાપ્ત.